વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ
(ISO 9001:2015 - Approval No. 00044220)

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

Vishv UMIYA Foundation
આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ

Published on - 01 November 2025 | ₹ 50-00
Editor- Prof. Dr. J. M. Panara | તંત્રી- પ્રો. ડો. જે. એમ. પનારા

એક વૈશ્વિક વિચારધારા




## 'વંદે માતરમ્' રાષ્ટ્રીયગીતની સાર્ધ શતાબ્દી...

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

**૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ**

**“આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ”**



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અધતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃદ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અધતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

# ELEVATING WOMEN'S HEALTH WITH INNOVATION & CARE

Mayflower Hospital is home to countless advancements in women's healthcare across endometriosis, obstetrics, fertility, dermatology, and beyond



## THE EXPERTISE OF OUR TEAM.

### Endometriosis Clinic
by Mayflower

World's best centre for advanced endometriosis diagnosis, laparoscopic excision surgeries and fertility-enhancing treatments.

### MAYFLOWER AESTHETICS

Effective skincare, pelvic floor rejuvenation and anti-ageing solutions backed by dermatologists and gynecologists.

### Fertility Solutions
by Mayflower

A unique, advanced egg and embryo freezing centre with world-class embryology labs and personalised protocols.

### Obstetrics Clinic
by Mayflower

24/7 pregnancy care with advanced fetal monitoring, painless delivery options, and expert perioperative support.

**85,000+** Surgeries

**1 Lac+** Happy women

**20,000+** Fertility Enhancing Surgeries

**21+** Years of Care

+91 6352 800 850 | care.mayflowerhospital.com | www.mayflowerhospital.com

# ઉમાસૃષ્ટિ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**નવેમ્બર ૦૧, ૨૦૨૫**
November 01, 2025
**વર્ષ :** ૦૪, Year : 04
**સળંગ અંક :** ૪૨ Issue : 42
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**Owner :** Vishv Umiya Foundation

ISO 9001





**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel





**તંત્રી -** પ્રો. ડો. જે. એમ. પનારા
**Editor -** Prof. Dr. J. M. Panara

**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી : Consultant**

પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ | પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ
Padmashri-Devendra Patel | Padmashri-Dr. Kumarpal Desai

| **સંપાદક મંડળ:** | **Editor Board :** |
|---|---|
| ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel |
| ડો. અશોક પટેલ | Dr. Ashok Patel |
| ડો. ઉત્પલ પટેલ | Dr. Utpal Patel |
| ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel |

**સહસંપાદક :**
ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

**કલાનિર્દેશક :**
રાજુ પ્રજાપતિ **Art Director :** Raju Prajapati



**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** umasrushti@vuf.org
**Mobile :** +91 7202080222/333

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham, Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road, Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar


વિશ્વ ઉમિયાધામ અમદાવાદ

# અનુક્રમણિકા

Vishv UMIYA Foundation


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર) | ૦૫ |
| ૨. | હિંદુ તહેવારો : વૈજ્ઞાનિક અભિગમ.. | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રી રામચરિતમાનસ કથાસાર | ડો. પ્રભુદાસભાઈ પટેલ | ૦૮ |
| ૪. | મીરાંનો સાધન - પથ | શ્રી ભાણદેવજી | ૦૯ |
| ૫. | શક્તિ ઉપાસના | પ્રજ્ઞા પટેલ 'પ્રાર્થી' | ૧૧ |
| ૬. | શિલ્પી : | પ્રો. ડો. જે. એમ. પનારા | ૧૪ |
| ૭. | વંદે માતરમ્ રાષ્ટ્રીયગીતની - સાર્ધ શતાબ્દીએ.... | પ્રા.હર્ષદભાઈ અને ઋત્વિબેન | ૧૫ |
| ૮. | કેળવણીની સાચી સમજ | ગુલાબભાઈ જાની | ૧૭ |
| ૯. | હકારાત્મક વિચારોનો જાદુ | મૌલિક સોની | ૧૯ |
| ૧૦. | નિશાળ, વિશાળ કેમ બને ? | ભાવેશભાઈ એમ. આખજા | ૨૦ |
| ૧૧. | મા તે મા, બીજા વગડાના વા | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૧ |
| ૧૨. | સ્ત્રી લક્ષ્મી છે | પ્રાગજીભાઈ પટેલ | ૨૩ |
| ૧૩. | સ્વયંને પ્રેમ કઈ રીતે કરવો ? | સુનીતા ડી. વ્યાસ | ૨૪ |
| ૧૪. | જિંદગીની ખુશીઓ.... | ડો. કુમારપાળ દેસાઈ | ૨૬ |
| ૧૫. | શું આપણે સૌ ભિખારી છીએ ? | ભદ્રાયુ વછરાજાની | ૨૮ |
| ૧૬. | આ તો સપનું છે સંસાર | ડો. ભાવેશ જેતપરિયા | ૨૯ |
| ૧૭. | શું લગ્નેતર સંબંધોનો ભસ્માસુર.... | રસિક પટેલ | ૩૧ |
| ૧૮. | મહારાષ્ટ્રના દર્શનીય સ્થળો | ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૩ |
| ૧૯. | સફળ જીવનનું રહસ્ય | સ્વામી વિવેકાનંદ | ૩૫ |
| ૨૦. | બાળકોનું સ્મિત જ છે તેમના ભવિષ્યની તંદુરસ્તીનો આધાર | ડો. દર્શિની વિક્રમ શાહ | ૩૭ |
| ૨૧. | પોલીઓ, ટાઈફોઈડ અને આરોગ્ય | ડો. જિતેન્દ્ર અઢિયા | ૩૯ |
| ૨૨. | "ભૂખ લાડ" સઘળે પડાવે આડ ! | હીરજી ભીંગરાડિયા | ૪૨ |
| ૨૩. | જગતનો તાત માતને મારવા મથી રહ્યો છે... | મિત પટેલ | ૪૪ |
| ૨૪. | હૂંફની કિંમત | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૫ |
| ૨૫. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૬ |
| ૨૬. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૮ |


⌘ ⌘ ⌘

## ધર્મ સૃષ્ટિ



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**न वा उ मां वृजने वारयन्ते न पर्वतासो यदहं मनस्ये ।**
**मम स्वनात्कृधुकर्णो भयात एवेदनु धून्किरणः समेजात ॥** (ઋગ્વેદ ૧૦/૨૭/૫)

**ભાવાર્થ :** હે મનુષ્યો ! તમારી આત્મવિશ્વાસની શક્તિ ખૂબ જ પ્રબળ છે. તમારા નિશ્ચયને કોઈ ડગાવી શકે નહિં. જ્યારે મોટા મોટા પર્વત જેવડા અવરોધો પણ તમારો રસ્તો રોકી શકે તેમ નથી ત્યારે સામાન્ય વિઘ્નોની તો શી વિસાત? હે મનુષ્યો ! તમે સૂર્ય કરતાંયે વધારે બળવાન છો.

**સંદેશ :** સંસારમાં જો કોઈ સૌથી મોટી શક્તિ હોય તો તે છે આત્મશક્તિ. આત્મશક્તિ સુષુપ્ત શક્તિઓને જાગૃત કરે છે, અતીન્દ્રિય ક્ષમતાને વિકસિત કરીને બહાર લાવે છે તથા ભૌતિકતાની, સમૃદ્ધિની વૃદ્ધિ કરવાની ક્ષમતા આપે છે. આત્મશક્તિના બળે જીવનના નિર્વાહની તમામ પ્રકારની પ્રવૃત્તિઓ થતી હોય છે. સુવિધા માટેની સામગ્રી પ્રાપ્ત કરવા માટે તથા તેનું સુનિયોજન કરવાનો શ્રેષ્ઠ માર્ગ આત્મશક્તિ દ્વારા જ નક્કી થાય છે. બુદ્ધિ દ્વારા તો માત્ર પોતાનું અથવા બીજા થોડાક મનુષ્યોનું ભલું કરવા માટેનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકાય છે પરંતુ આત્મબળની પ્રચંડ શક્તિ દ્વારા એવી પ્રખરતા પ્રાપ્ત કરી શકાય છે કે જેના દ્વારા માત્ર આપણું જ નહિં, પરંતુ સમગ્ર સંસારનું ઉત્થાન તથા ભલું કરવાનું શક્ય બને છે. સાધનોથી પૂર્ણ મનુષ્યમાં પણ જો આત્મબળનો અભાવ હશે તો તે સુખ ભોગવી શકશે નહિં, પરંતુ આત્મબળવાળો મનુષ્ય આ જીવનમાં જ સ્વર્ગમુક્તિનો પરમ આનંદ પ્રાપ્ત કરી લે છે અને પરમાત્માની સાથે એકરસતા સ્થાપીને નિરંતર જીવનના સાચા લક્ષ્ય તરફ આગળ વધતો રહે છે.



સામાન્ય રીતે આપણે બાહ્ય દૃષ્ટિથી માત્ર શરીરને જોઈને તેને જ સર્વસ્વ માની લઈએ છીએ, પરંતુ આપણું જીવન તો શરીર, પ્રાણ, મન, બુદ્ધિ અને આત્માના પાંચ કોષો દ્વારા નિર્માણ પામેલું છે. આ આત્મા પરબ્રહ્મ પરમાત્માનો અંશ છે અને હંમેશા નરમાંથી નારાયણ બનવા માટે પ્રયત્નશીલ રહે છે. આ સંસારને રચનારા વિરાટ પરમેશ્વરમાં જેટલી શક્તિ છે તેટલી જ શક્તિ આપણા આત્માં રહેલી છે. આ હકીકત પર વિશ્વાસ કરવો તેને જ આત્મવિશ્વાસ કહેવામાં આવે છે. આત્મવિશ્વાસની ગરિમાથી પરિપૂર્ણ મનુષ્ય એકવાર જો નિર્ણય કરી લે, તો પછી સંસારની કોઈ શક્તિ તેને ડગાવી શકતી નથી.

આત્મવિશ્વાસના પ્રચંડ બળે જ હનુમાનજીએ સમુદ્ર ઓળંગી દીધો હતો. આત્મવિશ્વાસ જાગૃત થવાને કારણે જ અર્જુને મહાભારતના યુદ્ધમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. વર્તમાન સમયમાં માનવીની જેટલી પણ સફળતાઓ છે તે માનવીની દૃઢ અને પ્રબળ ઈચ્છાશક્તિનું જ પરિણામ છે. મનુષ્ય હિમાલયની ટોચ પર પહોંચી ગયો છે, આકાશમાં ઊડવા લાગ્યો છે, સમુદ્રને તળિયે જઈને શોધખોળ કરી રહ્યો છે. આ બધુ માત્ર તેના આત્મવિશ્વાસની પ્રબળ શક્તિનો જ ચમત્કાર છે.

સમસ્યા તો માત્ર એક જ છે કે માનવી ન તો પોતાના આત્માને ઓળખી શક્યો છે કે ન પરમાત્માને. તે સાંસરિક સુવર્ણમૃગની પાછળ ભટકતો થઈ ગયો છે અને દુઃખો ભોગવે છે, પરંતુ આત્મા અને પરમાત્માના એ પરમ સત્યને જાણવાનો પ્રયત્ન નથી કરતો. મોટાભાગના મનુષ્યોને તો આત્મા અને પરમાત્માનો ક્યારેય આભાસ પણ થતો નથી. આ જાગૃતિ લાવવાનું મુખ્ય સાધન કયું છે ? આપણા આત્માની પ્રચંડ શક્તિને ઓળખીને તેની ઊર્જા દ્વારા આપણી તથા સંસારની સુખસમૃદ્ધિમાં વધારો કરવાનો સાચો માર્ગ કયો છે ? તે માર્ગ છે માત્ર ઈશ્વરીય સત્તામાં પરમ વિશ્વાસ, આ વિશ્વાસ દૃઢ થઈ જવાથી આપણે હંમેશા આપણા આત્મામાં જ પરમેશ્વર સમાયેલો છે તેવો અનુભવ થતો રહે છે. તેની હાજરી આપણને આપોઆપ જ સત્કર્મો કરવાની પ્રેરણા આપતી રહે છે. ■

## પ્રમુખશ્રીની કલમે

# હિંદુ તહેવારો : વૈજ્ઞાનિક અભિગમ સામાજિક સંબંધો અને એકતાના પર્વનો ત્રિવેણી સંગમ



ભારતની ધરતી તહેવારોની ધરતી છે, અહીં વિવિધ પંથ અને સંપ્રદાયના લોકો પોતાની પરંપરાઓ અને આસ્થાઓ મુજબ તહેવારો ઉજવે છે. અહીં વિવિધ ધર્મો અને સંસ્કૃતિના લોકો વસે છે. આ વિવિધતા જ દેશની સૌથી મોટી શક્તિ છે. ધાર્મિક તહેવારો આપણા દેશની સંસ્કૃતિની કરોડરજ્જુ સમાન છે. તે માત્ર ધાર્મિક આસ્થાનું પ્રતીક નથી, સામાજિક સંબંધો અને રાષ્ટ્રીય એકતાને મજબુત કરવાનું શક્તિશાળી માધ્યમ છે. તહેવારો માત્ર વિધિ-વિધાનો સુધી મર્યાદિત નથી, પરંતુ સમાજજીવનમાં પ્રેમ, સૌહાર્દ, એકતા અને સહજીવનના સૂત્રો ગૂંથવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દરેક તહેવાર આપણને દેવપૂજનની સાથે માનવ મૂલ્યોની પૂજા કરવાનું પણ શીખવે છે.

તહેવારોનો ધાર્મિક અર્થ અને માનવીય સંદેશ : દરેક તહેવારની પાછળ કોઈ ન કોઈ વૈજ્ઞાનિક અભિગમ, ધાર્મિક પૃષ્ઠભૂમિ અને આદર્શ રહેલો છે. દિવાળી પ્રકાશનો તહેવાર છે, જે અજ્ઞાનના અંધકાર ઉપર જ્ઞાનના પ્રકાશનો વિજય દર્શાવે છે. હોળી રાગ-દ્વેષના દહનનું પ્રતીક છે. જ્યાં પ્રહલાદની ભક્તિ અને હિરણ્યકશ્યપના અહંકાર વચ્ચેની લડતમાં સત્યની જીત થાય છે. રક્ષાબંધન ભાઈ-બહેનના પવિત્ર સંબંધનું સ્મરણ કરાવે છે. જ્યારે જન્માષ્ટમી ભગવાન શ્રી કૃષ્ણના અવતરણથી ધર્મના પુન:સ્થાપનનો સંદેશ આપે છે. અંગ્રેજો સામે લડવા માટે લોકમાન્ય બાલ ગંગાધર તિલકની પ્રેરણાથી ૧૮૯૩માં ગણેશોત્સવની ઉજવણી શરૂ થઈ હતી. એજ રીતે શ્રાવણમાસ, નવરાત્રિ તથા દશેરાની ઉજવણી પણ વિશ્વ સંદેશ સાથે સામાજિક એકતાને નવો આયામ આપે છે.

આ રીતે તહેવારો ધર્મની ભાવનાને જીવંત રાખીને માનવતાના આદર્શોને પ્રસ્થાપિત કરે છે. તેઓ આપણા આત્મિક જીવનને જાગૃત રાખે છે અને ભક્તિ, સેવા તથા સદાચારના પથ પર ચાલવા પ્રેરિત કરે છે. ધાર્મિક તહેવારો પેઢી દર પેઢી આપણી સંસ્કૃતિ અને વારસાને જીવંત રાખે છે, તહેવારો આપણી પરંપરાઓનું સંવર્ધન તો કરે છે સાથે સાથે આપણને નૈતિક મૂલ્યોનું શિક્ષણ પણ આપે છે.

**સામાજિક સંબંધોની મજબૂતી :** તહેવારોની સામાજિક ભૂમિકા ધાર્મિક ભૂમિકા કરતાં ઓછી મહત્વની નથી. તહેવારો સમાજમાં સહકાર, સદ્ભાવના, એકતા અને આત્મીયતા વધારે છે. ધાર્મિક તહેવારો સામાજિક જીવનનું અવિભાજ્ય અંગ છે.

**સામૂહિક ઉજવણી :** મોટાભાગના તહેવારોની ઉજવણી સામૂહિક હોય છે. ગણેશ ચતુર્થી, દુર્ગાપૂજાના પંડાલ કે પછી નવરાત્રિના રાસ-ગરબાનું આયોજન હોય, લોકો એક સાથે મળીને કામ કરે છે. જે સામુદાયિક એકતા અને ભાવનાને મજબુત કરે છે.

**સંબંધોનું પુનર્જીવન :** તહેવારો નિમિત્તે દૂર રહેલા સગાં-સંબંધીઓ અને મિત્રો એકબીજાના ઘરે મુલાકાત લે છે. આ મુલાકાતો અને ભેગા થવાથી સંબંધોમાં આવેલી શિથિલતા દૂર થાય છે. તહેવારો સમાજને એક મજબૂત એકમ તરીકે બાંધી રાખે છે. કોઈ સમયે તહેવારો લોકોને એકબીજાના સુખ-દુખમાં જોડતા માધ્યમ બને છે. તહેવારો સામાજિક સમરસતાનો સેતુ બનાવે છે. વિવિધ જાતિ, ધર્મ, ભાષા અને વર્ગના લોકો સાથે મળીને તહેવાર ઉજવે છે. તૂટેલાં સંબંધો તહેવારોની ઉજવણીના કારણે ફરીથી સંધાઈ જાય છે. જેનાથી ભેદભાવની દિવાલો તૂટે છે. સનાતની અને રાષ્ટ્રની એકતા મજબૂત બનાવે છે.

**સહજીવનનો પાઠ :** તહેવારો માણસને 'હું' માંથી 'અમે' તરફ લઈ જાય છે. જ્યારે આખું ગામ કે શહેર કોઈ તહેવારની ઉજવણીમાં એક સાથે જોડાય છે. ત્યારે વ્યક્તિગત અહંકાર ઓગળી જાય છે અને સામૂહિક ભાવનાનો ઉદય થાય છે. આ સહજીવનની સંસ્કૃતિ જ આપણા દેશની સૌથી મોટી શક્તિ છે.

**વિવિધતામાં એકતા :** ભારત એક વૈવિધ્યતા સભર દેશ છે. અહીં અનેક ભાષાઓ, ધર્મો, પંથો, પરંપરાઓ અને સંસ્કૃતિઓ છે. છતાં પણ આપણી એકતાનો આધાર તહેવાર પર ટકેલો છે. દિવાળી, ઈદ, ક્રિસમસ કે પોંગલ - દરેક તહેવાર દરેક ધર્મના લોકો આનંદથી ઉજવે છે. જ્યારે કોઈ ધાર્મિક તહેવાર ઉજવાય છે, ત્યારે સમગ્ર સમાજ એક જ રંગમાં રંગાઈ જાય છે. એ તહેવાર માત્ર એક ધર્મની ઉજવણી રહેતો નથી, પરંતુ સમસ્ત સમાજની સંસ્કૃતિનો ઉત્સવ બની જાય છે. તહેવારો આપણને શીખવે છે કે એકબીજાની પરંપરાઓનું સન્માન કરવું એ જ સાચી રાષ્ટ્ર ભક્તિ છે. આવા પ્રસંગો પર લોકો વચ્ચેના ભેદભાવ ઓગળી જાય છે અને સૌમાં સહકારની ભાવના વિકસે છે. તહેવારો આપણને ધાર્મિક સહિષ્ણુતા શીખવે છે. હોળી પર એકબીજાને રંગ લગાવતી વખતે કોઈ જ્ઞાતિ કે ધર્મનો ભેદ રહેતો નથી. મુસ્લિમ પરિવારો દિવાળીની શુભકામનાઓ પાઠવે છે અને હિંદુ પરિવારો ઈદની શુભેચ્છાઓ આપે છે. પારસીઓની પતેતી અને શીખોની ગુરુ નાનક જયંતી પણ સમાન આદર સાથે ઉજવાય છે. ઘણા પ્રાદેશિક તહેવારોએ રાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કર્યું છે જેમ કે, મહારાષ્ટ્રમાં શરૂ થયેલી ગણેશ ચતુર્થીની સામૂહિક ઉજવણી હવે દેશના અનેક રાજ્યોમાં મોટા પાયે ઉજવાય છે. આ સમાવેશક્તાની ભાવના લોકોને એકબીજાની સંસ્કૃતિને સમજવામાં, સ્વીકારવામાં અને રાષ્ટ્ર ભાવનાને વધારવામાં મદદ કરે છે.

**આર્થિક અને સામાજિક પ્રગતિમાં યોગદાન :** ધાર્મિક તહેવારો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઉર્જા ઉપરાંત આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ આપે છે. હાટ-બજાર, હસ્તકલા, વસ્ત્ર, મીઠાઈ, ફૂલ પૂજા-સામગ્રી અને વિવિધ ઉત્પાદનોનું વેચાણ વધે છે. લોકજીવનમાં ઉત્સાહ, રોજગારી અને સહકારની લાગણી જન્મે છે. નાના વેપારીઓ અને કારીગરોને રોજગાર મળે છે. ધાર્મિક તહેવારો રાજ્ય તથા દેશના અર્થતંત્રને ગતિ આપે છે. તહેવારો દાન, સેવા અને પરોપકારની ભાવના વધારવામાં મદદરૂપ બને છે. દિવાળીએ લોકો ગરીબોને કપડાં અને મીઠાઈ આપે છે. આ બધી પરંપરા સમાજને વધુ માનવતાવાદી, સંવેદનશીલ અને સહાનુભૂતિશીલ બનાવે છે.

**તહેવારોમાં આધુનિકતાનો સ્પર્શ :** આજના યુગમાં તહેવારોના સ્વરૂપમાં થોડાં પરવિર્તન આવ્યા છે. નવી પેઢી તહેવારોને આધુનિક દૃષ્ટિકોણથી ઉજવે છે. સોશિયલ મીડિયા પર શુભેચ્છા મોકલવી, ઈકો-ફ્રેન્ડલી રીતે તહેવાર ઉજવવો, સમાજસેવાના કાર્યક્રમો યોજવા જેવી નવી પરંપરાઓ જન્મી રહી છે. આ પરિવર્તન સકારાત્મક છે અને તે તહેવારો મૂળ મૂલ્યોને સ્પર્શે છે. પરંતુ સાથે એ પણ જરૂરી છે કે તહેવારોનું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વ ભૂલાય નહીં. તહેવારો યુવા પેઢીને સામાજિક ક્ષેત્રે પોતાનું યોગદાન આપવામાં પ્રેરક બળ બની જાય છે. તહેવારોનું સાચું સૌંદર્ય તેમાં છે કે તે માણસને માણસ સાથે જોડે, કુટુંબને એક સાથે લાવે અને સમગ્ર સમાજમાં એકતા સ્થાપિત કરે.

**માનસિક શાંતિ અને ઉત્સાહ :** રોજિંદા શ્રમ અને અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી બહાર નીકળીને તહેવારો લોકોના મનમાં આનંદ, ઉત્સાહ અને શાંતિ લાવે છે. તે જીવન જીવવા માટે સંજીવનીનું કામ કરે છે. તહેવારો આપણને નવી શરૂઆત કરવા માટે પ્રેરણા આપે છે અને વ્યક્તિગત આસ્થા, પારિવારિક પ્રેમ અને સામુદાયિક એકતાના અજોડ સંગમનું સર્જન કરે છે.

**સમાપન :** ધાર્મિક તહેવારો માત્ર ધાર્મિક વિધિઓનો સમૂહ નથી, પરંતુ એ સહકાર, પ્રેમ અને એકતાનો સંદેશ લાવે છે, અને અપણને યાદ અપાવે છે કે વિવિધતામાં એકતા જ ભારતની ઓળખ છે. જ્યાં તહેવારો ઉજવાય છે ત્યાં વિવાદો ઓગળે છે, દુઃખો ભૂલાય છે અને માનવતા ફૂલે છે. આ તહેવારો ભારતીય સમાજમાં પ્રેમ, શાંતિ, સદ્‌ભાવના અને એકતાના દીવડા પ્રગટાવવાનું કાર્ય સતત કરે છે અને આપણી સંસ્કૃતિને મજબૂત આધાર પૂરો પાડે છે. ધાર્મિક તહેવારો માત્ર ઉજવણીના દિવસો નથી, પણ માનવતાના મૂલ્યો અને સામાજિક સૌહાર્દને ઉજાગર કરતા એકતાના પર્વ છે, તો ચાલો દરેક તહેવારમાં આપણે માનવતા અને એકતાનો દીપ પ્રગટાવીએ કારણ કે જ્યાં મનુષ્ય મનુષ્યને મળે છે, ત્યાં જ સાચો તહેવાર ઉજવાય છે અને રાષ્ટ્ર મજબૂત બને છે.

અંતમાં યાદ રહે કે, આપણા તહેવારો એ સનાતનીઓની એકતા માટેનું જાગરણ છે દરેક તહેવાર આપણને સંગઠિત થવાનું, સચેત રહેવાનું અને શક્તિનું પ્લેટફોર્મ બનાવવાનું કાર્ય કરે છે કે કોઈપણ સંજોગોમાં આપણને સ્થિત કરે છે.

## નૂતન વર્ષાભિનંદન

સંસ્થાના હોદ્દેદારોશ્રીઓ, સૌ ટ્રસ્ટી મિત્રો, દાતાશ્રીઓ, સંગઠનની તમામ પાંખના હોદ્દેરાશ્રીઓ - સભ્યો, વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ, સમયદાતાશ્રીઓ, કર્મયોગી મિત્રો તથા સૌ શુભેચ્છક ભાઈઓ-બહેનોને નવાવર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. તથા આપ સૌની સુખ-સમૃદ્ધિ, શાંતિ અને આરોગ્ય માટે જગતજનની મા ઉમિયાના ચરણોમાં મારી પ્રાર્થના છે.

**આર. પી. પટેલ, પ્રણેતા એવમ્ પ્રમુખ**
**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ**

# ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડૉ. પ્રભુદાસ પટેલ**
શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ
તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને
જાણીતા કેળવણીકાર

# શ્રી રામચરિતમાનસ કથાસાર

## ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ

**પૂર્વકથા :** કૈકેયીના કૃત્યથી બધા અયોધ્યાવાસીઓ ખીજાયા છે. આ પાપીણીને શું સૂઝ્યું કે ઘરમાં આગ ચાંપી દીધી ! કવિ કહે છે પોતાનો પડછાયો કદાચ પકડી શકાય, પણ ભાઈ! સ્ત્રીઓની ચાલ નથી ઓળખી શકાતી.

**હવે આગળ :**

चंदु चवै बरु अनल कन
सुधा होइ बिषतूल ।
सपनेहुँ न करहिं किछु
भरतु राम प्रतिकूल ॥

ચંદ્રમા ભલે શીતળતાને બદલે અગ્નિકણો વરસાવવા લાગે, પરંતુ ભરતજી ક્યારેય શ્રી રામચંદ્રજીની વિરુદ્ધ કંઈ નહિં કરે. નગર આખામાં ખળભળાટ મચી ગયો છે. આનંદ ઉત્સાહ મટી ગયો છે. બધાના હૃદયમાં બળતરા થઈ રહી છે.

भरतु न मोहि प्रिय राम समाना ।
सदा कहहु यहु सबु जगु जाना ॥

સ્ત્રીઓ કહે છે કૈકેયીને કે તમે તો કહેતા હતાં કે રામચંદ્રજી સમાન મને ભરત પણ પ્રિય નથી. આ વાત આખું જગત જાણે છે. તો આજે ક્યા અપરાધે એમને વન આપો છો? કૌશલ્યાએ તમારું શું બગાડી નાંખ્યું છે ? જેના કારણે તમે સમસ્ત નગર પર વ્રજ નાખી દીધું?

अस बिचारी उर छाडहु कोहू ।
सोक कलंक कोठि जनि होहू ॥

આગળ કહે છે, ભરતને યુવરાજ પદ અવશ્ય આપો; પરંતુ શ્રી રામચંદ્રજીને વનમાં શું કામ છે? શ્રી રામજી રાજ્યના ભૂખ્યા નથી. તમે રાજા પાસેથી એવું વરદાન લઈ લો કે શ્રી રામ ઘર છોડીને ગુરુના ઘરે રહે. શ્રી રામ જેવો પુત્ર શું વનમાં જવાને યોગ્ય છે?

उतरु न देइ दुसह रिस रुखी ।
मृगिन्ह चितव जनु बाधिनि भूखी ॥

કૈકેયી કોઈ ઉત્તર આપતી નથી. સખીઓ તેને મંદબુદ્ધિ, અભાગણી કહેતાં કહેતાં ચાલી નીકળી. નગરમાં બધાં સ્ત્રી-પુરુષો વિલાપ કરી રહ્યાં છે. કૈકેયીને દુષ્ટ ચાલ ચાલનારી કહીને કરોડો ગાળો આપી રહ્યાં છે.

अति बिषाद बस लोग लोगाईं।
गए मातु पहिं रामु गोसाईं ॥

શ્રી રામચંદ્રજી માતા કૌશલ્યા પાસે ગયા. તેમનું મુખ પ્રસન્ન છે. શોક નષ્ટ થઈ ગયો છે. વનમાં જવાનું છે આ સાંભળીને પોતાને બંધનમાંથી છૂટ્યા જાણીને હૃદયમાં આનંદ વધી ગયો છે. શ્રી રામજીએ બે હાથ જોડીને માતાના ચરણોમાં શીશ નમાવ્યું. માતાએ આશીર્વાદ આપ્યા.



तात जाउँ बलि बेगि नहाहू ।
जो मन भाव मधुर कछु खाहू ॥

હે તાત ! હું ઓવારણાં લઉં છું. તમે જલદી નાહી લો અને જે મનને ગમે તે થોડી મીઠાઈ ખાઈ લો. હે લાલ ! પછી પિતાની પાસે જજો. માતાનાં અત્યંત અનુકૂળ વચનો સાંભળીને ધર્મધુરંધર શ્રી રામચંદ્રજી માતાને અત્યંત કોમળ વાણીથી કહ્યું.

आयसु देहि मुदित मन माता ।
जेहि मुद मंगल कानन जाता ॥

હે માતા ! તું પ્રસન્ન મનથી મને આજ્ઞા આપો. જેથી મારી વનયાત્રામાં આનંદ-મંગળ થાય. મારા સ્નેહને વશ થઈને ભૂલેચૂકે પણ ડરશો નહિં. હે માતા ! તારી કૃપાથી આનંદ જ થશે. ચૌદ વર્ષ વનમાં રહીને પિતાજીનાં વચનો પૂરાં કરી પાછો આવીને તારાં ચરણોનું દર્શન કરીશ.

(ક્રમશઃ આવતા અંકમાં)

## ધર્મ સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# મીરાંનો સાધન - પથ

મેરે પિયા મૈં કછુ જાનત નાહીં।
મૈં તો ચુપ ચુપ ચાહ રહી ॥
મેરે પિયા તુમ કિતને સુહાવન।
તુમ બરસો જયમ મેહા સાવન ॥
મેરે પિયા, તુમ અમર સુહાગી।
તુમ પાયે મૈં બહુત બડ ભાગી ॥
મૈં તો પલ પલ બ્યાહ રહી।
મૈં તો ચુપ ચુપ ચાહ રહી ॥



મીરાંનો સાધનપથ સોપાનબદ્ધ નથી, શ્રેણીબદ્ધ નથી. મીરાંના સાધનપથની શાસ્ત્રીય આલોચના અતિ કઠિન છે. મીરાંનો સાધનપથ અશાસ્ત્રીય નથી, પરંતુ શાસ્ત્રાતીત છે. આટલી ભૂમિકા સમજીને આપણે મીરાંના સાધનપથને સમજવાનો પ્રયત્ન કરીએ.

મીરાંના સાધનપથમાં ઘણી લાક્ષણિકતાઓ છે. આ સાધનપથની લાક્ષણિકતાઓ સમજ્યા વિના તેના સ્વરૂપ સમજી શકાય તેમ નથી, તેથી પ્રથમ આપણે મીરાંના સાધનપથની લાક્ષણિકતાઓ સમજી લેવી જોઈએ.

**૧. અધ્યાત્મપથનાં બે સ્વરૂપો છે. - પિપીલિકા - માર્ગ અને વિહંગ - માર્ગ.**

એકએક પગલું ચોક્સાઈપૂર્વક મૂકીને ક્રમબદ્ધ આગળ વધવાનો અધ્યાત્મપથ, તે પિપીલિકા - માર્ગ છે. ક્રમબદ્ધતાની સોપાન શ્રેણી છોડીને છલાંગ મારીને કે ઊડીને આગળ વધવાનો માર્ગ વિહંગ-માર્ગ છે.

મીરાંનો અધ્યાત્મપથ વિહંગમાર્ગ છે. મીરાં કૃષ્ણપ્રેમની પાંખે ઊડીને સીધાં જ કૃષ્ણ પાસે પહોંચી જાય છે. મીરાં છલાંગ મારીને અધ્યાત્મગઢ સર કરી લે તેવાં વીર સાધિકા છે.

હઠયોગ, રાજયોગ આદિ સાધનમાર્ગો સોપાનબદ્ધ સાધનમાર્ગો. સમગ્ર અધ્યાત્મપથનો નકશો સમજીને સાધક સોપાનક્રમે પ્રગતિ કરતો-કરતો અંતિમ લક્ષ્યે પહોંચે છે. પરંતુ મીરાનું તો પોત જ જુદું છે. અધ્યાત્મનું પણ એક શાસ્ત્ર છે, પરંતુ મીરાં જુદી જ માટીથી ઘડાયેલાં છે. મીરાંના આતમપંખીની ઉડ્ડયનક્ષમતા અસાધારણ છે, તેથી મીરાંની સાધના ગતાનુગતિક નથી.

ધરતી પર માનવો ચાલે છે, તેમનાં પગલાં પડે છે, તેમાંથી પગદંડી અને પછી રસ્તો પણ રચાય છે. પરંતુ આકાશમાં પક્ષીઓ ઊડે છે, તેમનાં પગલાં પડતાં નથી, તેમની કોઈ પગદંડી રચાતી નથી, અને છતાં પક્ષીઓ પોતાના ગંતવ્યવસ્થાને પહોંચે છે. આવા સ્વરૂપનો મીરાનો માર્ગ છે, તેથી મીરાંના અધ્યાત્મપથના સ્વરૂપને સમજવાનું કાર્ય કઠિન બની ગયું છે.

**૨. મીરાં ભક્તિમાર્ગી અધ્યાત્મપથિક છે,** તે તો સ્પષ્ટ છે. ભક્તિનાં બે વિશાળ પ્રકારો કે સ્વરૂપો છે. વૈધી ભક્તિ અને પ્રેમલક્ષણા-ભક્તિ. વૈધી ભક્તિમાં વિધિ પ્રધાન છે અને તે ભક્તિનું પ્રારંભિક સ્વરૂપ છે. પ્રેમલક્ષણા ભક્તિ તેના નામ પ્રમાણે પ્રેમસ્વરૂપિણી છે. આ ભક્તિમાં વિધિ નહિ, પણ પ્રીતિ પ્રધાન છે. સામાન્ય ક્રમ એવો છે કે વૈધી ભક્તિના પર્યાપ્ત અનુશીલ નથી ભગવત્પ્રેમની પ્રાપ્તિ થાય છે અને ભક્તનો પ્રેમલક્ષણા ભક્તિમાં પ્રવેશ થાય છે. પરંતુ સામાન્ય ક્રમને અનુસરે તો - તો મીરાં શાનાં ? મીરાંને પ્રારંભથી જ કૃષ્ણપ્રેમ પ્રાપ્ત છે, તેથી મીરાં પ્રારંભથી જ પ્રેમલક્ષણા ભક્તિનાં અધિકારિણી છે.

મીરાંએ વૈધી ભક્તિનું અનુસરણ કર્યું જ નથી, એમ તો નહિ, પરંતુ વૈધી ભક્તિના અનુસરણ દ્વારા અને તેવા અનુસરણ પછી મીરાંને પ્રેમલક્ષણા ભક્તિની પ્રાપ્તિ થઈ છે, તેમ પણ નહિં. મીરાંના જીવનમાં વૈધી ભક્તિનું અનુસરણ જોવા મળે છે, તે તો મીરાંના મનની મોજ છે અને મીરાંના પ્રેમની અભિવ્યક્તિ છે.

પ્રેમલક્ષણા ભક્તિની પ્રાપ્તિ મીરાંને પ્રથમ પગલે થઈ છે. અને છતાં મનની મોજ કે ભાવની અભિવ્યક્તિ ખાતર મીરાંએ ક્વચિત્ વૈધી ભક્તિનું અનુસરણ પણ કર્યું છે.

૩. અધ્યાત્મપથનો સામાન્ય ક્રમ એવો છે કે સાધક સાધના કરે છે, અર્થાત્ દીર્ઘકાળ પર્યંત અધ્યાત્મપથ પર ચાલે છે, અને અંતે તેને ભગવત્પ્રાપ્તિ થાય છે. ભગવત્પ્રાપ્તિ તો સિદ્ધિ છે અને સાધનાને અંતે પ્રાપ્ત થાય છે. પરંતુ આ તો સામાન્ય ક્રમ છે. મીરાં તો જન્મથી જ અસામાન્ય છે. મીરાંને પ્રથમ કૃષ્ણપ્રાપ્તિ થઈ છે. મીરાંને બાલવયે પ્રારંભમાં જ શ્રીકૃષ્ણદર્શન થયાં અને પછી મીરાંના સાધનાક્રમનો પ્રારંભ થયો છે. પહેલા સિધ્ધિ અને પછી સાધના, પહેલા ભગવદ દર્શન અને પછી તેની શોધ, આવો અનેરો મીરાંનો અધ્યાત્મપથ છે.

સામાન્ય ક્રમ એવો છે કે પહેલાં વિરહ અને પછી મિલન હોય છે, પરંતુ મીરાંને પહેલાં મિલન અને પછી વિરહ છે. મીરાંને મિલનોત્તર વિરહ થાય છે.

# ધર્મ સૃષ્ટિ

સામાન્ય ક્રમ એવો છે કે પહેલાં ફૂલ અને પછી ફળ આવે છે. મીરાં માટેનો ક્રમ જુદો છે. મીરાંના અધ્યાત્મજીવનમાં ફળ પહેલાં આવે છે અને ફૂલ પછી આવે છે.

મીરાંનો કૃષ્ણ પ્રત્યેનો પરમ ઉત્કૃષ્ટ પ્રેમ, મીરાંનો જ્વલંત વિરહભાવ, મીરાંની અવિચલ શ્રદ્ધા, મીરાંની અખંડ સાધનધારા - આ બધું ત્યારે જ શક્ય બને જો મીરાંને કૃષ્ણનો કાંઈક અનુભવ હોય. માત્ર કોરી પાટી હોય તો આવી ઉન્નત અવસ્થા ઘટી શકે નહિ. મીરાંને બહુ નાની વયે શ્રીકૃષ્ણનો અનુભવ થયો છે, એટલું જ નહિ, પરંતુ મીરાંને શ્રીકૃષ્ણના વિરહ-મિલન-દર્શન-અંતર્ધાનના અનુભવોની ઘટમાળ સતત અનુભવાતી રહી છે, તેથી આપણે એમ કહીએ છીએ કે મીરાંના અધ્યાત્મજીવનમાં પહેલાં ફળ આવ્યાં અને પછી ફૂલ!

**૪. ઠાકુર શ્રી રામકૃષ્ણદેવ કહેતા કે** ભગવાન જ્યારે અવતારૂપે પૃથ્વી પર આવે છે, ત્યારે ભગવાનની સાથે તેમના પરિકરોનો સમૂહ પણ આવે છે. આ નિત્ય-પરિકરોનો વર્ગ નિત્યસિદ્ધોનો કે ઈશ્વર-કોટિનો ગણાય છે. આ જીવોની તો જાત જ જુદી છે. તેમની સાધના તો સિદ્ધની સાધના છે. આવા જીવો અસાધારણ યોગ્યતાવાન જીવો ગણાય છે. અધ્યાત્મપથના સામાન્ય નિયમોથી તેઓ પર હોય છે અને અધ્યાત્મપથના સામાન્ય નિયમોનું તેમના જીવનમાં અતિક્રમણ જોવા મળે છે.

મીરાં ભગવાનનાં નિત્યપરિકર છે, તેથી ઈશ્વર કોટિ જીવ છે, તેથી જીવનના અને અધ્યાત્મના અનેક નિયમોનું તેમના જીવનમાં અતિક્રમમણ કે વિશિષ્ટ વિનિયોગ જોવા મળે છે.

મીરાંનાં આ વિશિષ્ટ સ્વરૂપ, વિશિષ્ટ યોગ્યતા, વિશિષ્ટ સ્થાનને ધ્યાનમાં લીધા વિના આપણે મીરાંના સાધના પથને સમજી શકીએ નહિં. તેથી આ લાક્ષણિકતાઓને સતત દ્રષ્ટિ સમક્ષ રાખીને હવે આપણે મીરાંના અધ્યાત્મસાધનને સમજવાનો પ્રયત્ન કરીએ.

મીરાં કોઈ સંપ્રદાયમાં દીક્ષિત નથી કે કોઈ ગુરુનાં વિધિવત શિષ્યા બન્યા નથી. પોતાના અંતરમાં બેઠેલા શ્રીકૃષ્ણે તેમને જે દોરવણી આપે તે પ્રમાણે મીરાંનાં જીવનનું અને અધ્યાત્મસાધનનું વહન થયું છે.

મીરાંનું અધ્યાત્મસાધન પણ આંતરિક માર્ગદર્શન પ્રમાણે સહજ-સરલ-ભાવે થયું છે. હવે આપણે જોઈએ કે મીરાંએ ક્યા ક્યા અધ્યાત્મસાધનનું કઈ રીતે અનુષ્ઠાન કર્યું છે.

**૧. અભીપ્સા : અભીપ્સા એટલે ભગવત્પ્રાપ્તિની તીવ્ર ઝંખના.** યથાર્થ અભીપ્સા અધ્યાત્મપથનો પાયો છે, અધ્યાત્મરથને ગતિ આપનાર શક્તિ છે. અભીપ્સા વિનાની સાધના કાળાંતરે મંદ બની જાય છે. અભીપ્સા તો સાધનાનો પ્રાણ છે. અભીપ્સા સાધકને અધ્યાત્મપથ પર મૂકે છે. અભીપ્સા સાધકને અધ્યાત્મપથ પર ચલાવે છે. અભીપ્સા સાધનાને વેગ આપે છે અને આખરે અભીપ્સા જ સાધકને ભગવાન સુધી પહોંચાડે છે.

બીજું કોઈ સાધન ન હોય, પણ અભીપ્સા હોય, તો બીજા સાધનો અને યોગ્યતા આવી જાય છે. પરંતુ બીજા સાધનો હોય, પરંતુ અભીપ્સા ન હોય, તો બીજાં સાધનો નિષ્ફળ બની જાય છે.

મીરાંબાઈ તો અભીપ્સાની જાણે જીવંત અને જ્વલંત મૂર્તિ છે. જ્ઞાનેશ્વર મહારાજને કોઈ કે પ્રશ્ન પૂછ્યો :

"મહારાજ ! આપ આ મહાચૈતન્યને કેવી રીતે પામ્યા ? શું કરવાથી આ પરમ ઘટના ઘટી ?"

જ્ઞાનેશ્વર મહારાજે ઉત્તર આપ્યો : "શું કર્યું છે, એમ ન પૂછો, ભાઈ ! શું નથી કર્યું, એમ પૂછો !"

પરમને પામવા માટે જ્ઞાનેશ્વર મહારાજે સાધનામાં કાંઈ મણા ન રાખી. ત્યારે ઉપાય છે સાધન - સંનિષ્ઠ સાધન ! પરંતુ સાધન થાય કેવી રીતે ? ક્યું એવું પ્રેરકબળ છે, જે સાધન કરાવે છે ? **સર્વ સાધનાઓનું પ્રેરકબળ અને સર્વ સાધનાઓની સાધના છે - અભીપ્સા.** પરમાત્માની પ્રાપ્તિ માટે સાધકો એ શું - શું નથી કર્યું ? શું - શું નથી સહ્યું ? આ બધું કોના બળ પર ? કોની શક્તિથી ? અભીપ્સાના બળ પર, અભીપ્સાની શક્તિથી. પરમાત્માને પામવાનો ચાવીરૂપ ઉપાય છે. પરમાત્માને પામવાની જ્વલંત અભીપ્સા !

મીરાંની અભીપ્સા અગ્નિશિખા જેવી જ્વલંત છે. અભીપ્સાના તીવ્રતાને કારણે મીરાં પોતે જ એક અગ્નિશિખા બની ગયાં છે. પરમાત્માથી વિખૂટો પડી ગયેલો જીવ ફરીથી પોતાના નિજસ્વરૂપ પરમાત્માને પામવા આતુર રહે છે. આ આતુરતા તે જ અભીપ્સા છે.

અભીપ્સા = અભિ + ઈપ્સા. ઈપ્સા એટલે મેળવવાની ઈચ્છા. ભગવત્ પ્રાપ્તિની ઈચ્છા અન્ય ઈચ્છાઓ કરતાં તદ્દન ભિન્ન પ્રકારની હોય છે, તેનું સ્વરૂપ જ ભિન્ન છે, તેથી તે માત્ર ઈપ્સા નથી, પરંતુ અભીપ્સા છે.

જેમ દાહકતા અગ્નિનું સ્વરૂપગત લક્ષણ છે, તેમ અભીપ્સા અંતરાત્માનું સ્વરૂપગત લક્ષણ છે. જેમ અગ્નિ પર રાખનું આવરણ ચડી જાય અને દાહકતા જણાય નહિં, તેમ અંતરાત્મા પર અવિદ્યા અને રાગદ્વેષાદિનું આવરણ ચડી જાય તો અભીપ્સા જણાય નહિ, તેમ બની શકે છે, પરંતુ અભીપ્સા હોય જ નહિ તેમ બની શકે નહિં.

મીરાં જેવા ઉચ્ચ કોટિના આત્માને જન્મથી જ અવિદ્યા, રાગદ્વેષાદિનાં આવરણ હોતાં જ નથી, તેથી મીરાંની અભીપ્સા તો જન્મથી જ નિર્ધૂમ અગ્નિશિખાની જેમ સદાસર્વદા પ્રજ્વલિત રહે છે. મીરાંની આ જ્વલંત અભીપ્સા જ મીરાંનું અધ્યાત્મબળ છે. મીરાંની અભીપ્સા સદા પ્રગટ જ છે.

પૂર્વના સંસ્કારોની પ્રબળતા, મહત્ પુરુષનો સ્પર્શ, સત્સંગ, જીવનની કોઈ ઘટના, ભગવદ્ આદેશ આદિ કારણો દ્વારા જીવની અભીપ્સા પ્રજ્વલિત થઈ ઊઠે છે. પરંતુ મીરાંની તો વાત જ જુદી છે. મીરાં તો પ્રજ્વલિત અભીપ્સા લઈને જ જન્મ્યાં છે.

(ક્રમશઃ આવતા અંકે...)

## ધર્મ સૃષ્ટિ




**પ્રજ્ઞા પટેલ 'પ્રાર્થી'**
નવોદિત લેખિકા અને કવયિત્રી
કલોલ


# શક્તિ ઉપાસના

**। वीरो भोग्या वसुंधरा ।**

આ વસુંધરાને વીરો જ ભોગવી શકે.કેવળ દયા, પ્રેમ, કરુણા, સહૃદયતા, સમતા બંધુતા જ જીવનમૂલ્યો નથી પરંતુ આ બધા જીવનમૂલ્યો ટકાવી રાખવા શક્તિ ઉપાસનાની જરૂર છે.જગતમાં શક્તિઉપાસનાની વાત આવે ત્યારે આસ્તિકતા અને નાસ્તિકતાની વાત આવે છે. ભ્રાંત વિચારવાદમાં ભળી ગયેલા આસ્તિક લોકો આત્મા-અનાત્માની ચર્ચા કરી એટલે બધું પૂરું સ્વીકારી લીધું. આદિ કવિ શંકરાચાર્યે ગાયું છે કે

**''भज गोविन्दम् भज गोविन्दम् भज गोविन्दम् मूढ़मते ॥''**

જો એટલુંજ સાચું હોત તો શંકરાચાર્યે કાશ્મીરથી કન્યાકુમારીની યાત્રા ન કરીને ભગવાન આગળ પલાંઠી વાળીને બેસી જ રહ્યા હોત. પરંતુ શંકરાચાર્યે એવું ન કરતાં પોતાની આત્મશક્તિ જગાવીને કાશ્મીરથી કન્યાકુમારી સુધી ભારતભ્રમણ કરીને લોકોમાં મરી પરવારેલી તેજસ્વિતા જગાડી, સામર્થ્ય જગાડ્યું સાચી શક્તિ ઉપાસના કરીને ભાંગી પડેલી મૂર્તિપૂજા ઉભી કરી અને કુમારીલ ભટ્ટ જેવા આત્મજ્ઞાનીનાં સંસ્કૃતિ ઉત્થાન માટે કરેલા આત્મવિલોપનને ન્યાય અપાવ્યો. આસ્તિકતાની સાથે ઉચ્ચ જીવન મૂલ્યો ટકાવી રાખવા માટે શક્તિ સંપન્નતાની જરૂર છે. રસ્તામાં કોઈ મવાલી કોઈ સ્ત્રીની છેડતી કરશે તો કેવળ ભક્તિની ભ્રાંતિમાં રાચવાવાળા ભગતડા કહેશે કે કાંઈ અસ્વસ્થ થવાની જરૂર નથી, ભગવાન સ્ત્રીનાં શીલનું રક્ષણ કરશે અને ભ્રાંતવાદમાં ભરમાવશે કે "એક પતિવ્રતા સ્ત્રી પાસે એક અસુર આવ્યો હતો અને તે પતિવ્રતા નારીએ અસુર સામે દૃષ્ટિ કરી તેથી અસુર બળીને ભસ્મ થઇ ગયો." ખરેખર આ કેટલે અંશે સત્ય છે? જો એવું હોત તો આપણા દેવી - દેવતાઓનાં હાથમાં શસ્ત્રો ન હોત. રામચંદ્ર ભગવાને ધનુષ્ય, ભગવાન વિષ્ણુએ સુદર્શન ચક્ર, દેવાધિદેવ મહાદેવે ત્રિશુલ, હનુમાનજીએ ગદા ધારણ કરી છે એજ રીતે પ્રત્યેક દેવીઓ પાસે પણ ત્રિશુલ, તલવાર, ચક્ર વગેરે શસ્ત્રો ન હોત. આપણા ઋષિમુનીઓ પણ શાસ્ત્રો સાથે શસ્ત્રવિદ્યા પણ શીખવતા હતાં. મંત્રોચ્ચાર જ સર્વસ્વ હોત કે દૃષ્ટિમાં જ સામર્થ્ય હોત તો શસ્ત્રવિદ્યાની જરૂર પડે ખરી? સાચા અર્થમાં સ્ત્રીઓ કે પુરુષો દરેકને શક્તિઉપાસના કરવી જરૂરી છે શાસ્ત્રાર્થ સાથે શસ્ત્રાર્થનું સામર્થ્ય જરૂરી છે. મહર્ષિ વાલ્મિકીએ રામાયણમાં દેવી કૈકેયીનું શક્તિસામર્થ્ય બતાવ્યું છે અને દશરથરાજાને વિજય અપાવ્યો છે. કેવળ ધાર્મિક હોવું પુરુષોત્તમત્વ નથી કે ફક્ત શક્તિમાન હોવું તે પણ પુરુષોત્તમત્વ નથી કારણકે ફક્ત શક્તિસામર્થ્ય હોય તો માણસ રાક્ષસ પણ બની શકે છે પરંતુ ધાર્મિકતા હોય તો શક્તિને પુણ્યાર્થે વાપરી શકે છે.

**लभ्या धरित्री तव विक्रमणे, ज्यांयांश्च वीर्यास्तबलैर्विपक्षः ।**
**अतः प्रकर्षायविधिर्विधेयः, प्रकर्षतंत्रा हि रणे जयश्रीः ॥**
(किरातार्जुनीयम ३/१७)

આ શબ્દો કોના છે? ત્યારે કહેવાનું મન થાય કે શાંતિનાં સૂક્તો ગાવાવાળા વેદવ્યાસ, બ્રહ્મસૂત્ર પર ભાષ્ય લખવાવાળા વેદવ્યાસ, જગતમાં બધે જ ભગવાન જોવાવાળા વેદવ્યાસ અને કેવળ મનુષ્યમાંજ નહિ પરંતુ કૃમિ,કીટક, જડ-ચેતન બધામાં ભગવાન જોવાવાળા અને ૐ શાંતિ....ૐ શાંતિ....ૐ શાંતિ.... નો પાઠ કરવાવાળા વેદવ્યાસે કહ્યું છે. જયારે પાંડવો વનમાં જાય છે ત્યારે વેદવ્યાસ પાંડવોને શક્તિઉપાસનાનું મહત્વ સમજાવે છે અને એજ શક્તિઉપાસના કરીને અર્જુન શિવજી પાસેથી પાશુપતાસ્ત્ર મેળવે છે. વેદવ્યાસ જેવા ઋષિ કહે છે કે જીવનમાં પરાક્રમ અને શક્તિપૂજા હોવી જરૂરી છે. શક્તિપૂજન મોટામાં મોટી પૂજા છે. ભગવાન અને ક્રાંતિદર્શી ઋષિઓનાં સૂત્રો અને જીવનમૂલ્યોની નોંધ ન લેતાં આપણે મનમાં આવે તેવી ભક્તિની ભ્રાંતિ લઈને આસ્તિક બની બેઠાં છીએ. ઉચ્ચનૈતિક તેમજ સાંસ્કૃતિક મૂલ્યોનાં રક્ષણાર્થે શક્તિપૂજન જરૂરી છે. ભક્તિની ખોટી ભ્રાંતિઓમાં ડૂબેલા આપણા ભારત દેશમાં બહુ મોટા પ્રમાણમાં ધર્મપ્રિય માણસો છે પણ સાચા અર્થમાં શક્તિપૂજન નથી. નવરાત્રીમાં નવ દિવસ પૂજન-અર્ચન કરી ગરબા અને હોમ-હવન કરી સંતોષ લેનારી પ્રજા શક્તિપૂજનમાં શું સમજે?

આપણું સોમનાથ મંદિર લૂંટાઈ ગયું અને એવા અનેક મંદિરો અને શિવાલયો મુઘલોએ તોડી પાડ્યા એનું મૂળભૂત કારણ શું હતું? સોમનાથદાદાને માનવાવાળાઓમાં શ્રદ્ધા ઓછી હશે ! કે પછી આસ્તિક લોકો વિચારતા હશે કે ભગવાન જાતેજ આવીને મુઘલોને મારશે... તેવી ભ્રાંતિ ? હું કહીશ કે મહાદેવને માનવાવાળાઓમાં શ્રદ્ધા ઓછી ન હતી પણ સામર્થ્ય ન હતું. આસ્તિકતામાં શક્તિઉપાસનાની ખોટ હતી. શક્તિપૂજા એટલે એક વ્યક્તિની બાહ્યશક્તિ નહિ પરંતુ નૈતિકમૂલ્યો અને સંસ્કૃતિ બચાવવા માટેની સંઘશક્તિ, સમ્યકશક્તિ(એક્સરખી વિચાર શક્તિ, વિચારોની સામ્યતા) અને સામર્થ્યશક્તિ અને આ ત્રણેયશક્તિ વિષે વિચારવા બુદ્ધિશક્તિ જોઈએ ત્યારે જ સોમનાથ મહાદેવને બચાવી શકાય. શંકરાચાર્ય પણ શક્તિઉપાસના કરતાં માતાજી પાસે સામર્થ્ય માંગે છે અને લખે છે:

(અનુ. પેઈજ ૧૮ ઉપર)


ZEN GARDEN
4 BHK &
4 BHK ++ FLATS
SAMPLE FLAT READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
Huge Height
Slab Top to Slab Top
Basement | 13′
Ground Floor | 13′3″
First Floor | 14′9″
• 70% Open Area & 30% Typical Construction
• Superior Build & Work Quality
• Lavish Amenities For All Age Groups
• 26000 Sq Ft Podium Garden
• 2 Allotted Car Parking
• 2nd Plot From Ring Road Purely Residential Project
• Easy Connectivity With Industrial Areas like Shapar, Metoda & Vavdi
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact : 77000 53000


ZEN
GARDEN
4 BHK &
4 BHK ++
FLATS
SAMPLE
FLAT
READY
Carpet Area
2079 Sq. Ft.
2665 Sq. Ft.
• East - West Open Flats
• Large Beam & Column Less
Living & Dining Area
• Water Meter Installed in Flats
• Separate Metered Water Line,
Direct From Bore, on 2nd & 3rd
Floor for Vaishnav
• Rare 10'8" Slab Top to Slab Top
Flat Height
Top Brand Products
TOTO | Sanitary Fittings
GROHE | CP Fittings
DGU | Window
6X4 TILES WITH IPS | Tiles
Our Associate Projects
36 Avenue
48 Avenue
THE VIBE
SILVER AVENUE
SILVER SQUARE
Rera Number
PR/GJ/RAJKOT/RAJKOT/Rajkot Municipal Corporation/RAA13911/290724/311229
New 150 Feet Ring Road,
Near Sky Diamond Apartment, Rajkot
Contact : 77000 53000

## તંત્રી લેખ



**પ્રો. ડો. જે. એમ. પનારા**
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા
મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# ઉમાસૃષ્ટિનો પ્રેરણાદાયી રસથાળ

પ્રિય વાચક, મિત્રો,

વિક્રમ સંવત ૨૦૮૧ની આ પૂર્ણાવિત્તિના અવસરે અને વિ.સં. ૨૦૮૨ના શુભારંભે આપ સૌને પ્રકાશના પર્વ દિપાવલીના અભિનંદન તથા નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવતાં હૃદય અપાર હર્ષ અને ગૌરવ અનુભવે છે. દિવાળી એટલે માત્ર દીવાઓનો તહેવાર નહીં, પણ એ આપણા આંતરિક અંધકાર પર આત્મજ્ઞાનના ઉજાસનો વિજય છે. વર્ષભરની યાત્રા બાદ, જ્યારે આપણે નવા વર્ષના ઉંબરે ઉભા છીએ, ત્યારે જરૂરી છે કે આપણે ફક્ત ઘરને જ નહીં; પણ આપણા જીવનને પણ સજાવીએ, શણગારીએ અને પ્રજ્જવલિત કરીએ.

પ્રથમ તો આપ સૌ વાચકોનો આભાર વ્યક્ત કરું છું, જેઓ વર્ષભર આપણી સંસ્થાના મેગેઝિન "ઉમાસૃષ્ટિ" સાથે જોડાયેલા રહ્યાં. એક તંત્રી તરીકે, સમગ્ર વર્ષ દરમિયાન મારું લક્ષ્ય સ્પષ્ટ હતું. વાચકોને કેવળ માહિતી નહીં, પણ સત્ય અને સાર્થક જીવન જીવવાની પ્રેરણા મળે તેવો સાત્વિક અને પ્રેરણાદાયી રસથાળ પીરસવો.

વર્ષ દરમિયાન આપણે મેગેઝિનના નવ જેટલાં વિવિધ વિભાગો જેમ કે ધર્મ, શિક્ષણ, નારી, સમાજ, યાત્રા, યુવા, આરોગ્ય, કૃષિ અને બાલસૃષ્ટિ અંતર્ગત અનેક સુપ્રસિદ્ધ લેખકોના વિચાર પ્રેરક લેખો પ્રસ્તુત કર્યા છે. ચાર નવા શરૂ કરેલા યાત્રાસૃષ્ટિ, યુવાસૃષ્ટિ, આરોગ્ય સૃષ્ટિ અને કૃષિ સૃષ્ટિ વિભાગો પણ ખૂબ જ સફળ રહ્યાં.

**મેગેઝિનમાં યાત્રા વિભાગનું મહત્વ** માત્ર પ્રવાસના સ્થળોની માહિતી આપવા પૂરતું સીમિત નથી, પરંતુ તે વાચકોને ધાર્મિક પ્રેરણા, સાંસ્કૃતિક સમજ અને આંતરિક શાંતિ તરફ દોરી જાય છે. યાત્રા એ ભૂતકાળને વર્તમાન સાથે જોડતો સેતુ છે.

**મેગેઝિનમાં "યુવા વિભાગ"નું મહત્વ** અત્યંત ક્રાંતિકારી અને પાયાનું છે. કોઈપણ સંસ્થાનું ભવિષ્ય તેના યુવા સભ્યો પર નિર્ભર હોય છે. આ વિભાગ સૌથી ગતિશીલ (Dynamic) અને ભવિષ્યલક્ષી ગણી શકાય. જો યુવાનોને વારસા સાથે ન જોડવામાં આવે, તો તે ધીમે ધીમે લુપ્ત થઈ જાય છે.

**મેગેઝિનમાં "આરોગ્ય વિભાગ"નું મહત્વ** માત્ર શારીરિક બીમારીઓની માહિતી આપવા પૂરતું સીમિત નથી, પરંતુ તે ધર્મ અને સમાજ સેવાના પાયા સમાન છે. હિંદુ ધર્મમાં કહેવાયું છે - "शरीरमाद्यम् खलु धर्म साधनम्।" અર્થાત શરીર એ જ ધર્મનું પ્રથમ સાધન છે. જો શરીર સ્વસ્થ નહીં હોય, તો વ્યક્તિ ન તો સારી રીતે ભક્તિ કરી શકશે, ન સમાજસેવા આ વિભાગ વાચકોને સંતુલિત અને સ્વસ્થ જીવન જીવવામાં મદદરૂપ થાય છે.

**મેગેઝિનમાં "કૃષિ વિભાગ"નું મહત્વ** ઘણુ વ્યાપક છે, જે માત્ર ખેતીની માહિતી આપવા પૂરતું સીમિત નથી, પરંતુ જીવનશૈલી, આત્મનિર્ભરતા અને પર્યાવરણ સાથે ગાઢ રીતે જોડાયેલું છે. ભારત એક કૃષિપ્રધાન દેશ છે અને આપણા ધર્મોમાં પણ પ્રકૃતિનું સન્માન અને અન્નનું મહત્વ સમજાવવામાં આવ્યું છે. કૃષિ વિભાગ વાચકોને ધર્મની મૂળભૂત ફિલસૂફી, એટલે કે પ્રકૃતિ પૂજા અને સંતુલન સાથે ફરીથી જોડે છે. ખેડૂતોનું કલ્યાણ એ આપણી સામાજિક જવાબદારી છે. નવીનતમ ટેકનોલોજી, જળ-સંરક્ષણ અને વૃક્ષારોપણ જેવી બાબતોથી ખેડૂતો માહિતગાર થાય છે.

ઉપરોક્ત વિભાગો અંતર્ગત પ્રકાશિત થયેલા લેખો એ માત્ર શબ્દો નહોતા, પણ પ્રકાશ સ્તંભ હતા, જેણે અનેક વાચકોની જિંદગીને જ્ઞાન અને ભક્તિના માર્ગે દોરી છે. આખું વર્ષ અમે તમારી સાથે પ્રેરણાદાયી, સાત્વિક અને માહિતીસભર લેખોના જ્ઞાનથી પ્રત્યેક પાનાને રોશન કર્યું છે. એ માટે તમામ ચુનંદા લેખકો તથા ઉમાસૃષ્ટિની સમગ્ર ટીમ ધન્યવાદને પાત્ર છે.

"પ્રમુખશ્રીની કલમે" અંતર્ગત સંસ્થાના પ્રણેતા અને પ્રમુખ શ્રી આર. પી. પટેલ સાહેબે પોતાના ધારદાર વિચારો દ્વારા વિભિન્ન પારિવારિક, સામાજિક અને રાષ્ટ્રીય સમસ્યાઓ અને તેનો ઉકેલ બતાવી આપણને નવા વિચાર અને નવી દિશા ચિંધી છે. આ માટે આપણે તેમના પણ આભારી છીએ. જાહેરખબરના દાતાઓનો પણ દિલથી આભાર માનીએ છીએ. 'ઉમાસૃષ્ટિ' દ્વારા આયોજિત એક દિવસીય સારસ્વત ચિંતન શિબિરમાં ૪૨ જેટલાં મૂર્ધન્ય લેખકોએ સક્રિયપણે ભાગ લઈ ખૂબ જ ઉપયોગી ચિંતન કર્યુ અને કેટલુંક સાહિત્ય પ્રકાશિત કરવાની જવાબદારી ઉઠાવી એ માટે આ તમામ લેખકોનો આભાર માનીએ છીએ.

જેમ દિવાળીના દીવા ઘરમાં પ્રકાશ લાવે છે, તેમ આ લેખો પણ આપણા જીવનમાં જ્ઞાન, સમજદારી અને સકારાત્મકતા ફેલાવે છે. જીવનમાં પડકારો આવે, તો પણ તેને હસતાં હૃદય અને નિશ્ચિંત મનથી પાર પાડવા માટે આ લેખો પ્રેરણારૂપ છે.

આપણી સંસ્થા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એ માટે સતત પ્રયત્નશીલ છે કે આ મેગેઝિનના માધ્યમથી સમાજમાં સદ્ભાવના, શિક્ષણ અને સંસ્કારનું સિંચન થાય. વધુમાં વધુ યુવાનોને ધર્મ અને સંસ્કૃતિ સાથે જોડવાનો સંસ્થાનો ઉદ્દેશ અમારો ઉદ્દેશ છે. દિવાળીના આ પાવન પર્વે, હું આપ સૌને વિનંતી કરું છું કે બહારના દીવાઓ તો પ્રગટાવજો જ, પણ તે પહેલાં તમારા મનના દીવાને પ્રગવજો. આપનો દરેક દિવસ દિવાળી સમાન તેજસ્વી અને આનંદમય રહે. આપ સૌ વાચકોનું નવું વર્ષ સુખ, શાંતિ, સમૃદ્ધિ, આરોગ્ય અને આધ્યાત્મિક ઉન્નતિથી ભરપૂર રહે, એવી અંતરના ઉંડાણથી શુભકામનાઓ.

# કવર સ્ટોરી



**પ્રા. હર્ષદભાઈ અને ઋત્વિબહેન**
લેખકો : વંદેમાતરમ્ સાર્ધ-શતાબ્દી મહોત્સવ સમિતિના મુખ્ય સંયોજકો અને "રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાન"ના અધ્યક્ષ - મહામંત્રી છે.



# 'વંદે માતરમ્' રાષ્ટ્રીયગીતની સાર્ધ-શતાબ્દીએ 'ભવાની-ભારતી'નું દિવ્ય દર્શન

૨૦૨૫નું વર્ષ ભારતીય રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'ની સંરચનાનું સાર્ધ-શતાબ્દી વર્ષ છે. આજથી દોઢસો વર્ષ પહેલાં - ૭ નવેમ્બર, ૧૮૭૫ના પાવક-પ્રેરક ઐતિહાસિક દિવસે 'રાષ્ટ્રઋષિ' બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજીએ 'વંદે માતરમ્' ગીતની સંરચના કરેલી! એ શ્રુતિમનોહર -સુસૌમ્ય -સુદિવ્ય કીર્તિદા કાવ્યકૃતિ ભારતીય સાહિત્યમાં અમર થઈ છે ! 'વંદે માતરમ્' એક એવું સર્જન બન્યું કે, તે વિશ્વસાહિત્યમાં અનન્ય બની રહ્યું... વિશ્વના કોઈ પણ અન્ય રાષ્ટ્રો- જનસમુદાયમાં આવી અનુઠી સાહિત્યકૃતિનું સર્જન થયું નથી, જે કાવ્યકૃતિને રાષ્ટ્રીયગીતનું બહુમાન મળ્યું હોય ! ભારતીય સ્વાતંત્ર્ય-સંગ્રામમાં 'વંદે માતરમ્' ગીતનો પ્રભાવ એવો તો પ્રગાઢ રહ્યો છે કે, બ્રિટિશ જુલ્મશાહીને નષ્ટ-ભ્રષ્ટ કરવાના મહાન રાષ્ટ્રીય સંકલ્પનો 'વંદે માતરમ્' ગીત એક અપૂર્વ પર્યાય બની રહ્યું... 'વંદે માતરમ્'ના જયઘોષ સાથે, ભારતમાતાની પરાધીનતાની શ્રૃંખલાને તોડવાના મહાન સશસ્ત્ર ક્રાંતિકારી આંદોલનમાં ભારતમાતાના અનેક લાલ 'વંદે માતરમ્' ક્રાંતિમંત્રના ઉચ્ચારણ સાથે ફાંસીના ફંદાને વરમાળાની જેમ હસતે મુખે ચૂમી રહ્યાં...! એટલે સુધી કે, 'વંદે માતરમ્' શબ્દ-યુગ્મના ઉચ્ચારણ માત્રથી જ અંગ્રેજ જુલ્મગાર શાસકો હતપ્રભ થઈ જતાં... અને તેથી જ બ્રિટિશ શાસકોએ 'વંદે માતરમ્' શબ્દ-યુગ્મના ઉચ્ચારણ વિરુધ્ધ પ્રતિબંધ લાદેલો ! આ સંદર્ભમાં 'વંદે માતરમ્' રાષ્ટ્રીયગીતની સંરચના સાર્ધ-શતાબ્દીની ગૌરવપ્રદ ઉજવણીના આ પ્રેરક પ્રસંગે, 'વંદે માતરમ્' રાષ્ટ્રીયગીત અંતર્નિહિત ભારતમાતાના દિવ્ય-સૌમ્ય-રૌદ્ર ચિંતન દ્વારા, આપણે સહુ ભારતીયો, 'ભવાની-ભારતી' રૂપા આપણી પ્રિય-પૂજ્ય-દિવ્ય ભારતમાતાને પૂર્ણ સમર્પિત થઈએ... જે 'વંદે માતરમ્' ક્રાંતિમંત્રથી ભારતવર્ષ સ્વાધીન થયું, એ જ 'વંદે માતરમ્'ની દિવ્યચેતના દ્વારા રાષ્ટ્રજીવનના વર્તમાનની તમામ સમસ્યાઓનું નિર્મૂલન કરી, "ભારત : ૨૦૪૭"ના દિવ્ય મિશનને સાકાર કરવા માટે, 'વંદે માતરમ્' અંતર્નિહિત ભારતીય રાષ્ટ્રની પ્રાણશક્તિને પુનઃજાગ્રત-સક્રિય કરીએ... એ જ હશે કૃતજ્ઞ રાષ્ટ્રની બંકિમબાબુને યથાર્થ ભાવાંજલિ...!

૭ જુલાઈ, ૧૯૦૫ને દિવસે બ્રિટિશ શાસક લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડવાની જાહેરાત કરી અને અચાનક જ સંપૂર્ણ બંગાળ 'વંદે માતરમ્' ક્રાંતિમંત્રથી ગુંજી ઊઠ્યું....! મહાયોગી શ્રી અરવિંદના જ શબ્દોમાં : "રાષ્ટ્રઋષિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે પોતાનું મહાન ગીત 'વંદે માતરમ્' લખ્યું હતું" અને બહુ ઓછા લોકોએ સાંભળ્યું હતું. પરંતુ લાંબી ભ્રમણાઓમાંથી એકાએક જાગવાની ક્ષણે, બંગાળના લોકો સત્યને ચારે




**ભારતમાતાનું આ પહેલું રંગીન ચિત્ર અમદાવાદના શિક્ષક શ્રી મગનલાલ શર્માએ ૧૯૦૬માં દોરેલું. જે 'હિંદ દેવી' શિર્ષક સાથે સ્વાતંત્ર્ય-સંગ્રામમાં અત્યંત લોકપ્રિય થયેલું. આ જ છે 'ભવાની-ભારતી' રૂપા આપણી સુદિવ્ય-સુસૌમ્ય-વિરાટ ભારતમાતા!**

તરફ શોધવા લાગ્યાં અને એક યુગાંતરકારી ઘડીમાં કોઈ 'વંદે માતરમ્' ગાઈ ઊઠ્યો ! મંત્ર ફૂંકી દેવામાં આવ્યો. અને કેવળ એક જ દિવસમાં (૭ જુલાઈ, ૧૯૦૫) સમગ્ર લોકો દેશભક્તિના ધર્મમાં-રાષ્ટ્રધર્મમાં ભારતમાતા પ્રત્યેના સંતાનધર્મમાં - સ્વધર્મ - સ્વકર્તવ્યમાં પરિવર્તિત (રૂપાંતરિત) થઈ રહ્યાં. ભારતમાતાએ-ભવાની-ભારતી'એ સ્વયંને પ્રગટ કરી દીધી હતી ! (શ્રી અરવિંદ : ૧૯૧૪)

૭ જુલાઈ, ૧૯૦૫ના એ ઐતિહાસિક દિવસે, 'બંગભંગ - વિરોધી આંદોલન',- એ ભારતીય સ્વાતંત્ર્ય-સંગ્રામ, મહાન શૌર્ય - પરાક્રમ - બલિદાન દ્વારા ભારતમાતાને પૂર્ણ સમર્પિત થવાના રાષ્ટ્રીય-યજ્ઞરૂપ બની રહ્યો ! સ્વયં શ્રી અરવિંદ એ વખતે વડોદરામાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ દ્વારા નિયુક્ત પ્રોફેસર તરીકે અધ્યાપનકાર્ય કરી રહ્યા હતા. પરંતુ આ તો 'અરવિંદ' હતા ! શ્રી અરવિંદે વડોદરા રાજ્યની પ્રોફેસરીનો

# કવર સ્ટોરી

ત્યાગ કરીને, માદરેવતન કલકત્તા માટે મહાભિનિષ્ક્રમણ કર્યું. કલકત્તામાં 'વંદે માતરમ્' અખબારના તેજસ્વી કોલમિસ્ટ તરીકે શ્રી અરવિંદે સંપૂર્ણ બંગાળમાં અને શેષભારતમાં પણ સ્વાતંત્ર્ય-સંઘર્ષની ક્રાંતિ-ચિનગારીને ધગધગતી જ્વાળામાં રૂપાંતરિત કરી ! વડોદરાની વિદાય વેળાએ વર્ગખંડમાં તેમના છાત્રો પૈકી કનૈયાલાલ મુનશી અને વલ્લભવિદ્યાનગરના વિશ્વકર્મા-સરદાર પટેલના જમણા હાથ સમાન ભાઈલાલભાઈ પટેલ - ભાઈકાકાએ જ્યારે પ્રોફેસર અરવિંદબાબુને પ્રશ્ન કર્યો કે, 'વડોદરા કેમ છોડી રહ્યા છો ?' ત્યારે શ્રી અરવિંદે માત્ર બે શબ્દો જ ઉચ્ચાર્યા : "Mother's Call !" **માતાને બુલાયા હૈ'** - 'ભવાની-મંદિર' કૃતિનું સર્જન અને દિવ્ય ભારતમાતા માટે અતિપ્રાસાદિક 'ભવાની-ભારતી' શબ્દ પ્રયોગ શ્રી અરવિંદ જ કર્યો છે. પછી તો અલીપોર બોંબ કેસ, અલીપોર કારાગૃહમાં કારાવાસ, ત્યાંથી છૂટીને પોંડિચેરી પ્રયાણ એ પણ શ્રી અરવિંદની જીવનગાથાનું અનુઠું 'મહાકાવ્ય' છે...!

'વંદે માતરમ્' ક્રાંતિમંત્રથી જાગી ઊઠેલ બંગાળની અને શેષ ભારતની તરુણાઈના પ્રચંડ જયઘોષથી છેવટે પરાસ્ત થઈને, અંગ્રેજ જુલમી શાસકોને ૧૯૧૧માં બંગાળના ભાગલા રદ કરવા પડ્યા... ભારતીય તરુણાઈનો એ મહાન રાષ્ટ્રીય વિજય હતો. એ હતી અભિનવ વિજયાદશમી ! પરંતુ બંગભંગ વિરોધી એ સફળ મહાન સ્વાતંત્ર્ય-સંગ્રામના મહારથીઓ હતાં લાલ-બાલ-પાલ. શ્રી અરવિંદ અને ખુદીરામ બોઝ જેવા લબરમૂછિયા નવયુવાનોની શહાદત-શ્રૃંખલા, જે ભારતમાતાના મુખ પર મલકાયેલ કસુંબી રંગની પ્રેરક-પાવક-દિવ્ય પ્રભારૂપ બની રહી...! જેમાંથી આવનારી સદીઓ સુધી ભારતીય તરુણાઈ પ્રેરણાપિયૂષનું પાન કરતી જ રહેશે !

આ રીતે ૧૮૫૭થી પ્રારંભ થયેલ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામને કારણે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ને દિવસે ભારત સ્વતંત્ર તો થયું પરંતુ મઝહબી આધાર પર દેશ વિભાજન પછીનું એ શેષભારત હતું... આ સંદર્ભમાં આજે સ્વરાજના ૭૮મા વર્ષે પણ ૧૯૪૭ના ભાગલા પછીના શેષભારતમાં પણ 'અનેકવિધ' સંકીર્ણ ઓળખોને બહેકાવીને, શેષ ભારતને પણ પુનઃ ખંડ-વિખંડ કરવાની સાજીશ સક્રિય છે. આ સંદર્ભમાં કૃતજ્ઞ રાષ્ટ્ર 'વંદે માતરમ્' સાર્ધ-શતાબ્દીએ કઈ રીતે ભાવાંજલિ અર્પિત કરી શકે? પ્રત્યુત્તર એક જ હોઈ શકે - જે પૂર્ણ 'વંદે માતરમ્' ગાન થકી અતીતમાં ભારતમાતાની પરાધીનતાની શ્રૃંખલા નષ્ટ કરીને આપણે સ્વાધીન થયાં... એ જ રીતે વર્તમાનની પ્રત્યેક સમસ્યાની રામબાણ ઔષધિ પણ પુનઃપૂર્ણ વંદે માતરમ્‌નું સમૂહગાન જ છે ! અને આ જ પૂર્ણ વંદે માતરમ્ સમૂહગાન થકી જ 'ભારત-૨૦૪૭' A mission with vision ને યાચિ દેહી યાચિ ડોળા - આ જ જીવનમાં આ જ આંખોથી નિહાળવાની, આપણી પ્રિય-દિવ્ય ભારતમાતા આપણને શક્તિ મતિ-ભક્તિ પ્રદાન કરે એ જ પ્રાર્થના! મહાયોગી શ્રી અરવિંદે 'વંદે માતરમ્'નો અંગ્રેજી ભાષામાં અનુવાદ કરતાં જણાવ્યું છે કે, એક દિવસ 'વંદે માતરમ્' વિશ્વગીત બનશે અને ભારતવર્ષ તેની વૈશ્વિક ભૂમિકા ભજવવા સમર્થ બનશે.

આ સંદર્ભમાં કહી શકાય કે : 'વંદે માતરમ્' એટલે; ભારતીય રાષ્ટ્રધર્મની દિવ્ય વૈશ્વિક વિભાવના....! ભારતીય સનાતન ચિંતનથી શાશ્વતીના દર્શનથી આપણી એવી દિવ્ય અનુભૂતિ છે કે, આ સંપૂર્ણ બ્રહ્માંડ એક પરમ દિવ્ય માતૃશક્તિ - સૃજનશક્તિનો જ દિવ્ય આવિષ્કાર છે. આ માતૃત્વની મૌલિક સંકલ્પના છે. જે નિર્ગુણ - નિરાકારમાંથી સગુણ-સાકાર પ્રગટી રહેલ છે. આ દિવ્ય માતૃશક્તિ એ જેન્ડર-ફોર્મ - સ્ત્રી પુરુષની સંકિર્ણ ઓળખ કે ભૌતિક સ્વરૂપથી પર અને ઉપર છે. આમ છતાંયે આ પરમ સુસૌમ્ય - સુદિવ્ય માતૃશક્તિ પાંચ સ્વરૂપે સગુણ સાકાર પ્રગટ થઈને, આપણને પરમ વાત્સલ્યની સુકુમાર - સુવત્સલ - સુમધુર - સુંદરતમ - સુદિવ્ય અનુભૂતિ કરાવે છે. અને આ પરમ દિવ્ય માતૃશક્તિ એકંદરે પાંચ સ્વરૂપે પ્રગટે છે : (૧) જન્મદાત્રી જનની આપણી માતા સ્વરૂપે (૨) માતૃભાષારૂપે વાણી - વિદ્યાદેવી સરસ્વતી સ્વરૂપે (૩) માતૃસંસ્થા - જેની ગોદમાં આપણે ઉછરીને સંસ્કાર મેળવીએ છીએ. (૪) જન્મભુમિ - માતૃભૂમિ કરોડો ભુજાઓવાળી વિરાટ ભારતમાતા સ્વરૂપે અને (૫) આ સંપૂર્ણ વસુધા - પૃથ્વીમાતા જેને આપણે સહુ પ્રભાતે વિષ્ણુપત્ની - લક્ષ્મીમાતારૂપે જમણા હાથમા દર્શન કરીને આ મહાલક્ષ્મીમાતાને પાદ સ્પર્શ ક્ષમસ્વમે ઉચ્ચારીને વંદના કરીએ છીએ ! આ રીતે સગુણ - સાકાર માતૃશક્તિ સર્જનશક્તિની દિવ્ય અનૂભૂતિ દ્વારા, આપણે સહુ એક જ પરમ ચૈતન્ય - આનંદમયી માતૃશક્તિના જ આવિષ્કાર છીએ. જેની દિવ્ય સુકુમાર અનુભૂતિ દ્વારા આપણે સંપુર્ણ બ્રહ્માંડના અણુ-રેણુમાં એ દિવ્ય માતાના પ્રાગટ્યની અનુભૂતિ કરી શકીએ છીએ. અને એ જ તો છે **"વંદે માતરમ્" રાષ્ટ્રીયગીતનો સાર્ધ-શતાબ્દીએ પરમ દિવ્ય સંદેશ..!**

આ સંદર્ભમાં આપણી ભારતમાતા એ માત્ર ભારતીય દ્વિપકલ્પમાં વસતા ભારતીયોની જ માતા નથી, તે માત્ર હિન્દુ આસ્થા ધરાવતા હિન્દુઓની માતા પણ નથી. ભારતમાતા તો નિખિલ જગતમાતા-જગતજનની છે - જે 'વસુધૈવ કુટુમ્બકમ્'ના આદર્શને સાકાર કરનારી સંપૂર્ણ વિશ્વસર્જક પરમમાતા છે - **આદ્ય શંકરાચાર્ય મહારાજજીએ તેમના સુવિખ્યાત 'અન્નપૂર્ણા સ્તોત્રમાં' માં લખ્યા મુજબ - 'સ્વદેશો ભુવનત્રયમ્'- ત્રણેય લોક પણ આપણા માટે 'સ્વદેશ' જ છે. આપણા માટે કોઈ પરાયું નથી.** સહુ આપણાં જ છે. આપણે સહુના છીએ. આ અદ્વૈત-એકત્વનું સનાતન ભારતીય દર્શન - બ્રહ્માંડીય ચેતના એટલે જ ભારતવર્ષની દિવ્યચેતના, પૂર્ણ 'વંદે માતરમ્' સમૂહગાનથી પુનઃ પ્રગટી રહો.... એ જ અભીપ્સા.. **અભ્યર્થના પ્રાર્થના પૂર્વક વંદે વિશ્વ માતરમ્....!**

E-mail : rastradharma.india@gmail.com
Website : www.rastradharma.com



**ગુલાબભાઈ જાની**
લેખક જાણીતા શિક્ષણવિદ્, પ્રયોગશીલ કેળવણીકાર અને સિસ્ટર નિવેદિતા સંકુલના સ્થાપક છે.

# કેળવણીની સાચી સમજ

કેળવણીનો અર્થ છે જે માનવીને કેળવે છે. માનવીને સંવેદનશીલ બનાવે, માનવીને માનવી બનાવે, તેમાં રહેલી દિવ્યતાને પ્રકટાવે તે કેળવણી આપણા શાસ્ત્રોમાં કેળવણીની બહુ સરસ વ્યાખ્યા આપી છે. सा विद्या या विमुक्तये । - વિદ્યા એ જે મુક્તિ અપાવે. શામાંથી મુક્તિ ? અજ્ઞાનરૂપી બંધનમાંથી. આજે વિશ્વમાં અનેક સમસ્યાઓ છે. ગરીબી, બેકારી, રોગ, કુરુઢિઓ, વ્યસન, શોષણ, જુલમ, અન્યાય, હિંસા, ધિક્કાર, અસહિષ્ણુતા, આતંકવાદ આ બધી સમસ્યાઓના મૂળ અજ્ઞાનમાં રહેલા છે. વિદ્યા એવી હોવી જોઈએ કે જે અજ્ઞાનનું નિવારણ કરે.

સ્વામી વિવેકાનંદના મતે દરેક બાળકમાં દિવ્યતા રહેલી છે. 'Every child is potentially divine' શિક્ષકનું કાર્ય તો એ દિવ્યતાને બહાર લાવવામાં મદદરૂપ થવાનું છે. ક્યારેક કોઈ બાળક ઠોઠ હોતું નથી. ભૂતકાળમાં ન્યૂટન, આઈન્સ્ટાઈન, ગાંધીના શિક્ષકોએ તેમને 'ઢ' કહ્યા હતા અને આપણે આજે જાણીએ છીએ કે તેઓએ જ જગતને ઉત્તમ પ્રદાન કરેલ છે.

**કેળવણીના મુખ્યત્વે ચાર ધ્યેય છે** : (૧) સારો માણસ બનાવવો, (૨) સારો નાગરિક બનાવવો, (૩) સારો ભાવક બનાવવો અને (૪) સારો સર્જક બનાવવો.

આ ધ્યેયને લક્ષમાં રાખી શિક્ષકે વિદ્યાર્થીને સંવર્ધિત કરવાના છે. આપણા મૂર્ધન્ય કેળવણીકાર શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' કહેતા કે, આપણી કેળવણીની મુખ્ય ખામી એ છે કે આ દેશમાં જે ઉત્પાદક છે તે નાગરિક નથી અને નાગરિક છે તે ઉત્પાદક નથી. આનો ઉકેલ જડે તો દેશમાં સમૃદ્ધિ, સહકાર અને રાષ્ટ્રીયતાનો ત્રિવેણીસંગમ થાય.

આપણે સૌ જાણીએ છીએ કે માનવજીવનને તેમ જ માનવસમાજને બદલતાં રાખે તેવા પરિવર્તનનાં મોજાં ઊઠતાં રહ્યાં છે અને ઊઠતાં રહેશે. માણસના ભટકતા જીવનને સ્થિરતા બક્ષતું પહેલું મોજું ઊઠ્યું કૃષિ-ક્રાન્તિનું ! મુઠ્ઠી દાણામાંથી મબલખ પાક ઉતારવાની યુક્તિઓ મનુષ્યે હાંસલ કરી ! પ્રથમ મોજાની આ સંસ્કૃતિએ માનવબળ-પશુબળ તથા પ્રાપ્ત પર્યાવરણમાંથી ઉપલબ્ધ સાધન-સામગ્રી દ્વારા પ્રકૃતિ સાથેની એક સંવાદી જીવનશૈલી વિકસાવી. આ કાળમાં કેળવમીની તમામ પ્રવૃત્તિઓ પશુઓ, વનસ્પતિઓ, ખેતી તથા પર્યાવરણ પર આધારિત હતી.

બીજું મોજું ઊઠ્યું ઔદ્યોગિક ક્રાંતિનું. જેનાં ઘોડાપૂરે દસ હજાર વર્ષની આ કૃષિ સંસ્કૃતિને છિન્ન ભિન્ન કરી નાખી. આ કાળમાં કેળવણીની તમામ પ્રવૃત્તિઓમાં પણ કેન્દ્રસ્થાને ટેકનોલોજી જ રહી અને એક બજારુ સંસ્કૃતિનો ઉદય થયો. પછી ત્રીજું મોજું ઊઠ્યું ઈન્ફર્મેશન ટેકનોલોજીનું. આ મોજાની હજુ ઘણા દેશોમાં શરુઆત પણ નથી થઈ, છતાં આના પરિણામે માહિતીનો ધોધ વહેવા લાગ્યો. કમ્પ્યુટર, ઈન્ટરનેટ, સેટેલાઈટ, મોબાઈલ ફોન વગેરેએ દુનિયાને નાની બનાવી દીધી. માહિતીના આ વિસ્ફોટમાં કોઈ પણ સમાજને ઘાટ આપનાર, ઘડનાર અને સાચવનાર પરિબળ તો 'ટેકનોલોજી' નહીં, બલકે માણસ છે. આ વાત બંને મોજાની મિશ્ર અસરોમાં ધોવાઈ ગઈ. પરિણામે અઢળક સમૃદ્ધિ, મોજમજા, પૈસો, ગાડી, બંગલા, કમ્પ્યુટર વગેરે જેવી ભૌતિક સગવડો પણ મનુષ્યને સાચા અર્થમાં શાંતિ, સુખ, આનંદ કે ડહાપણ આપી શકી નહીં. બત્રીસ જાતના ભોજન પછીયે અમીનો ઓડકાર ન આવ્યો.

આજે દેશ-દુનિયામાં કેળવણીના ક્ષેત્રે આપણે સૌ જે અધૂરપ, અસંતોષ અનુભવી રહ્યા છીએ તેમાં સાચી દિશા કઈ હોવી જોઈએ? કેળવણીની પ્રણાલી, પદ્ધતિ, માહોલ, પ્રક્રિયા, અભિગમ, સિદ્ધાંતો, મૅનેજમેન્ટ આ બધામાં શું ખૂટે છે, જેથી આટઆટલો ખર્ચ કર્યા પછી પણ સમાજ ઈચ્છે છે તેવો, સમાજને જીવંત રાખે તેવો બત્રીસલક્ષણો 'જવાબદાર' નાગરિક આપણે બનાવી શકતા નથી?

આ ચિંતનમાંથી ચોથું મોજું ઊઠી રહ્યું છે - માનવીય ક્રાંતિનું ! માણસને માણસ બનાવવાનું. સરળ ભાષામાં કહીએ તો 'માણસનો માંહ્યલો જગાડવાનું.' એક વખત માંહ્યલો જાગે પછી બાકીનું આપમેળે ગોઠવાઈ જાય.

કોઈપણ વિકાસમાં કેળવણી હંમેશા કેન્દ્રસ્થાને રહી છે અને રહેશે. કેળવણીકારોને અનુભવને અંતે જણાયું છે કે સમાજને ઘડવામાં અને જીવંત રાખવામાં જેનું બહુમૂલ્ય યોગદાન છે તેવા માનવને જવાબદાર નાગરિક બનાવવાનું કાર્ય પણ કેળવણી અને કેળવણીની પ્રવૃત્તિઓ દ્વારા જ થઈ શકે. આથી બીજા-ત્રીજા મોજાનાં માઠાં પરિણામોને સુધારવા હશે તો ચોથા મોજાંની કેળવણી એવી પ્રયોજવી પડશે કે જેના પરિણામે એવા નાગરિકો તૈયાર થાય કે જે સમાજની ચિંતા કરતા હોય, સમાજને માટે પોતાનો વ્યક્તિગત સ્વાર્થ જતો કરે અને સમાજનું અગત્યનું અંગ પોતાને સમજે. આથી જ આ ચોથા મોજાંને નામ અપાયું છે 'રિસ્પોન્સીવ વેવ'.

વિષયશિક્ષણ કરતા જીવનશિક્ષણ આપવા પર ધ્યાન આપવાનું છે. ખરું કામ તો જીવનદીક્ષા આપવાનું છે.

# શિક્ષણ સૃષ્ટિ

કેળવણી એક નિર્માણલક્ષી પ્રવૃત્તિ છે. એનું લક્ષ્યાંક વ્યક્તિનું સુચારુ ઘડતર કરવાનું છે. અલબત્ત, આ ઘડતર ઉપરથી લાદેલા કોઈ ઢાંચા મુજબ કરાય તો તે સાચી કેળવણી ન રહે. ઘડતર વ્યક્તિની ભીતરમાંથી ઉદ્‌ભવવું જોઈએ અને એ પ્રક્રિયાનો વ્યક્તિ ભાજન નહિં, પણ ભાગીદાર હોવો જોઈએ. આવી ભાગીદારી જ્યારે સર્વાંશે વ્યક્તિના પોતાના નિર્ણય, પસંદગી અને પરિશ્રમ વડે નક્કી થાય ત્યારે એ વ્યક્તિ આત્મસર્જનનો પ્રતિનિધિ (Agent) બને છે. સાચી કેળવણીનું લક્ષ્યાંક આવો વ્યક્તિ ઘડવાનું છે.

ઓશો રજનીશના મતે કેળવણી જ્યારે વ્યક્તિની અજોડ અને અદ્વિતીય નિજતાનું સત્ય સ્વીકારશે, ત્યારે એક મોટી ક્રાન્તિની શરૂઆત થશે. ત્યારે આપણે કોઈને કોઈ બીજાનાં ઢાંચામાં નહીં ઢાળીએ, પણ તે વ્યક્તિમાં જે બીજ પ્રસુષુપ્ત છે તેને જાગૃત કરવાનો પ્રયત્ન કરીશું. આદર્શોને કારણે ઘણી હિંસાઓ થઈ છે, છતાં વ્યક્તિને પોતાનો વિકાસ સાધવાની તક નથી મળી.

હું અત્યંત નમ્રભાવે કહું છું કે વ્યક્તિ જે થવા નિર્માણ થઈ છે તે જ થવા દો. ગુલાબ ગુલાબ છે ને ચમેલી ચમેલી છે, જુઈ જુઈ છે. કોઈ કોઈનાથી નાનું મોટું નથી. ગુલાબ ચમેલી નહી બને કે ચમેલી જુઈ નહીં બને. આ નાના મોટાનું મૂલ્યાંકન તદ્દન ખોટું અને વ્યર્થ છે. એ મૂલ્યાંકન જવું જોઈએ. કવિ ચમારથી મોટો નથી. એક શિક્ષક રાષ્ટ્રપતિ બનવાથી મોટો નથી થઈ જતો.

જીવન એક સહયોગ છે. તેમાં સૌનું પોતપોતાનું સ્થાન છે અને સૌની આવશ્યકતા છે, અનિવાર્યતા છે. ગુલાબને જુઈ થવાનો ઉપદેશ મુર્ખાઈ ભરેલો છે. ઘાસના ફૂલને કમળ થવાનો ઉપદેશ વ્યર્થ છે. ઘાસ કે ગુલાબનું ફૂલ પૂર્ણ વિકસે એ જ સાર્થકતા છે... પોતાની સંપૂર્ણ ભાવનાઓ પૂરી વિકસે એ સિવાય જીવનનો બીજો કોઈ આનંદ નથી. કેળવણીના કાર્યની સાચી દિશા આ જ છે.

### શિક્ષણ ગીતા

આજે શિક્ષણમાં વિસંવાદિતા દેખાય છે. બસૂરપણું અનુભવાય છે, તાલનો અભાવ જણાય છે. તેનું કારણ વિદ્યાર્થીની નિષ્ક્રિયતા અને શિક્ષકની અભિવ્યક્તિની નિર્બળતા છે. જ્ઞાનને સમજપૂર્વક ઝીલનાર વિદ્યાર્થી અનેક પ્રશ્નો દ્વારા પ્રાપ્ત થતા જવાબોમાંથી તેની જિજ્ઞાસા સંતોષે છે. તે રીતે મળતું જ્ઞાન તેનું પોતાનું જ્ઞાન બની જાય છે. આત્મસાત થતું જ્ઞાન જ જ્ઞાનરૂપે ટકે છે.

જ્ઞાન આપનાર તત્વદર્શી હોય એવી ગીતાની અપેક્ષા શિક્ષક માટે પડકારૂપ છે.જે તત્વદર્શી નથી તે શિક્ષક નથી. શિક્ષકને તત્વનું દર્શન લાધ્યું હશે તો તે વિદ્યાર્થીને તત્વનું દર્શન કરાવવામાં સહાયરૂપ-પ્રેરણારૂપ થઈ શકશે. મનની શંકા-કુશંકાનો નાશ કરે, ભસ્મસાત્, કરે તે જ્ઞાન. તેથી ગીતામાં જ્ઞાનને 'જ્ઞાનાગ્નિ' કહેલ છે.

-પ્ર. ત્રિવેદી

(અનુ. પેઈજ ૧૧નું શરૂ)

## શક્તિ ઉપાસના

'न तातो न माता न बंधुर्न दाता, न पुत्रो न पुत्री न भृत्यो न भर्ता ।
न जाया न विद्या न वृत्तिर्ममैव, गतिस्तवं गतिस्तवं त्वमेका भवानि ॥

ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કરવા દુર્યોધન પાસે શાંતિદૂત બનીને વિષ્ટિ કરવા ગયેલા ભગવાન શ્રીકૃષ્ણ પણ અર્જુનને શક્તિઉપાસનાનું મહત્વ સમજાવતા કહે છે કે,

''स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितु मर्हीषि । धर्म्याद्धि युध्धाच्छ्रेयोऽन्य त्क्षत्रियस्य न विद्यते ॥''

''સ્વધર્મને જોતાં પણ તારે ભય ન પામવો જોઈએ કેમકે ક્ષત્રિય માટે ધર્મયુક્તયુદ્ધથી વધીને બીજું કાંઈ કલ્યાણકારી કર્તવ્ય નથી.'' ભગવાન શ્રીકૃષ્ણે પણ ધર્મનાં રક્ષણ માટે દુર્જનોનાં વિનાશ માટે અવતાર ધર્યો છે તેવી વાત શ્રીમદ્ ભગવદ્ગીતા માં ભગવાન જાતેજ સ્વીકારે છે.

''यदा यदा हि धर्मस्य, ग्लानि र्भवति भारत, अभ्युत्थानम् अधर्मस्य, तदात्मानं सृजाम्यहम् ।
परित्राणाय साधुनां, विनाशाय च दूष्कृताम धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ॥

સતમૂલ્યો અને સતશક્તિની ઉપાસના થતી હોવાથી જ આપણા દેશમાં રાજાઓ સાથે રાણીઓ પણ શક્તિ સામર્થ્ય ધરાવતી હતી. રાણી લક્ષ્મીબાઈ, રાણી દુર્ગાવતી, રાણી તારાબાઈ, રાણી પદ્માવતી, જીજાબાઈ જેવી મહાન નારીશક્તિ પણ અગણિત છે.

તો આજે આપણે પણ મહાલક્ષ્મી, મહાસરસ્વતીની સાથે સાથે મહાકાલીની ઉપાસના કરીએ અને શક્તિ ઉપાસનાની શરૂઆત કરીએ. ભારત દેશના શક્તિ સામર્થ્યને વધારીએ અને આદિ શંકરાચાર્યના સૂરમાં સૂર પૂરાવીને મા શક્તિને કહીએ કે,

''पृथिव्यां पुत्रास्ते जननी बहवः सन्ति सरलाः ।

હે મા ! પૃથ્વી પર તારા સરલ છોકરાઓ ઘણા છે પણ એમાં હું એક જ વિરલ છું અને ચંચલ છું. (મને જ સંસ્કૃતિની ખૂબ ચિંતા છે.)

''या देवी सर्वभूतेषु शक्तिरुपेण संस्थिता । नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥''

મો. ૯૬૩૮૦ ૫૯૫૨૭

## શિક્ષણ સૃષ્ટિ



**મૌલિક સોની**
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
બેસ્ટ સેલિંગ લેખક અને મોટીવેશનલ સ્પીકર
ચેરમેનશ્રી - મોટીવેશનલ કમિટી - VUF

# હકારાત્મક વિચારોનો જાદુ...

હમણાની જ વાત છે. હું મુંબઈથી આવી રહ્યો હતો ત્યારે "પોઝિટિવ થિંકિંગ" વિષય પર એક લેખ લખી રહ્યો હતો. મારી બાજુમાં બેઠેલા એક મુસાફરે આ જોઈને મને પૂછ્યું,"શું આપણે હકારાત્મક વિચારવું જોઈએ ?" "હાસ્તો, હકારાત્મક વિચારવાથી ફાયદો થાય !" મેં તરત જ કહ્યું. તે આશ્ચર્યના ભાવ સાથે બોલ્યા, "ખરેખર"! "હા.." મેં લખતાં-લખતાં જ જવાબ આપ્યો. તો તેમણે કહ્યું, "મેં તો આવા અનેક લેખ વાચ્યાં છે. પણ મને તો કોઈ જ ફાયદો જણાતો નથી." આ વખતે મેં તેમની સામે જોઈને કહ્યું, "ભાઈ, આ લેખ લખીને હું તમને આપું છું, તમે તે વાચશો તો ચોક્કસ તમને તમારા પ્રશ્નનો જવાબ મળી જ જશે."

લેખની શરૂઆત મેં કેટલાંક પ્રશ્નથી જ કરી, જેવા કે શું તમે સુખી થવા ઈચ્છો છો, સમૃદ્ધ થવા ઈચ્છો છો, સફળતા મેળવવા ઈચ્છો છો, તંદુરસ્ત બનવા ઈચ્છો છો તેમજ શું તમે માનસિક શાંતિ પણ મેળવવા ઈચ્છો છો..?

આના જવાબ તો 'હા' જ હોય ને ? ખરું ને..! એક ધાર્મિક અને આધ્યાત્મિક માન્યતા અનુસાર આપણે જે બનવું હોય તે બનાવનાર અને જે મેળવવું હોય તે બધું જ મેળવી આપનાર શક્તિ તો આપણી અંદર જ છુપાયેલી છે, જેને આપણે પરમશક્તિ, ઈશ્વરીય તત્ત્વ, આંધ્યાત્મિક ચેતના વગેરે જેવાં નામથી ઓળખીએ છીએ.

એક વૈજ્ઞાનિક તારણ અનુસાર આપણી અંદર છુપાયેલી આ અનંત શક્તિ આપણા 'મનની શક્તિ' જ છે એટલે કે આપણી અંદર જ મનની અનંત શક્તિઓનો ખજાનો સમાયેલો છે, પરંતુ આપણે તેનાથી સાવ અજાણ છીએ. જો માત્ર મનની આ શક્તિઓને જાણીને જીવનમાં હકારાત્મક ધ્યેયપ્રાપ્તિ માટે ઉપયોગ કરવામાં આવે તો આપણે જે ઈચ્છીએ તે બની શકીએ અને જે ઈચ્છીએ તે મેળવી પણ શકીએ જ !

દુનિયાની દરેક સફળ વ્યક્તિઓ, એ પછી અમિતાભ બચ્ચન હોય કે આલ્બર્ટ આઈન્સ્ટાઈન, મહાત્મા ગાંધી હોય કે મધર ટેરેસા, ધીરુભાઈ અંબાણી હોય કે બિલ ગેટ્સ.. દરેકે જાણ્યે-અજાણ્યે પોતાના મનની આ શક્તિઓનો ખૂબ જ ઉપયોગ કર્યો છે. આ બાબતને વિસ્તૃત સમજવા માટે આવો આપણે સૌપ્રથમ એક ધાર્મિક માન્યતા જોઈએ.

એક વખત એક પરિવારમાં પૂજાપાઠ ચાલી રહ્યા હતા. પાઠ દરમ્યાન પંડિતજીએ કહ્યું, કે ધર્મશાસ્ત્રોમાં એવું લખ્યું છે કે, "ઘરમાં કે બહાર કોઈએ પોતાના માટે કે કોઈના પણ માટે નકારાત્મક સૂચન ન બોલવું જોઈએ" ત્યારે ત્યાં બેઠેલા એક યજમાને પંડિતજીને પૂછ્યું, કે "આપે જે કહ્યું તે સાચું છે, પરંતુ તેની પાછળનું રહસ્ય મને સમજાવો." પંડિતજીએ કહ્યું, કે આપણી ધાર્મિક માન્યતા અનુસાર આકાશમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓ સતત પરિભ્રમણ કરતાં હોય છે. તેઓ વારંવાર 'તથાસ્તુ, તથાસ્તુ, તથાસ્તુ' એમ બોલતાં રહેતાં હોય છે. જો તમે તમારા દીકરાને એવું કહો, કે 'તું તો સાવ બુદ્ધુ છે' તો ઉપરથી અદૃશ્ય અવાજ બોલશે 'તથાસ્તુ' ('સો બી ઈટ'). આવા વારંવારના પુનરાવર્તનથી તે તેવો થઈ જ જશે.

મનોવિજ્ઞાનના સંશોધન અનુસાર આવાં સૂચનો બોલનારું તમારું 'કોન્શિયસ માઈન્ડ' છે અને 'તથાસ્તુ' કહેનારું બીજું કોઈ નહીં, પરંતુ તમારું જ 'સબકોન્શિયસ માઈન્ડ' છે. આપણે જાણીએ છીએ કે ઈશ્વરીય શક્તિ આપણી અંદર જ છે. આ ઈશ્વરીય શક્તિ એટલે જ આપણું સબકોન્શિયસ માઈન્ડ ! તેની પાસે તો અપાર શક્તિ છે. કોન્શિયસ માઈન્ડ દ્વારા જે સૂચનો બોલાય છે તેને તે પોતાની અપાર શક્તિઓથી 'તથાસ્તુ' કહી દે છે.

આ સમજવા માટે મેં મારા પ્રથમ પુસ્તક- 'તથાસ્તુ'માં એક ઉદાહરણ આપ્યું છે, કે અપવાદરૂપ કિસ્સાને બાદ કરતા મોટા ભાગે પરિવારમાં જે મોટો દિકરો કે દિકરી હોય તે થોડા શાંત અને ગંભીર હશે, જ્યારે નાનો દિકરો કે દિકરી થોડા રમૂજી અને તોફાની હશે. જોયું છે ને તમે આવું ! આમ હોવાનું મુખ્ય કારણ એ જ છે કે જ્યારે પરિવારમાં બે બાળકો લડતાં હોય કે ઝઘડતાં હોય ત્યારે વડીલો તરફથી મોટાને કહેવામાં આવે છે, કે તું મોટો છે તું સમજ, નાનો તોફાની છે. આમ વારંવાર થવાથી સબકોન્શિયસ માઈન્ડ 'તથાસ્તુ' દ્વારા તેને તે જ પ્રમાણેના બનાવી દેશે.

તંદુરસ્ત વ્યક્તિની તંદુરસ્તી અને સફળ વ્યક્તિની સફળતાનું કારણ પણ એ જ હોય છે કે તેઓ સતત 'હું તંદુરસ્ત છું, મને કાયમ સફળતા મળે છે.' જેવા હકારાત્મક વિચારો જ કર્યા કરે છે અને ઉપરથી અવાજ આવે છે – 'તથાસ્તુ' !

મિત્રો, યાદ રાખો, **"તમે જે આજે છો તે તમે નથી, તે તો તમે ભૂતકાળમાં કરેલા વિચારોનું પરિણામ જ છે!"** તો પછી જો તમે તમારું ભવિષ્ય ઉત્તમ બનાવવા ઈચ્છતા હો તો આજથી જ દૃઢ વિશ્વાસ સાથે ઉત્તમ હકારાત્મક વિચારો કરવા લાગો. કારણ કે વિચારોમાં જાદુ હોય છે.

આ લેખ લખીને મેં મારી બાજુમાં બેઠેલા પેલા ભાઈને આપ્યો. લેખ વાચીને આત્મવિશ્વાસથી તેઓ બોલ્યા, કે હા, તમારી વાત સાચી છે. આપણે હંમેશા હકારાત્મક વિચારો જ કરવા જોઈએ. કારણ કે વિચારોમાં.. યસ યુ આર રાઈટ.. વિચારોમાં જાદુ હોય છે.

નૂતન વર્ષની શુભકામનાઓ. ધન્યવાદ.

મો. ૯૮૨૫૬ ૧૩૪૦૪

## શિક્ષણ સૃષ્ટિ



**ભાવેશભાઈ એમ. આખજા**
લેખક : આચાર્યશ્રી પ્રા. શાળા
મતિરાળા, તા.લાઠી, જી. અમરેલી

# "નિશાળ, વિશાળ કેમ બને ?"

પચીસ વરસ ઉપરનો પ્રાથમિક શિક્ષકનો અનુભવ પણ લખવાનો આ પ્રથમ અવસર.મનોજ ખંડેરિયા કહી ગયા એવો ઘાટ છે. 'પકડો કલમ અને એવું પણ બને,આ હાથ આખેઆખો બળે એમ પણ બને.' હમણાં એપ્રિલ -૨૦૨૫ થી શાળાના આચાર્યની જવાબદારી સ્વીકારી છે. સદભાગ્યે ,મારી સરકારી પ્રાથમિક શાળા પહેલેથી જ સારી છે. અર્થાત ગુણવત્તાસભર શૈક્ષણિક ભાવાવરણવાળી. એ માટે શાળાના પૂર્વસૂરીઓ, સમજદાર ગ્રામજનો અને સહકાર્યકર મિત્રોનો હકારાત્મક દ્રષ્ટિકોણ અમોને વારસામાં મૂડી સ્વરૂપે મળ્યા છે.

શિક્ષક હોવાથી મને ક્યારેક પ્રશ્ન પૂછાતો રહ્યો છે. આપ વાંચક મિત્રો શિક્ષક હશો તો તમે પણ અનુભવ્યું હશે.' કેવી શાળા સારી ?' મને પણ મારી જાતે આવો જ સવાલ પૂછ્યો.' તમારી શાળા સારી તો છે જ પણ, તમે બધાં ભેગાં મળીને હજુ વધારે સારી કેવી રીતે બનાવી શકો ?' સાદી ભાષામાં કહું તો.. આર્થિક ભંડોળની ખટપટમાં પડ્યા વગર.કામ કરનારાઓની મર્યાદાઓનો સહજ સ્વીકાર કરીને . કેટલું ? કેમ ? થઈ શકે ?

મનોમંથન કર્યું.સાથીમિત્રો સાથે સંવાદ કર્યો.થોડુક ચોખ્ખું થયું.' શાળા જ્યાં છે ત્યાંથી બે દોરાવા ઉપર લઇ જવી.ઝબકારો થયો.સાડત્રીસ વર્ષિય નવજવાન કેળવણીકાર અને મૌલિક પ્રયોગકાર શ્રી વિશાલભાઈ ભાદાણીને રૂબરૂ મળીએ તો ? સહમતી મેળવી.નકકી કરેલા સમયે , લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ સણોસરાના પ્રાકૃતિક અને માનવીય લીલાશસભર ભાવાવરણમાં સંવાદ બેઠક થઈ. કેટલીક ટીપ્સ મળી એ વાતને વહેંચી રહ્યો છું.

**(૧) શાળા- લીલીછમ્મ. :** ગામ/ શહેરમાં સૌથી વધુ હરિયાળું કેમ્પસ શાળા હોવી જોઈએ.પરિસરમાં અંદર- બહાર જ્યાં જગ્યા હોય ત્યાં બધે જ પુષ્કળ પ્રમાણમાં ઝાડ,છોડ અને વેલાઓ હોય. આ લીલોતરી આંખોને ગમશે, હૈયાને ઠારશે. આવું વાતાવરણ , કેળવણીના કામમાં પુરક બનશે.હા, આ કામમાં શાળાના વિદ્યાર્થીઓને અવશ્ય જોડવા.ઘણા હેતુઓ સરશે.

**(૨) રમકડાં :** વર્ગમાં, લોબીમાં અને પરિસરમાં રમકડાં હાથવગાં રખાવવા.બહારથી મળતા તૈયાર રમકડાં ઓછા લાવવા પણ આ છાત્રોને જોડીને , આસપાસના વિસ્તારમાંથી જાણકાર કળા કારીગરની સહાયથી સર્જન કરવું.હાથપગના આંગળાં કેળવાશે. સહિયારાપણાની લાગણી વધશે, માલિકીભાવ ઘટશે.અકોણા જણાતા વિદ્યાર્થીને મોભી બનાવવો. શિસ્ત આવશે.તૂટવા - ચોરાવાનું ટળશે. ડેડ સ્ટોક કરતાં લાઈવ સ્ટોક મહત્વનો હોય છે.સહભાગીતાનું સંગીત પ્રગટશે.

**(૩) વિદ્યાર્થીઓના પ્રશ્નો ચીતરાવવા:** સુવિચારનું મહત્વ છે જ પણ ખપ પૂરતાં જ રાખો. બાળકોનાં મનમાં ઉઠતા સહજ પ્રશ્નોને તેના હાથે જ દિવાલ પર કલરથી લખવા દો.નીચે તેનું નામ અને ધોરણ પણ લખાવો.અક્ષર ગરબડિયા થશે તે થવા દો. કેળવણીમાં વિચાર પ્રક્રિયા મહત્વની છે.

**(૪) પ્રશ્ન પેટીઓ :-** શાળા પરિસરમાં બાળકો જ્યાં પહોંચી શકે એવી ઘણી જગ્યાએ આકર્ષક અને કલાત્મક પ્રશ્ન પેટીઓ મુકાવો.બાળકો તેમાં પ્રશ્નો લખીને મુકશે.આપણે જવાબ આપવાની મથામણ કરીશું. જે બાળક સૌથી મૌલિક અને વિચાર ઉત્તેજક સવાલ પૂછે તેનું સન્માન કરવું.

**(૫) ઉત્સવ ઉજવણી:-** ભારતીય સમાજ અને સંસ્કૃતિ ઉત્સવ પ્રિય છે.શાળામાંથી સ્પર્ધા તત્વ હટાવીને ઉત્સવ યોજો. દા.ત. નાટ્ય ઉત્સવ, કલા ઉત્સવ, વાર્તા ઉત્સવ.. વગેરે.ઉદાહરણ તરીકે કવિતા ગાન ઉત્સવ.શાળાના દરેક વિદ્યાર્થીઓ ભાગ લે.તે દરેકનો ૫૯ સેકન્ડનો વીડિયો બનાવો.શાળાની વેબસાઇટ અથવા યુટ્યુબમાં પ્રસારિત કરો.પોતાના સંતાનની આવી કુશળતા જોઈને કયા વાલી નહીં હરખાય ? આ વાલીઓ જ તમારા કામના ટેકેદાર બનશે.

**(૬) મેનેજમેન્ટ :-** શાળામાં નકામા વહી જતાં પાણીને બગીચામાં વાળીને , વેસ્ટ વોટર મેનેજમેન્ટ કરી શકાય. જ્યાં બધા નાકનું ટીચકું ચડાવતા હોય એવા વોશરૂમની સફાઈનો પ્રોજેક્ટ હાથ ઘરી તેને સુઘડ બનાવી શકાય.

**(૭) અલાયદાપણું ઓગાળવું :-** જરાક અઘરૂં લાગે એવું છે પણ મહત્વનું છે. આચાર્ય, આચાર્ય ખંડમાં આખો વખત બેસવાના બદલે વર્ગખંડમાં પહોંચી જાય અને વર્ગ શિક્ષક કે વિષય શિક્ષકના સહાયક તરીકે કામ કરે.આવી જ રીતે શિક્ષકો પણ સ્ટાફરૂમમાં બેસવાના બદલે સાથી મિત્રોના કામમાં મદદ કરે.આવું થાય તો નવું ભાવાવરણ બંધાય. ઉત્તમ શિક્ષણ મૈત્રીના રસ્તે જ થાય.

**(૮) સમાજ સાથેનો અનુબંધ:-** શાળામાં ચાલતાં મધ્યાહન ભોજનમાં શિક્ષકો પણ ભેગા બેસીને જમે. દરેક શિક્ષક તેના વર્ગના દરેક બાળકના ઘરની અવારનવાર મુલાકાત લે. ગામમાં બનતા સારાં - માઠાં પ્રસંગોમાં હાજરી આપે.પોતીકાપણાનો ભાવ બેઉ તરફની આસ્થા વધારશે. દર્શકદાદાના શબ્દોમાં કહીએ તો.'ભેદની ભીત્યું ભાંગવી'.

મિત્રો, ઉપર જણાવેલ આઠેક પ્રયોગો સિવાય આપણાં સ્થાનિક વાતાવરણ મુજબ સુધારો વધારો કરી શકીએ. આ તો ફક્ત ગમતાનાં ગુલાલ સમો દિશા નિર્દેશ જ છે હો.આવું કામ કરી ચૂક્યાનો દાવો નથી. આ મજાનાં સંવાદ પછી તરત જ નીદા ફાઝલીનું ગીત સંભળાયું. સફર મેં ઘુપ તો હોગી, જો ચલ શકો તો ચલો.સભી હૈ ભીડ મેં, તુમ ભી નીકલ શકો તો ચલો.

મો. ૯૪૨૮૩ ૪૩૨૦૭



**શ્રીમતી ગીતા ઉનડકટ**
નારીવાદી લેખિકા, રાજકોટ

# મા તે મા, બીજા વગડાના વા

"બાલ ગોપાલ કાન્હાકો માખન બહુત ભાયે, સભી ચીજોંકો છોડ માખન હી ખાયે,

હમેં યહ ભરમાયેં કી કાન્હા કો માખન હી ક્યોં મન ભાયે....?

ક્યોંકિ માખન કે શુરુ મેં "મા" શબ્દ જો આયે ...."

આ છે માનો મહિમા ! કનૈયો પણ યશોદા મૈયા સાથે સ્નેહની સાંકળે બંધાયેલો છે. આ સ્નેહનું સુખ માણવા ભગવાનને પણ ધરતી ઉપર અવતાર લેવાનું મન થાય છે. સ્ત્રી જીવનની મહત્તા  મા ના સ્વરૂપમાં જ સમાયેલી છે. મા તો ઉગતી સવારનો ઉજાસ અને અથમતી સંધ્યાની શીતળતા છે. ફુલમાં જે સ્થાન સુગંધનું, સરિતામાં જે સ્થાન સલિલનું, છીપમાં જે સ્થાન મોતીનું, વિદ્યામાં જે સ્થાન વિનયનું, ધર્મમાં જે સ્થાન શ્રદ્ધાનું અને જિંદગીમાં જે સ્થાન પ્રેમ અને વિશ્વાસનું છે એવું જ સ્થાન આ સમસ્ત સૃષ્ટિમાં માતાનું છે.

સ્ત્રી એના જીવનમાં જુદી જુદી કેટલી ભૂમિકા નિભાવે છે... ! દિકરી - પત્ની અને માતા બન્યા પછી એનું જીવન સ્થિર થાય છે. મા તો સૃષ્ટિની સર્જનહાર છે, પરિવારનો પ્રાણ છે અને અન્નપૂર્ણા છે. દુનિયાનો છેડો ઘર અને ઘરનું હાર્દ એટલે મા. પ્રાચીન સંસ્કૃતિમાં  સ્ત્રીઓનું સ્થાન કેટલું ઉંચુ હતું ? રાજમાતા અને ગુરુમાતાને હંમેશા પૂજનીય અને આદરણીય માનવામાં આવતા. સમર્થ રાજવીઓ અને મહાપુરુષો માતાને નામે ઓળખાતા. એટલે સુધી કે ભગવાનના નામ આગળ પણ માતાનું જ નામ રહેતું. જેમ કે કૌશલ્યાનંદન રામ, દેવકીનંદન કૃષ્ણ, અંજનિસુત હનુમાન, ગંગાપુત્ર ભીષ્મ, કુંતિપુત્ર અર્જુન વિગેર... આમ સ્ત્રીઓનું સવિશેષ મહત્વ એના માતૃપદમાં રહેલું છે.

મા તો પ્રેમ, કરૂણા, વાત્સાલ્ય, સહાનુભુતિ અને મમતાનું મૂર્તિમંત સ્વરૂપ છે. માને પોતાના દરેક બાળકો એક સમાન વહાલા લાગે છે. જેમ પાંચેય આંગળી સમાન નથી હોતી તો પણ મોટી આંગળીમાં ઈજા થાય ત્યારે જેટલું દુઃખ થાય એટલું જ દુઃખ નાની આંગળીમાં ઈજા થાય ત્યારે પણ થાય જ છે ને ? એવી જ રીતે બાળક નાનું હોય કે મોટું, કાળું હોય કે ગોરું, બિમાર હોય કે તંદુરસ્ત અથવા જાડું હોય કે દુબળું પણ મા તો દરેકને એક સમાન જ માને છે કોઈ ભેદભાવ નહિ દરેકની અધુરપ સહીને મધુરપથી પ્રેમ જ કરતી રહે છે.

કવિ શ્રી બોટાદકરે લખ્યું છે ને કે.....

"વરસે ઘડીક વ્યોમદાવદળી રે લોલ, માડીનો મેઘ બારે માસ રે,

ગંગાના નીરતો વધે ઘટે રે લોલ, સરખો એ માના પ્રેમનો પ્રવાહ રે,

જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.....!!!"

એવું લાગે છે કે જાણે કવિએ પ્રેમની કલમને વાત્સલ્યની શાહીમાં બોળીને કરૂણાના કાગળ ઉપર હ્રદયસ્પર્શી ભાવોને આલેખ્યા છે. મધથી યે મીઠી અને અષાઢી મેહુલા કરતા યે મીઠી એવી માની તુલનાએ કોઈ ના આવે, વાદળ પણ ક્યારેક જ વરસે અને ગંગાનો પ્રવાહ પણ વધઘટ થતો રહે પરંતુ માના પ્રેમનો પ્રવાહ બારે માસ એક સરખો વરસ્યા જ કરે છે. એવો પરિપૂર્ણ માનો પ્રેમ છે.

માનો પ્રેમ એ તો નવનો આંક છે. નવના આંકને ગમે એટલા વડે ગુણો પણ એના ગુણાકારના જવાબની રકમનો સરવાળો હંમેશા નવ જ આવે - વધઘટ ક્યારેય થાય જ નહિ જેમ કે..

૯ × ૨ = ૧૮        ૧ + ૮ = ૯

૯ × ૩ = ૨૭        ૨ + ૭ = ૯

માનો પ્રેમ આવો ૯ ના પરિપૂર્ણ આંક જેવો સમાન છે.

"કહો આ વિશ્વનું શું છે સાચું સ્વરૂપ ? પ્રેમલ આ જગતમાં "મા" પોતે પ્રેમ સ્વરૂપ...."

માની ગોદમાં જે સુખ-શાંતિ છે એ બીજે ક્યાંય નથી. માનો ખોળો તો થાકી ગયેલ જીંદગીનો મીઠો અને મધુર વિસામો છે. એટલે જ તો ધર્મરાજ યુધિષ્ઠિર પણ જ્યારે કુંતામાતાના ખોળામાં માથુ મુકીને સુતા હતા ત્યારે બોલી ઉઠ્યા હતા કે...

"સ્વર્ગ બીજે ક્યાંય નથી, એ અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે....!"

" જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે."

બાળકને હોંશિયારી અને ચતુરાઈ ભલે બાપ આપે પણ સ્નેહ અને સંસ્કાર તો મા જ આપી શકે. માના વાત્સલ્યથી જ તો બાળકનું જીવન ઘડાય છે. કારણ કે "પિતા ભલે પરિવારના વડીલ હોય પરંતુ મા તો પરિવારનું હૈયું છે - હ્રદય છે"

પહેલાના સમયમાં બાપા અને બા કહેતા હતા. બાપા એટલે બાનો પા ભાગ. જ્યારે હવે પાપા કહેવાય છે. પા નો પણ પા ભાગ. ખરેખર તો આજના પાપા પાસે બાળક માટે સમય જ ક્યાં છે ? આધુનિક યુગની

# નારી સૃષ્ટિ

વ્યસ્તતામાં અટવાઈ ગયેલા પાપા પાસે કુટુંબ કે બાળકને આપવા માટે બધું જ છે પણ સમય નથી. આમ મા જ બાળકની ફક્ત જન્મદાત્રી જ હીં પણ જીવનદાત્રી અને સંસ્કારદાત્રી બની રહે છે.

"જનની ગુરુણાં ગુરુઃ !"

મા તો ગુરુઓની પણ ગુરુ છે. બાળક માટે પ્રથમ ગુરુ મા જ છે કારણ કે બાળક ઉપર માનો જ સૌથી વધુ પ્રભાવ હોય છે. બાળક જેટલું સ્કુલમાંથી નથી શીખતો એટલું ઘરમાંથી શીખે છે. સ્કુલમાં શિક્ષકો તો પુસ્તકલક્ષી કેળવવણી આપે છે જ્યારે જીવનલક્ષ્મી કેળવણી તો ફક્ત મા જ આપી શકે છે. માટે જ તો "નહિ માતા વિના કુળ", કહેવાય છે ને !

સ્કુલમાં તો બાળક થોડું મોટું થાય ત્યારે જાય પણ એના શિક્ષણની શરુઆત તો જન્મથી કે પછી બાળક માના પેટમાં હોય ત્યારથી જ એના સંસ્કાર સિંચનની શરૂઆત થઈ જાય છે.

એક માતા સો શિક્ષક બરાબર છે. ગાંધીજીને પુતળીબાઈએ, લવ-કુશને સીતાજીએ અને શિવાજીને માતા જીજાબાઈએ જે સંસ્કારધન આપ્યું છે તે ક્યાં કોઈથી અજાણ્યું છે ? શિવાજીને વીરતાના પાઠ માતા જીજાબાઈએ હાલરડાં ગાઈને જ ભણાવ્યા હતા ને..?

"પોઢજો રે મારા બાળ પોઢી લેજો પેટ ભરીને આજ, કાલે કાળા યુદ્ધ ખેલાસે, સુવા ટાણું ક્યાંયે ના રહેશે,

કાયા તારી લોહીમાં ન્હાશે, ઢાંકણ તે દિ ઢાલનું થાશે, શિવાજીને નિંદરુ ના' વે માતા જીજાબાઈ ઝુલાવે...."

વળી ચક્રવ્યુહના ૬ કોઠા ભેદવાની વિદ્યા તો અર્જુનપુત્ર અભિમન્યુએ માતા સુભદ્રાના ગર્ભમાં હતા ત્યારે જ શીખી હતીને...!

આમ મા એ બાળકની પ્રથમ શાળા છે. જવાહરલાલની જાજરમાન જનેતા સ્વરૂપરાણીને કેમ ભૂલી શકાય ? જનનીના જતનથી તો દેશને પંડિત જવાહરલાલ જેવા પુત્રરત્નની પ્રાપ્તિ થઈ હતીને ? રોજ રાત્રે સૂતા પહેલા માતા સ્વરૂપરાણી પુત્રને રામાયણ-મહાભારતના વીરોની અને ભગવાન શ્રીરામ તથા શ્રી કૃષ્ણની વાતો કરતા જે સાંભળીને જ બાળક જવાહરમાં વીરપુત્ર બનવાની ઝંખના જાગ્રત બની હતી. જવાહરલાલ નહેરુએ પોતાની આત્મકથામાં લખ્યું છે કે....,

"મારી ઉપર મારી જનેતાનું બહુ મોટું ઋણ છે..."

બાળકના સુખ માટે મા કેટલું કરે છે.... ? બાળકને મોટું કરવામાં તેના ઉછેર પાછળ પોતાની જાતને વિસરી જાય છે. બાળક બિમાર થાય તો ચિંતામાં રાત-દિન જાગીને સાર સંભાળ લે છે, ઉજાગરા કરે છે, ખાવા-પીવાનું ભૂલી જાય છે. પોતે ભીનામાં સૂઈ બાળકને સુકામાં સુવડાવે છે.

"સ્નેહમાં છે ચડીયાતી જનેતા સ્નેહમાં છે ચડીયાતી, પ્રેમ સુધા રસ પાતી જનેતા સ્નેહમાં છે ચડીયાતી,

નિજ બાળકની નિંદર માટે હરખે હાલરડાં ગાતી, નિરાંતે પોતે સુવે નહિ ને ઉંઘમાં ઝબકી જાતી જનેતા...."

ખરેખર બાળકને લાડ લડાવતી સંસારની દરેક મા સુંદર અને સંપત્તિવાન છે. મા ક્યારેય કુરુપ, દરિદ્ર કે વૃદ્ધ થતી નથી. મા તો જીવનનૈયાની સુકાની છે. જે બાળકોને માનો પ્રેમ મળે છે તે નસીબદાર છે. પરંતુ બધા બાળકો માનો આવો પ્રેમ અને મમતા પામી શકતા નથી. માટે જ કહેવાય છે કે "ઘોડે ચડનાર બાપ મરજો પણ રેંટિયો કાંતનારી મા ના મરજો". જો મા હોય તો બાળકોને મોટા પણ કરે અને મહાન પણ બનાવી શકે છે કારણ કે....

માટે જ તો મા વગરના બાળકનું હૈયું કલ્પાંત કરી ઉઠે છે કે

"ઓ માત રે મારે કોની ગોદમાં જાવું ? મને કોણ કહેશે ખમ્મા રે ખમ્મા..."

ખરેખર મા તો નિરાશામાં આશા છે, દુઃખમાં આશ્વાસન છે, દુર્બળતામાં શક્તિ અને નિરાધારમાં આધાર છે. મા એ માપવાનું નહિ પણ પામવાનું તત્વ છે, જાણવાનું નહિ પણ માણવાનું સર્જન છે, દિમાગનો નહિ પણ દિલનો સંબંધ છે. કલમને કાગળ ખૂટી જાય, શાહીને શબ્દો ખુટી જાય, વાણી અને આંખના પાણી ખૂટી જાય પણ માની મમતા, સમતા અને પ્રભુતાનો ક્યારેય પાર પામી ના શકાય. માટે જ તો કહેવાય છે ને કે

"ગોળ વિના મોળો કંસાર, માતા વિના એવો સૂનો સંસાર". કેટલી મહાન છે મા - ત્યાગ સમર્પણ અને કરૂણાની દેવી...!

"કવિ કવિતાની નીચે પોતાનું નામ લખે છે, ચિત્રકાર કલાકૃતિ નીચે પોતાનું નામ લખે છે, પણ ઈશ્વર...? ઈશ્વર જેવો કોઈ મહાન કલાકાર નથી. એ માનવીને સર્જે છે. પણ માનવીની નીચે પોતાનું નામ નથી લખતો પણ "મા" ઈશ્વરની મહાનતાનું જ પ્રતિક છે. એ બાળકએ એના પિતાનું નામ આપી દે છે..."

- બરકત વિરાણી



**પ્રાગજીભાઈ પટેલ**
લેખક : નારી શક્તિના પ્રખર પક્ષધર છે.

# સ્ત્રી 'લક્ષ્મી' છે

આપણસ્ત્રીને 'ઘરની લક્ષ્મી' કહીએ છીએ, પણ મોટાભાગે લક્ષ્મી એટલે નાણાં કે ધીકતો ધંધો એવો જ અર્થ કરીએ છીએ. જાડા ચોખામાં પણ સ્વાદ મૂકનારી સ્ત્રી 'લક્ષ્મી' નહીં ? ઘરમાં સંતોષનું વાતાવરણ પેદા કરે તે સ્ત્રી 'લક્ષ્મી' નહીં ? પતિને ટેકારૂપ બને, બાળકોને સારા સંસ્કાર આપે તે 'લક્ષ્મી' નહિં ? ઘરમાં સ્નેહ અને સંપને વધારે તે શું 'લક્ષ્મી' નહિં ?

પતિના જીવનમાં ખરાબ સમય આવે ત્યારે તેનો દોષ પત્નીના 'ખરાબ પગલાં'ને આપવો અને પતિના ભાગ્યનો ઉદય થાય ત્યારે પતિ માને કે હું ભારે નસીબદાર કે ખૂબ મહેનતું - આવું કેમ ? હકીકતે પત્નીને કે પોતાને ઘેર અવતરેલી પુત્રીને આ રીતે સારા કે ખરાબ નસીબની માની લેવી તે તદ્દન ખોટું જ છે.

ભાગ્ય કરતાં પણ એક વધુ મોટી શક્તિ માણસનું પરાક્રમ છે અને પરાક્રમ કરતાં પણ વધુ મોટી શક્તિ માણસનો પ્રેમ છે. આપણે પરમાત્માને એટલે જ પ્રેમસ્વરૂપ કલ્પીએ છીએ. બીમાર માતા કે પિતા માટે હોંશે હોંશે ગમે તેટલા દુઃખ ઉઠાવી લેનારો પુત્ર કે પુત્રી આ પ્રસંગને પોતાનું 'દુર્ભાગ્ય' ન જ ગણે તમે જ્યારે સ્વેચ્છાએ પ્રેમ ખાતર કંઈ પણ કરો છો ત્યારે તે 'દુર્ભાગ્ય' રહેતું જ નથી.

છૂટાછેડા લીધેલી સ્ત્રી પોલીસ (મિસિસ સીમ્પસન) પ્રત્યે ઈંગ્લેન્ડનો રાજા આઠમા એડવર્ડને પ્રેમ જાગે અને તેને પરણવા માટે તે ઈંગ્લેન્ડની રાજગાદી પણ છોડી દે તો આ માણસના 'દુર્ભાગ્ય' માટે કોણ જવાબદાર ? વોલિસે તો કહ્યું કે, હું તો સામાન્ય સ્ત્રી છું ! મારા માટે રાજગાદી શું કામ છોડો છો ? એડવર્ડે કહ્યું કે મારા માટે તું ઈંગ્લેન્ડની રાજગાદી કરતાં વધુ કિંમતી છે ! તું મારું સુખ છે અને તારા વગર જીવવાનું મુશ્કેલ છે રાજગાદી વગર મને ચાલશે તારા વગર નહિં ચાલે ! આઠમા એડવર્ડને મન વોલિસનો પ્રેમ અને સહચાર પ્રાપ્ત કરવો એ જ શ્રેષ્ઠ ભાગ્ય હતું રાજા થવું એ નહિં !

પતિ અને બાળકો માટે પ્રાણ પાથરે છે તે સ્ત્રી 'લક્ષ્મી' જ છે અને જે પુરુષ પોતાના ઘર માટે પત્ની અને બાળકો માટે ગમે તેટલો કઠોર પરિશ્રમ કરવા તત્પર છે, ગમે તેટલી હાડમારી રાજીખુશીથી ઉઠાવવા સજ્જ છે તે પુરુષ 'વિષ્ણુ' છે.

આજકાલ યુવાનો અને યુવતીઓ લગ્નના હેતુથી એકબીજાની કુંડળીઓ મેળવે છે, એકબીજાની ડિગ્રીઓનો મેળ બેસાડે છે, એકબીજાની ઊંચાઈ અને વજનના આંકડા સરખાવે છે. કુંડળીઓ મેળવવામાં કે બંનેના તબીબી રિપોર્ટો મેળવવામાં વાંધો નથી પણ આવા યુવક-યુવતીઓએ સમજવાની જરૂર છે કે લગ્નનું સાચું હાર્દ હણાઈ જાય એટલી હદે આવી ગણતરીઓમાં પડશો તો તમને સૌથી મોટું અને ભરપાઈ થઈ ના શકે તેવું નુકસાન એ થશે કે બે અજાણી વ્યક્તિઓના મિલન, પરિચય અને પિછાન દ્વારા પ્રેમ તથા શ્રદ્ધાની શક્તિના બળે પરસ્પરને પામવાની આખી રોમાંચક યાત્રા જ આરંભાયા પહેલા ખતમ થઈ જશે, કોઈ લગ્ન કોઈ તબીબી યોગ્યતા, શાહુકાર તરીકેના પ્રમાણપત્રો કે લાયકાતના ભલામણ પત્ર ઉપર સફળ થતાં નથી. તમારી પોતાની જાત જેને તમે એક "જાણેલી રકમ" ગણો છો તેને એક બીજી વ્યક્તિ જે એક 'અજાણી રકમ' છે તેના સરવાળા અને ગુણાકારમાંથી તમે એક લગ્ન અને કુટુંબનું નિર્માણ કરી શકો છો. લગ્ન માટેની સૌથી પહેલી અને સૌથી છેલ્લી લાયકાત લાગણીભર્યું, ઉદાર અને કરુણાસભર હૈયું છે. આ મન હૃદયનો કારોબાર છે.

સાચી વાત એ કે, લગ્ન અને પ્રેમ શ્રધ્ધાનો વિષય છે, તે ગણતરી અને શંકાનો વિષય નથી. સાંપ્રત સમયમાં કોઈ પણ અખબારમાં એ સમાચાર દૃષ્ટિગોચર થશે જ કે ગૃહકલેશને કારણે પરિણિતાની આત્મહત્યા, કદાચિત કોઈને એ પ્રશ્ન થાય કે તો પછી લગ્ન કરવાની શી શરૂર છે ?

વારંવાર દુષ્કાળ પડવા છતાં ખેડૂત અનાજ ઉગાડવાનું બંધ નથી કરી દેતો તેમ થોડી સમસ્યાઓ હોવા છતાં, પતિ-પત્નીને ખભે-ખભો મિલાવી જીવન રસપૂર્ણ બને, ભર્યુ ભર્યુ લાગે, તે માટે જાગૃત રહેવું પડશે તો જ લગ્ન જીવન સાર્થક થઈ શકે.

નિ:સ્વાર્થ પ્રેમ, ત્યાગ, વફાની ભાવનાનો પાયો, સુખી લગ્નજીવન માટે આવશ્યક જ નહી પણ અનિવાર્ય ગણાય.

જે સમાજમાં લગ્ન અંગેનો નિર્ણય દહેજ, દાબદબાણ, જ્ઞાતિ, ગ્રહ, જન્માક્ષાર, અપરિચય અને સહજ આકર્ષણના અભાવ જેવી બાબતોથી ખરડાયેલો હોય તેવા લગ્નને બીભત્સ કહેવામાં શરમ ન રાખવી જોઈએ. આવી બીભત્સતાને અગ્નિની સાક્ષીએ કાયમી ન બનાવાય.

રોજ લાખોની સંખ્યામાં સમાજમાં કજોડાં સર્જાતાં રહે છે. હજાર દંપતીઓમાં માંડ એકાદ યુગલ જોવા મળે છે.

પ્રેમનો અર્થ જ જીવન છે, પરંતુ સંજોગોવશ કોઈ મરી જાય તે વાત જુદી છે. કોઈ વ્યક્તિ કોઈ બીજા માટે સહર્ષ મૃત્યુને વરે તે પ્રેમ જ છે. પરંતુ હું તમારા વગર જીવી નહીં શકું. લગ્ન કરો નહીં તો અમે મરી જઈશું જેવી વાતો વાહિયાત છે.

સમાચાર પત્રોમાં લગભગ આ રીતના સમાચાર આવે છે. પ્રેમીયુગલે રેલવે નીચે આવી આત્મહત્યા કરી, પ્રેમિકાએ બીજે લગ્ન કરી લેવાથી પ્રેમીએ ઝેર ખાઈ લીધું. પ્રેમીએ દગો દીધો તો પ્રેમિકા કૂવામાં પડી આ નરી મૂર્ખતા છે.

(અનુ. પેઈજ ૨૭ ઉપર)

## નારી સૃષ્ટિ



**શ્રીમતી સુનિતા ડી. વ્યાસ**
લેખિકા, કોલમિસ્ટ, દાર્શનિક અને સામાજીક કાર્યકર્તા,
ઊર્મિશીલ કાવ્ય તથા ગઝલની સશક્ત કવયિત્રી છે.

# સ્વયંને પ્રેમ કઇ રીતે કરવો ? સ્વયંનો સ્વીકાર એટલે શું ? આત્મ-પરિવર્તન માટે શું કરવું ?

મિત્રો, સત્યને જાણવું ખૂબ જ કઠિન છે. કોઈપણ વ્યક્તિને ત્યાં સુધી બદલી શકાતી નથી, જ્યાં સુધી એ ખુદ બદલાવા ન માંગે. તેના મનમાં ઊંડે ઊંડે થાય પણ છે વાત સાચી છે પણ જો એ તમારી વાત સ્વીકારે તો... તેના અહંકારના ટુકડેટુકડા થઈ જાય છે. ગભરાશો નહીં. ધીરે ધીરે તમે તેના સુધી પહોંચી શકશો.

જે ઘડીએ તમે તમારી જાતને સ્વીકારો છો તે જ પળે તમે ખુલી જાઓ છો. જિંદગી નવો રંગ ધારણ કરે છે. એક નવું સંગીત શરૂ થાય છે. જિંદગી અને મૃત્યુ એક જેવું લાગે છે પછી એકાંત કે સાથ કંઈ જ ભેદ નથી હોતો. પછી જે કંઈ થાય છે તે સારું જ થાય છે તે વાત સમજાય છે. પરંતુ સદીઓથી તમને તમારી જાતનો સ્વીકાર નહીં કરવાની તાલીમ આપવામાં આવી છે. તમારું ભવિષ્ય પણ માતાપિતા અને સમાજ નક્કી કરે છે. તમે સ્વતંત્ર નથી. તમે કંઈ નવું જાણો તે પહેલાં તમે હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, જૈન, પારસી બની ગયા હોવ છો. ધર્મગુરુ અને સમાજ બચપનથી તમે શું છો તે જાણો તે પહેલાં તમારા વ્યક્તિત્વને બદલી કાઢે છે. માનવજાત આ રીતે સદીઓથી જીવતી આવી રહી છે. વર્ષોના ચિંતન-મનન પછી હું આ રહસ્યને જાણી શકી છું. હું પણ બધા જ ધર્મો પ્રમાણે તેને અનુસરી છું પણ એ બધા પગથિયાં હતાં. ચઢી ચઢીને થાકી જવાય છે. પણ મિત્રો, હવે પ્રભુએ મને લિફ્ટ આપી છે. સેકંડોમાં તેની પાસે પહોંચી શકાય છે. તે રસ્તો મને મળી ગયો છે. તમને પગથિયાં ગમે છે કે લિફ્ટ ગમે છે એ તમારી મરજી તમારે શું કરવું ? પણ મિત્રો, દુનિયાની વાત પર વર્ષોથી ભરોસો કરતો રહ્યો છે માનવ. પણ પોતાની જાત પર ભરોસો નથી કરી શકતો. સ્વયં પર ભરોસો કરવાનું બીજું નામ છે આત્મવિશ્વાસ એ વાત હું તમને વારંવાર યાદ કરાવું છું.

જીવનમાં સૌથી અઘરું કામ છે દુનિયાનું તો તે છે પોતાની જાતનો સ્વીકાર. કહીએ છીએ આરામ ન કરો. મરો ત્યાં સુધી બેસો નહી. દોડો. મિત્રો, હું કહું છું તમારા અંતરાત્માના અવાજ સાથે દોડો. તમારી જાતનો સ્વીકાર કરો તે જ ખરી પ્રાર્થના . જ્યારે તમે મનથી ખુલ્લા હોવ છો ત્યારે સમગ્ર અસ્તિત્વ પોતાની શક્તિ તમારામાં ઠાલવે છે. સારું અસ્તિત્વ એક જેવું લાગે છે. ન રંગ ન રૂપ છતાં બહુરૂપી બહુરંગી લાગે છે આ અસ્તિત્વ. ત્યારે તમારા મુખમાંથી નીકળી પડે છે. શું પ્રભુ તારી લીલા.

મિત્રો, આ દુનિયામાં ક્યારેક નિર્દોષ શિક્ષાપાત્ર બને છે. નિર્દોષને સમાજ મૂર્ખ માને છે અને કપટીને બુદ્ધિશાળી. આડંબર ભરેલા સમાજમાં દેખાડો કરે તેનો સ્વીકાર થાય છે. તમારું જીવન તમે શિક્ષા સર્જવાના પ્રયત્નમાં પુરું કરો છો. ઉત્તમ કોઈ પ્રયાસમાં નહીં. તમે ગમે તેટલું સારું કરશો પણ દુનિયાની દૃષ્ટિએ તમે જે કંઈ કરો છો તે ખોટું હોય છે.

એક વ્યક્તિએ ઓશોને પૂછ્યું હતું, “ઓશો ! તમે પ્રેમની વાત કરો છો પણ મારી પાસે આપવા જેવું કશું જ નથી. હું મારા પ્રેમીને શું આપી શકું ?” ઓશોએ સુંદર જવાબ આપ્યો હતો તે આ પ્રમાણે છે - મિત્ર ! તારી પાસે શું નથી ? તારી પાસે તમામ ફૂલોનું સૌંદર્ય છે, કારણ કે માનવ જ સૌથી મહાન ફૂલ છે. જે ગીત અને જે સૂર તારી પાસે છે તે પંખી પાસે પણ નથી છતાં તુ કહે છે કે મારી પાસે કંઈ નથી. વૃક્ષો લીલાછમ છે. તારાને પણ તેનું સૌંદર્ય છે. નદી પણ સુંદર છે પણ તમે મનુષ્યના ચહેરા જેવું સુંદર ક્યાંય કશું જોયું છે અને એમાં પણ તેની આંખોથી વધુ સુંદર કંઈ પણ તમે જોયું છે ? ગુલાબ તેની હરીફાઈ ન કરી શકે. કમળ તેની તાલે ન આવે. કેટલી ગહનતા છે! પણ તમારે એ જાણવું છે મારી પાસે પ્રેમમાં આપવા માટે શું ? તમે તમારી જાતને શિક્ષા આપીને જીવતા રહ્યા છો. તમને જ્યારે પણ કોઈ પ્રેમ કરતું હોય ત્યારે તમને નવાઈ લાગશે શું મને ?

તમારા મગજમાં વિચાર આવે છે એ મને ઓળખાતો નથી માટે પ્રેમ કરે છે. ઓળખાતો હોય તો કદી એ મને પ્રેમ ન કરે તેથી જ તો પ્રેમીઓ એકબીજાથી છૂપાતા ફરે છે. જ્યારે એ પોતાની જાતને જ ચાહી ન શક્યો હોય ને બીજું કોઈ પ્રેમ કરે તેનો વિચાર જ કઈ રીતે કરી શકે ?

પ્રેમ કરવાનું પોતાની જાતથી જ શરુ થાય છે. તમે પોતે સ્વયંને પ્રેમ નહીં કરો તો બીજી વ્યક્તિ તમને પ્રેમ કઈ રીતે કરશે ?

મિત્રો, તમારા જેવું કોઈ થયું નથી અને થશે પણ નહીં. તમે અનન્ય (ફક્ત એક જ)છો. તમારી સરખામણી કોઈ સાથે થઈ શકે જ નહીં. તમે સ્વયંનો સ્વીકાર કરો. સ્વયંને પ્રેમ કરો. ઉત્સવ મનાવો. બીજામાં સૌંદર્યને જોવાની શરૂઆત કરશો તો જ પ્રેમ કરવાનું શક્ય બનશે. તમે તમારી જાતને ઊંડાણથી જુઓ અને અન્યનો પણ સ્વીકાર કરો. આ એક એવી સ્થિતિ છે જેમાં પ્રેમ ખીલે છે.

મો. ૯૪૨૯૯ ૫૫૮૧૭


BIS
HUID JEWELLERY
JC™
SONI
JEWELLERS
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)
Pride of The Bride
WEDDING COLLECTION
OPP. HARIDARSHAN SOCIETY,
RAMJI MANDIR, RANIP, AHMEDABAD 382480
+91 97129 73101
412, HARDING PI ST 103,
NASHVILLE, TN 37211
+1 615 802 8650
12197 LEBANON RD,
SHARONVILLE, CINCINNATI, OH 45241
+1 224 415 4678



**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને
સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી વિભૂષિત છે.

# જિંદગીની ખુશીઓ ધનથી ખરીદી શકાતી નથી !

એ કેવું મહાઆશ્ચર્ય છે કે જે જમાનામાં ગરીબ કે અમીર, સામાન્ય કે અસામાન્ય વ્યક્તિનું જીવન અતિ વ્યસ્તતાથી ઘેરાયેલું હોય, ઝડપી હરણફાળ ભરતી ટૅકનોલોજીને કારણે એ ચપટી વગાડતાં દુનિયા આખીનો સંપર્ક કેળવી શકતો હોય અને તેમ છતાં એના જીવનમાં કંટાળાનો અનુભવ કરતો હોય છે. કંટાળામાંથી જાગતી એકલતાને કારણે એ આખી જિંદગીને વ્યર્થ માનવા લાગે અને જીવનને બદલે મૃત્યુમાં વધુ શાંતિ જોઈને આત્મહત્યા કરવા પ્રેરાય છે. વર્તમાન યુગના પશ્ચિમના સર્જકો તો ઠીક, પણ હવે ભારતીય સર્જકો પણ જીવનના ખાલીપાને દૂર કરવા માટે પાત્રને આત્મહત્યા કરતું આલેખે છે.

ટૅક્નૉલૉજીએ માનવીને દુનિયા આખીની ઓળખ આપી, પરંતુ એનાથી માનવીની એકલતા ઓછી થવાને બદલે એમાં અનેકગણી વૃદ્ધિ થઈ ગઈ. માનવ-માનવ વચ્ચેનો સીધો અને પ્રત્યક્ષ સંપર્ક તૂટી જતાં સંબંધોમાંથી ઉષ્મા, લાગણી, સૌહાર્દ અને મૈત્રીનો ભાવ ભૂંસાઈ ગયો. એક જ ઓફિસમાં બાજુમાં બેઠેલી વ્યક્તિ પોતાના સાથી કર્મચારી સાથે એસ.એમ.એસ. થી ચા પીવા જવા માટેનું નિમંત્રણ મોકલે છે. વોટ્સએપ દ્વારા જરૂરી બિનજરૂરી એવા સંદેશાઓના ઢગલા વચ્ચે માણસ દબાઈ જાય છે, તેમ છતાં એ સંદેશાઓ એને હૃદયસ્પર્શી બનતા નથી.

વ્યક્તિના અવાજનો રણકો, એમાં રહેલો લાગણીનો મુલાયમ સ્પર્શ અને એ અવાજની મધુર મીઠાશ માણવાનું સદ્ભાગ્ય માનવી સામે ચાલીને ગુમાવી રહ્યો છે. ભાષામાંથી સ્નેહ, સૌજન્ય, ભાવના કે દિલનો રંગ બીજાના હૃદયમાં સંક્રાંત કરવાની વાત વીસરાતી જાય છે. આજે તો ભાષાશુદ્ધિની પરવા કર્યા વિના વ્યવહારમાં અતિસંક્ષિપ્ત અને ટૂંકી ભાષા પ્રયોજાય છે. સુકાઈ રહેલા સંબંધોનો સંસ્પર્શ આપણને આ પ્રયોજાતી ભાષામાં થાય છે. આવે સમયે રશિયાના સમર્થ લેખક મૅક્સિમ ગૉર્કીનું સ્મરણ થાય છે. જગપ્રસિદ્ધ નવલકથા, નવલિકા, આત્મકથા અને નાટકોનું સર્જન કરનાર મૅક્સિમ ગોર્કી કથળતી તબિયતે અમેરિકાના પ્રવાસે ગયા, જોકે આ સમયે પણ એમનું નાટ્યલેખન અને નવલકથાલેખન ચાલતું હતું. અમેરિકાના પ્રવાસે ગયા, ત્યારે એમના ભોમિયાએ એમને અમેરિકાનાં કેટલાંય મનોરમ્ય સ્થળોની મુલાકાત કરાવી અને મનોરંજનનાં સાધનોનો પરિચય આપ્યો.

એ પછી સમૃદ્ધિમાં આળોટતા અમેરિકાની વિદાય લેતી વખતે મૅક્સિમ ગૉર્કીને ભોમિયાએ પૂછ્યું, 'આ અમેરિકામાં આટલાં બધાં આનંદપ્રમોદનાં સાધનો અને આટલાં બધાં મનોરંજનનાં સ્થળો જોયા પછી અમેરિકા વિશેનો તમારો શો અભિપ્રાય છે?

ત્યારે મૅક્સિમ ગોર્કીએ ગળગળા થઈને જવાબ આપ્યો, 'જે દેશની પ્રજાને મનોરંજન માટે આટલા બધાં સ્થળો અને કેટલાંય સાધનોની જરૂર પડતી હશે, તે દેશની પ્રજા હકીકતમાં કેટલી બધી દુઃખી હશે?'

વર્ષો પહેલાં મેક્સિમ ગૉર્કીએ કરેલી એ વાત આજે માત્ર અમેરિકાની પ્રજા પૂરતી જ મર્યાદિત નથી, બલકે ટૅક્નોલોજીપરસ્ત સઘળા દેશોની હકીકત છે અને હવે તો ટેકનોલોજીએ ઓફિસમાં જતા કર્મચારીને ઘરમાં બેસાડી દીધો છે. એ ઘેર બેઠા બેઠા પોતાની ઓફિસનું સઘળું કામ કરે છે અને આવતી કાલે મશીનના સતત વિસ્તરતા પ્રભાવને કારણે કાં તો મશીન આગળ માણસ નબળો કારીગર સાબિત થશે કે બેકાર બની જશે અથવા તો એને જીવનયાપન માટે કામ નહીં કરવાનો પગાર આપવામાં આવશે!

આજના માનવીએ જીવનમાં એવી દોડધામનું સર્જન કર્યું કે જેને પરિણામે વ્યક્તિને જીવનનો હેતુ, લક્ષ્ય, પ્રયોજન કે સાર્થકતા વિશે વિચારવાનો ભાગ્યે જ સમય મળે છે. પરિણામે એ પ્રચંડ 'બોરડમ'નો ભોગ બને છે, કારણ કે એને જે બાબત જાણવાની જરૂર છે એ અમૂલ્ય જીવન વિશે તો અંધારિયા કૂવામાં ફાંફાં મારે છે.

રશિયાના મહાન રહસ્યવાદી ઓસ્પેન્સ્કીને એના જ્ઞાનનું ગુમાન હતું. એ જ્યારે અન્ય રશિયન રહસ્યવાદી જ્યોર્જ ઈવાનોવિચ ગુર્જિયેફને મળવા આવ્યો ત્યારે મુલાકાતના પ્રારંભમાં ગુર્જિયેફે એને

કહ્યું, 'મેં સાંભળ્યું છે કે તમે મહાપંડિત છો, પરંતુ આપણે વાર્તાલાપ કરીએ તે પહેલાં તમે એક કામ કરી લાવો. ઘેર જઈને બે કાગળ લેજો. એક કાગળ પર તમે શું જાણો છો તે લખજો અને બીજા કાગળો પર તમે શું જાણતા નથી તે લખીને લાવજો. આને આધારે આપણે આવતી કાલે વાત કરીશું.'

તત્વજ્ઞાની ઓસ્પેન્સ્કી ઘેર ગયા. પોતે શું જાણે છે એ વિશે વિચારવાનું શરૂ કર્યું, પણ કશું લખી શક્યા નહીં. એમણે વિચાર્યું કે એ ઈશ્વર વિશે, વિશ્વ વિશે, સત્ય વિશે કે આત્મા વિશે ખરેખર શું જાણે છે ? અને એમને ખ્યાલ આવ્યો કે ભલે એ વિખ્યાત તત્વજ્ઞાની હોય, પણ જે બાબતો જાણવાની જરૂર છે એ અંગે કશું જ જાણતા નથી.

આજનો માનવી જાણવા જેવું જાણતો નથી. એ વહેલી સવારથી મોડી રાત સુધીની એની દિનચર્યાના બંધનમાં જકડાઈ ગયો હોય છે. મુંબઈ કે કોલકાતા જેવાં મહાનરોમાં નોકરી કરીને રાત્રે લોકલ ટ્રેનમાં પાછા ફરતા મુસાફરોના ચહેરા તમે જોયા હશે ! એમના ચહેરા પર કોઈ નૂર હોતું નથી. અતિ શ્રમ અને ભારેખમ જિંદગીના થાકનો બોજ એમનાં મુખ પર લદાયેલો હોય છે. કોઈની આંખોમાં શૂન્યતા વ્યાપેલી હોય છે, તો કોઈ થાકીને ઝોકાં ખાતા હોય છે. કોઈ નિર્જીવ હોય તેમ લમણે હાથ દઈને આંખોમાં ઘેરી નિરાશા સાથે સફર કરતા હોય છે.

જીવનમાં આવતો કંટાળો એ એક વિલક્ષણ બાબત છે. એ નાના નોકરિયાતની જેમ મોટા ઉદ્યોગપતિને પણ ઘેરી વળે છે. કોઈ ઉચ્ચ સરકારી અધિકારીની સાથોસાથ કોઈ પ્રખર વિદ્વાન કે પીઢ રાજકારણીને પણ એમના જીવનમાં કંટાળાનો અનુભવ થતો હોય છે. બંધિયાર સરોવરના પાણી પર જેમ લીલ બાઝી જાય, તેમ કંટાળાની લીલ એના જીવન પર જામી ગઈ હોય છે.

વર્તમાન યુગમાં શેરબજારમાં અઢળક કમાણી કરનાર વૉરન બફેટને અહીં યાદ કરીએ. કોઈ મોટી લાભદાયી ઘટના, એકાએક થતી જંગી કમાણી કે રાતોરાત શૅરના વધતા ભાવોથી વૉરને બફેટને કોઈ વિશેષ આનંદ કે રોમાંચ પ્રાપ્ત થતો નથી. કારણ એટલું કે એમને એવી પ્રતીતિ છે કે જિંદગીની ખુશીઓ ક્યારેય ધનથી ખરીદી શકાતી નથી. જિંદગીની ખુશી તો એમને સાગરકિનારે અસ્તાચળ પામતા દરિયાની ભીની ભીની રેતીમાં ખુલ્લા પગે ટહેલવામાં મળે છે. કિનારા પર વહેતો મંદ મંદ સમીર એમના મનને તાજગી આપે છે અને ક્યારેય કૉફી-શૉપમાં બેસીને આવતા-જતા લોકોના ચહેરાઓ, હાવભાવ અને જીવનશૈલી જોવામાં આનંદ આવે છે. **'બોરડમ'થી દૂર થવા માટે વૉરન બફેટ આનંદપ્રાપ્તિની એવી ચાવી મેળવી કે સામાન્ય બાબતોમાંથી જ અસામાન્ય આનંદ મેળવી શકાય છે.**

(અનુ. પેઈજ ૨૩નું શરૂ)

## સ્ત્રી 'લક્ષ્મી' છે

જ્યારે આવા પ્રેમીઓ લગ્ન કરવામાં સફળ થાય છે તો બીજા જ દિવસથી વાતવાતમાં ઝઘડવાનું શરુ કરી દે છે. પ્રેમના નામે જે યુવક-યુવતી પહેલાથી જ એવું નક્કી કરે છે કે આપણે જીવનભર સાથે રહીશું તેને જ પ્રેમ કહેવાય.

પ્રેમપૂર્વક જો કોઈ બે વ્યક્તિ સાથે રહેવા ઈચ્છે તો એને લગ્નનું લેબલ આપવામાં આવે કે ન આવે પણ એને સ્વીકૃતિ મળવી જોઈએ. પરંતુ પ્રેમ વિના દાંપત્યના સુંદર લેબાશમાંય જો કોઈ જીવનભર ગોંધાઈ રહેવાનું ઈચ્છે તો એ મજબૂરી, ભીરૂતા કે કોઈ મૃત પરંપરાનો નિષ્પ્રાણ હિસ્સો જ ગણાય.

જીવનના સૂક્ષ્મ નિરીક્ષણ પછી એવું લાગે છે કે લગ્ન સંસ્થા જે રીતે જીવે છે તે વ્યક્તિ કે સમાજ માટે હિતકર નથી. વહેલી તકે હવે કોઈએ એવો વિકલ્પ શોધી કાઢવો જોઈએ જેમાં પ્રેમી અને સ્વતંત્રતા સલામત રહે અને છતાં પલાયન, બેજવાબદારી કે બેકાબૂ વાસનાને પ્રોત્સાહન ન મળે. સ્ત્રીનું સન્માન અને ગૌરવ બન્ને જો જળવાય તો જ સહજીવન સાર્થક થયું ગણાય.

જગતમાં તમામ દુઃખો સહ્ય હોય છે. પણ જેણે ધરાઈ ધરાઈને પ્રેમ કર્યો હોય તે જ વ્યક્તિ આપણને ધિક્કારવા લાગે કે એની આંખમાંથી આપણા હોવાનો અર્થ ઓસરવા લાગે તો એ સૌથી મોટી પીડા છે. માણસને હથોડાના ઘા જ તોડે છે એવું નથી. ક્યારેક શબ્દોના બાણ અને એતરાજીથી ભરેલી નજર પણ હૃદયના ટુકડે ટુકડા કરી નાખે છે. માણસનું સૌંદર્ય એના શરીરમાં નહીં, પ્રેમથી ભરેલા હૃદયમાં છે અને જ્યારે આ હૃદય તૂટે ત્યારે શરીર પરનું સૌંદર્ય આપોઆપ ઓસરવા લાગે છે. એના ચહેરા પરની ચમક અને રોશની ચાલી જાય છે. તાજાં ખિલેલા ફૂલ જેવા ગાલ કરમાવા લાગે છે. આંખોની નીચે આપોઆપ કાળા કુંડાળા અને દીપ્તિહીનતાનો વ્યાપ વધવા લાગે છે.



**ભદ્રાયુ વછરાજાની**
લેખક જાણીતા કેળવણીકાર અને
મોટીવેશનલ સ્પીકર છે.

# શું આપણે સૌ ભિખારી છીએ ?

હા, આપણે સૌ ભિખારી છીએ. કશું સ્થૂળ માંગીએ કે ન માંગીએ, આપણે સૌ beggars of attention તો છીએ જ.

મંદિરમાં જઈ હાથ જોડી એમ કહીએ કે : યથા યોગ્યમ્ તથા તથા કુરુ : તો તે પ્રાર્થના છે; પણ હે ભગવાન દીકરાને સારા ટકા આવે તેવું કરજો, એમ કહીએ તો તે માંગણી છે, ભીખ છે, પ્રાર્થના નથી... પણ પ્રાર્થના જો આપણે અન્ય નોંધ લે તે માટે કરતાં હોઈએ તો તે પણ ભીખ છે અને આપણે 'ધ્યાનાકર્ષક ભિખારી' છીએ.

વાત થોડી વિચિત્ર છે. ઝટ ગળે ઊતરે તેવી નથી. પણ આપણાં સૂક્ષ્મ અહ્મને બાજુમાં બેસાડી દઈ વિચારીએ તો વાત ખોટી નહીં લાગે. એક પ્રકારની માનવીય મર્યાદા છે જેનાં મૂળિયાં ઊંડા છે : આપણને કોઈનું ધ્યાન ખેંચવાની તાલાવેલી હોય છે, ભૂખ હોય છે અને આ ભૂખમાંથી જ ભીખ જન્મે છે! કારણ એવું છે કે હું મને જ ઓળખતો નથી, તેથી હું મારી ઓળખાણ કોઈકની આંખોમાં શોધું છું. કોઈના શબ્દોમાં ખોજું છું, કોઈકના સ્વીકારમાં તલાશું છું. મારો ચહેરો અન્યની આંખે કેવો દેખાય છે તેની મને ચિંતા રહે છે. મારો વિચાર અન્યના અભિપ્રાયનો મોહતાજ રહે છે. મારું વ્યક્તિત્વ અન્યની મહોર લાગે તેની સતત પ્રતીક્ષા કરે છે. તેઓ શું માનશે, તેઓ શું કહેશે તેની મૂંઝવણમાં હું અટવાઉં છું... હું અન્ય પાસે સતત સતત કશુંક ઈચ્છું છું, માંગુ છું, યાચું છું... એ દૃષ્ટિએ હું જન્મજાત



ભિખારી છું.

હું એક જ નહીં, તમે એક જ નહીં,... આપણે સૌ આ પૃથ્વી પર જન્મ લેનાર સૌ માનવ ભિક્ષુક જ છે. જ્યાં સુધી માનવ પોતાનો 'આધારભૂત સ્વ' ન શોધી શકે ત્યાં સુધી આ સ્થિતિમાં બદલાવ ન આવી શકે. My Authentic Self કોઈ પણના અભિપ્રાય, ધ્યાન, વિવેચન, અસંમતિ પર અવલંબિત નહીં હોય ! અઘરું છે આ કામ. આપણા "આધારભૂત - અધિકૃત આત્મન"ની શોધ કરવી કપરી છે. કારણ અન્યનું આકર્ષણ આપણા વ્યક્તિત્વનું પોષણ છે. આપણે પરોપજીવી છીએ. કોઈ આપણી સામે જોશે તો આપણે રાજી થઈશું. કોઈ બાજુમાંથી પસાર થઈ જશે અને આપણા તરફ નજર પણ નહીં કરે તો આપણે દુઃખી થઈશું. જીવનભર beggars of attention રહેવું આપણો નિજ શોખ છે, તેથી તો અન્યથી કંઈક જુદું કરવાની ઈચ્છા થાય છે. તેથી તો 'હટકે' જીવવા મથીએ છીએ.

ભૂખ પણ અહ્મની જરૂરિયાત છે. કોઈકનું આપણા તરફનું ધ્યાન એ આપણા અહ્મનું પૌષ્ટિક પોષક તત્વ છે. આપણે ભૂલી જઈએ છીએ કે આપણું વ્યક્તિત્વ પાણી ઉપર આપણે કરેલા હસ્તાક્ષર છે, તમે સહી કરી નથી ને એ અદશ્ય થયા નથી ! આ નાનકડું સત્ય સમજાય તો જંગ જીતી જવાય.

ઉકેલ છે આ ભિખારીપણાને મિટાવવાનો ? હા, છે જરૂર છે. કઠિન છે, પણ સરળતાથી પ્રાપ્ત થઈ શકે તેવો ઉકેલ છે. મારે સતત યાદ રાખવાનું છે કે હું Absolute Authority છું, હું જ મને ઓળખી શકું છું. તમે મને મારામાં શું ખૂટે છે તે કહેજો, મારામાં શું છે તે તો હું જ શોધી લઈશ. આવો, આકાશમાં પંખીઓ જોઈએ, વગડાનાં ફૂલો નિહાળીએ. રોજ જોઈએ. એમનો મૂક ઉપદેશ ઝીલીએ. ભગવાનને ભરોસે, મુક્ત વિહાર, નિશ્ચિંત ખિલવણી; કેવી સ્ફૂર્તિ, કેવુ સૌદર્ય, કેવો શણગાર ! પ્રકૃતિનું એ દાન. કુદરતનું વરદાન. એક ક્ષુદ્ર પક્ષી માટે, એક નાનકડા ફૂલ માટે !.... આપણે તો માનવ. કુદરતનું અદકેરું સર્જન. સૃષ્ટિના કીડાંગણનું પુષ્પ. પેલાં પક્ષીને, પેલાં પુષ્પને ચિંતા છે કોઈના અભિપ્રાયની ? કોઈના મૂલ્યાંકનની ?.... એ માંગે છે

## સમાજ સૃષ્ટિ




**ડો. ભાવેશ જેતપરિયા**
લેખક, સંશોધક, સંપાદક, અધ્યાપક,
સભાસંચાલક અને પ્રવક્તા
(પૂર્વ પ્રોફેસર જે. એ. પટેલ મહિલા કોલેજ - મોરબી)


# આ તો સપનું છે સંસાર

લોકસંસ્કૃતિનું ઉત્તમ સત્વ એટલે લોકગીત. લોકોનું, લોકો દ્વારા રચાયેલું આ સાહિત્ય માણસને સાથે લઈને માણસની સાથે સાથે ચાલ્યું છે. હમણા એક લોકપ્રિય ગીત સાંભળવામાં આવ્યું:

**આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો;**
**ખળખળતી નદિયું રે, સાહેલી, મારાં સપનામાં રે.**

આ લોકગીતમાં આવનાર સમયમાં સાસરે જવાનું છે તેવી નવોઢાનું આ સ્વપ્ન છે. એને રચેલાં સપનાંને આપણી સામે રજૂ કર્યા છે. નવોઢાને સ્વપ્નમાં ઘમ્મર વલોણું, દહીં - દૂધના વાટકા, લવિંગની લાકડી, ઢીંગલાં-પોતિયાં, જટાળો જોગી, સોનાની થાળી, પારસપીપળો, તુળસીનો ક્યારો, ગુલાબ ગોટો, ફૂલની ફોરમ વગેરે યાદ કરીને તે બધાં કલ્પનોને પરિવારના સભ્યોની સાથે જોડે છે. એક અંતરો જોઈએ:

**ગુલાબી ગોટો ઈ તો અમારો પરણ્યો જો;**
**ફૂલડિયાંની ફોરમ, સાહેલી, મારી ચૂંદડીમાં રે...**

સપનાં અવસ્થા મુજબ વ્યક્તિગત હોય છે. આ એક અરમાન ભરેલી નવોઢાનું સપનું છે. ફળ, ફૂલ, તુલસીક્યારો, વૃક્ષ, જોગી અને સમૃદ્ધિ માટે સોનાની થાળીનો સંદર્ભ મળે છે. પરણિયાને ફૂલછોડ કહીને તેની ફોરમ મારી ચૂંદડીમાં હોવાનું ચૂંદડી ફોરતી ફોરમ સાથે જોડાઈને, ફોરમ સૂક્ષ્મ છે. નવોઢા એકરાર કરે છે અને ઉભયના પ્રેમની ખુશ્બુ આપીને પ્રેમની સૂક્ષ્મતા તરફ લોકગીત લઈ જાય છે. નવોઢા પરિવારના બધા સભ્યોને સ્વીકારે છે એટલે આવનાર સમયમાં રાગદ્વેષ નહીં હોય. આ પોઝિટિવ એપ્રોચ છે. અહીંયા બાયોડેટા, ડિગ્રી કે અન્ય ભૌતિક અપેક્ષાઓની યાદી નથી. ભૌતિકતા અસંતોષ ઊભો કરે અને નવી અપેક્ષા જન્માવે છે. એ નેગેટિવ એપ્રોચ છે. એટલે એ જ એના સર્જન-વિલયની ઓળખ છે. કવિ કલાપી એક કાવ્યમાં આગિયાને કહે છે:

**ચળકાટ તારો એજ તારી ખૂનની તલવાર છે;**
**તું કેમ એ માની શકે આધાર તારો એજ છે.**
**જે પોષતું તે મારતું એ ક્રમ દિસે છે કુદરતી...**

સપનાં વિશે મનોવૈજ્ઞાનિકો વિવિધ અર્થઘટન આપે છે. જ્યોતિષીઓ સ્વપ્ન ફળ બતાવે છે. ભવિષ્ય કેવું હશે તેનાં સપનાં દ્વારા સંકેત આપે છે. કર્મવાદ મુજબ આપણે સારાં કાર્યો કરીએ, તો સારાં સપનાં સાકાર થાય છે અને ખરાબ કાર્યો કરીએ તો ખરાબ સપનાં સાચાં થાય છે.



સપનાંઓ આપણા જીવન સાથે ઊંડો સંબંધ ધરાવે છે.

બંધ પાંપણો પાછળ આ રોમાંચક વિશ્વ સાથે આપણે સૌ સંકળાયેલા છીએ. સપનાની આ માયાવી દુનિયા એક રહસ્યમય બનીને રહી ગઈ છે. સપનાં આવવાનું કારણ, વાસ્તવિકતા સાથે તેનો સંબંધ, સ્વનીલ દુનિયા, સપનાંની જીવન પર અસર વગેરે વિશે અનેક સવાલો ઉભા થાય છે. સપનાં આવવાનાં કારણનું નિરાકરણ કરીને વૈજ્ઞાનિકોએ તપાસ આદરી તો અનેક માહિતીઓ મળી. સપનું વ્યક્તિગત ઘટના છે, સપનું બીજા કોઈનું નહીં અપનું હોય છે.

કવિ સપનાંને વિવિધ રંગો આપીને લડાવે છે. ગુલાબી સપનાંઓ આંજે પછી નજરું ખોડે પછી પડકાર ઝીલે પછી સપનાં રાખ થાય એવું પણ બને. જવાની જતી ન રહે તે વાત શેખાદમ એક શેરમાં સરસ ગોઠવે છે:

**તું એક ગુલાબી સપનું છે, હું એક મજાની નીંદર છું,**
**ના વીતે રાત જવાનીની, તે માટે હું પણ તત્પર છું.**

આખી જીંદગીમાં એક ગુલાબી સ્વપ્ન શોધવું અને પછી જીંદગી એક સ્વપ્ન હોવાનું કહે છે : સપનાની લીલા રોજ જોવાની જિંદગી સમ, એમાંથી એક શોધવાનું છે ગુલાબી શમણું. સપનાં રચાય અને વિખરાય એ બે ભિન્ન સ્થિતિ છે. વેણીભાઈ પુરોહિત ઉભયને એક સાથે જોડી આપે છે:

**એક હસે, એક રડે, આંખ બે આપસમાં ચડભડે.**

આપણે જાણીએ છીએ કે આપણું શરીરના આધારરૂપ અગ્નિ, જળ, પૃથ્વી, અવકાશ અને વાયુ છે. આ પાંચમાંથી એક તત્ત્વ હાજર ન હોય તો અસ્તિત્વને ટકવા પર જોખમ છે. અસ્તિત્વને ટકાવી રાખે છે એટલે તેને જીવનશક્તિ કહેવામાં આવે છે. આત્મા જીવનશક્તિથી પર રહે છે. જ્યારે આપણે નિદ્રામાં હોઈએ છીએ, ત્યારે આપણું શરીર આરામથી સૂઈ જાય છે

# સમાજ સૃષ્ટિ

ત્યારે આત્મા જાગૃત અવસ્થામાં હોય છે. એ સમય દરમ્યાન એ શું કરે છે ? વગેરે સવાલો થાય છે. એના ઉત્તરમાં કહી શકાય કે એ ગાળામાં આત્મા બ્રહ્માંડમાં વિચરણ કરતો રહે છે. આત્મા જાગૃત સ્થિતિએ હોય છે એટલે તેના દ્વારા આપણને જાણ થાય છે. આપણા જન્મજન્માન્તરના સંબંધો જાળવીને બેઠેલો આત્મા ભૂતકાળ અને વર્તમાનની ક્રિયાઓને જોડતો પુલ કહી શકાય.

સપનું વ્યક્તિગત ચૈતસિક અનુભવ છે. સૂતી વખતે ચેતનાના જે અનુભવો થાય છે તેને સપનું કહેવામાં આવે છે. સપનાંને મૃગજળ કહી શકાય. જે દેખાય છે પણ વાસ્તવમાં ન હોય. રસ્તા પર મૃગજળનો આભાસ થાય તેમ ઊંઘ દરમ્યાન સપનાંનો આભાસ થાય છે. સ્વપ્ન જોતો હોવા છતાં અનુભવકર્તાને ખબર નથી હોતી કે તે સપનું જોઈ રહી છે. કાળની રીતે જોઈએ તો સપનું વર્તમાનકાળમાં ઘટતી ઘટના છે. વૈજ્ઞાનિકો કહે છે કે ઊંઘમાં રેપિડ આઈ મૂવમેન્ટ સાથે આપણા મગજમાં આલ્ફા અને ગામા તરંગો નીકળે છે, તેનાં કારણે સપનાંઓ આવે છે. આ થયું સપનાંનું કારણ. સપનાંમાં જે કંઈ દેખાય છે ત્યારે ચિત્ત દુઃખ-સુખ કે સારા-ખરાબ અનુભવો કરે છે તે બધું સ્મૃતિમાં સમાઈ જાય છે.

સ્વપ્નની જેમ દિવાસ્વપ્ન પણ છે. તેમાં ઘટનાઓ ભૂતકાળ અને ભવિષ્ય સાથે સંબંધિત છે. વાસ્તવિક જીવનમાં જે નથી મેળવી શકતા તે દિવાસ્વપ્ન દ્વારા મેળવવા દોડે છે. માણસ વિચારશીલ પ્રાણી છે. કામ ન હોય તો વિચારોમાં ખોવાઈ જાય છે. ગયેલો સમય પાછો આવતો નથી. વિચારમાં ને વિચારમાં ખોટો સમય વેડફી નાંખીએ એ યોગ્ય નથી. વિચારવાયુ થવું એ રોગ છે. મનોમન કાલ્પનિક દુનિયા સર્જીને એમાં જ પડ્યા રહેવું એ જાત સાથે કરેલી બનાવટ છે. એમાં પોતે જ પોતાની સાથે છળકપટ કરે છે. તે વાસ્તવિક જીવનમાં થતાં કાર્ય માટે અવરોધરૂપ છે. દીવાસ્વપ્ન જાગતિક પરિસ્થિતિમાં લાચારી અને શરમ ઉભયનો અનુભવ કરાવે છે. ઘણીવાર ટીવી-મોબાઈલ પર ચોંટાઈને દિવાસ્વપ્નથી છુટકારો મેળવવા મથતો હોય છે. દિવાસ્વપ્ન ખાલી શીશીમાં તડકો ભરવા જેવું હોવા છતાં જાતને ભૂલવા અને થોડીક માનસિક રાહત મેળવવા કામ લાગે છે.

સ્વપ્નમાં મળતા લાભો સ્વપ્નમાં જ રહે છે. સ્વપ્ન તૂટી જાય, આપણે જાગીએ ત્યારે સ્વપ્નલીલા અદૃશ્ય થઈ જાય પછી આપણને ખબર પડે છે કે આ તો એક સ્વપ્ન હતું. સિગ્મન ફ્રોઈડ એવું કહે છે કે, સપનાં આપણાં વ્યક્તિત્વ અને માનસિક વાયરિંગ સાથે સંબંધ ધરાવે છે. સપનાં વાસ્તવિક જીવનમાં આપણી સાથે જ કંઈ થઈ રહ્યું છે તેને પ્રતિબિંબિત કરે છે. 'ધ ઈન્ટરપ્રિટેશન ઓફ ડ્રીમ્સ'. ગ્રંથમાં જણાવ્યું છે કે સપનાં ભલે આકર્ષક અને ખોટાં લાગે પણ તેના મૂળમાં કંઈક વાસ્તવિકતા પડેલી હોય છે. તપાસ કરવામાં આવે તો વાસ્તવિક જીવનની ઘણી સમસ્યાઓનો ઉકેલ તેમાંથી જ મળી શકે તેમ છે. કોઈ સપનાંમાં ડરામણી વ્યક્તિ વસ્તુઓ કે પ્રાણીઓ દેખાય તો તે વ્યક્તિના ડરને વ્યક્ત કરે છે.

આપણે માયા એકત્રિત કરીએ છીએ, તેમાં રચ્યાપચ્યા રહીએ છીએ, તેનું સુખ લઈએ છીએ તેનાથી ઉલટું ભેળું કરેલું ગુમાવીએ તો દુઃખ અનુભવીએ છીએ. 'એકલા જવાના મનવા', શુ લઈ આવ્યો શું લઈ જવાનો, એમ માનીએ અથવા 'રામ કી ચિડિયા રામ કા ખેત, ખાવો ચિડિય ભરભર પેટ....' માનીએ તો સંસારની માયા તરફની દોટ સમજાય જાય. જે છે તેનું કોઈ કાયમી મૂલ્ય નથી, સપનું આવે છે એમાં આપ-લે થાય તેમાં કોઈ કિંમતી ચીજ હોતી નથી. જ્યારે સ્થાયી સ્વનું ભાન થાય છે ત્યારે જ જાગવું શરૂ થાય છે. અખો માયાના રૂપને વર્ણવતા કહે છે.

**માયા ઠગણી માયા પાપણી, જયમ સેવતા ડંશે સાપણી.**

આપણે સ્વપ્નમાં જે કંઈ મેળવીએ છીએ, તે આપણે સ્વપ્નમાં માણીએ છીએ. એવી રીતે આપણે સંસારના લાભો મેળવીએ છીએ તે આપણે સંસારમાં માણીએ છીએ. સપનાં માટે, આપણી પાસે જાગવાની સ્થિતિ છે. જે આપણને દરરોજ કહી શકે છે કે તે એક સ્વપ્ન હતું. મૃત્યુ સમયે ખ્યાલ આવે છે કે જીવતર-સંસાર સપનું છે. જીંદગી વિશાળ સમય અવધિને રોકીને ઊભી છે. સંસાર માટે, જ્ઞાન સિવાય જાગવાની કોઈ સ્થિતિ નથી. સંતો સંસારને સપનું માને છે, એવી ભજનવાણી જોઈએ.

**પ્રાણિયા ભજી લેને કિરતાર, આતો સપનું છે સંસાર...**(ભોજા ભગત)

**જેસલ કરી લે વિચાર, માથે જમ કેરો માર; સ્વપના જેવો આ સંસાર.**

(સતી તોરલ)

**જાતન કું તું લડાવત બહુવિધ, સો તન પલ મેં હોત જરી છાર.**

ભજી લે ભગવાન સ્વપ્ન સંસાર... (મુક્તાનંદ સ્વામી)

આપણે સંસારમાં રહીએ છીએ ત્યારે તે વાસ્તવિક દેખાય છે. સપનાં અને સંસાર બંનેમાં એક વસ્તુ સમાન છે તેમનો સ્વભાવ. આપણે હંમેશા આટલું નજર સામે રાખીએ તો આપણા આધ્યાત્મિક માર્ગમાં પરિવર્તન લાવી શકીએ. સંસાર આપણને લલચાવે છે એટલે ખેંચાઈ જઈએ છીએ. 'જાગીને જોઈએ તો જગત દિશે નહિ' એવું છે. સભાન થઈ જઈએ તો સંસાર સપનું હોવાનો એહસાસ થાય છે.

મો. ૯૮૭૯૮૩૫૭૧૭

## સમાજ સૃષ્ટિ



**રસિક પટેલ**
લેખક જાણીતા અખબારોના કોલમિસ્ટ છે.
અમદાવાદ

# "શું લગ્નેતર સંબંધોનો ભસ્માસુર સુખી લગ્નજીવનને ભરખી જાય છે ??"



- શું લગ્નતેર (લગ્નબાહ્ય)સંબંધો આગ સાથે ખેલવાનું કારણ બને છે ?
- શું લગ્નેતર સંબંધો સુખી લગ્નજીવનને આગમાં હોમી દે છે ?

હા.. ચોક્કસપણે હા... એક સુખી પરિવારમાં કોઈ એક પાત્રનો સંયમ તૂટે.. સંયમ ગુમાવે... વિવેક ગુમાવે અને જ્યારે મૂળભૂત સંસ્કારોનું હનન થાય છે ત્યારે સાચે જ ઉપર કહ્યા મુજબ સુખી લગ્નજીવન ભડભડ સળગતી આગમાં હોમાઈ જાય છે, અને બે પાત્રો વચ્ચે વિશ્વાસ અને ભરોસાની મજબુત કોંક્રિટ દીવાલ ભોંય ભેગી થાય છે.

પતિ પત્નીના સંબંધોમાં એક બીજા ઉપરનો ભરોસો લગ્ન જીવનની ઈમારતને મજબૂતાઈ બક્ષે છે, કોઈ પણ પ્રકારનો સંદેહ કે શંકા આ ઈમારતને હલાવી દે છે તેમજ ઈમારતને ખોખલી કરીને તોડી નાખે છે, પછી તે ઈમારતમાં સમારકામ થયા પછી પણ તે પહેલાં જેટલી મજબૂત રહી શકતી નથી તે નિર્વિવાદ છે.. ભરોસો તૂટે એટલે લગ્ન જીવનની નૌકા ડોલવા માંડે છે અને ક્યારેક ડૂબી પણ જાય છે, જે સંબંધોમાં વારંવાર ચોખવટો, સ્પષ્ટતાઓ કરવી પડી હોય તેવા સંબંધોનું આયુષ્ય ખૂબ ટૂંકુ હોય છે. અઢળક પ્રેમ, સમર્પણ એક બીજા માટેનો ત્યાગ, લગ્ન જીવનને ઉચ્ચ શિખરે પહોંચાડે છે તેમાં કોઈ જ મિન મેખ નથી, સંપૂર્ણ વિશ્વાસ સાથે આગળ વધતો સંબંધ લગ્ન જીવનનો આધારસ્તંભ બની જાય છે, એકબીજાથી કંઈ પણ છુપાવ્યા વગરના..., જૂઠ જ્યાં પ્રવેશ કરી ના શકે તેવા સાચુકલા સ્વચ્છ નિર્મળ પતિ પત્નીના સંબંધો ઉંચાઈ પ્રાપ્ત કરે છે અને તેવા સંબંધો એક રોલ મોડેલ બની જાય છે,એવા જ સંબંધો બેમિસાલ અને સુંદર જીવન આપે છે, સાથે સાથે બન્ને પાત્રોને અપાર સુખની અનુભૂતિ કરાવે છે, એક વખતનું જૂઠ અગ્નિના તણખા જેવું હોય છે જે ધીરે ધીરે પતિ પત્નીના સંબંધોમાં અગન જ્વાળાનું રૂપ ધારણ કરે છે, એક બીજા ઉપરનો ભરોસો અને વિશ્વાસ લગ્ન જીવનને લાંબા ગાળા માટે સુદ્રઢ બનાવે છે.

ક્ષણિક આનંદ માટે જીવનભર સાથ નિભાવનારા પાત્ર સાથેની વફાદારી તોડી કોઈ અન્ય પાત્ર સાથે લગાવ ઉભો કરવો.. તાદામ્ય સાધવું.. આકર્ષણ ઉભું કરવું તે કોઈ પણ રીતે યોગ્ય તો નથી જ ! જો લગ્નબાહ્ય સંબંધ આગળ વધે તો કદાચ આવા સંબંધો બન્ને કુટુંબને આગમાં ઝીંકી શકે છે, ક્યારેક તો જે પાત્ર સાથે લગ્નબાહ્ય સંબંધ ઉભા કર્યા હોય તે પાત્ર જ બ્લેક મેઈલ કરતું થઈ જાય છે, ત્યારે જીવવું અઘરું થઈ જાય છે. આગની નાનકડી ચિનગારીથી શરૂ થયેલા લગ્નબાહ્ય સંબંધો અંતે વિરાટ ભડ ભડ સળગતી આગમાં રૂપાંતરીત થાય છે, અને આ વિકરાળ આગમાં કેટલાય કુટુંબો હોમાઈ જાય છે, ત્યારે કદાચ જીવન એક નર્ક બની જાય છે, જીવનની એક નાનકડી ભૂલ જીવનને નર્ક બનાવી નાખે છે, જીવન જીવવું દોજખ બની જાય છે, લગ્નેતર સંબંધોની ભયાનકતા અને ભયાવહતા જ્યારે સામે આવે છે ત્યારે એક જ રસ્તો નથી જેમ કે નાળિયેર ઉપર ઉપરથી કઠોર રૂક્ષ હોય છે પરંતુ તેની અંદર મુલાયમ મલાઈ અને મીઠું પાણી ઉપલબ્ધ હોય છે, નિર્દોષ અને ભોળા માણસનું વ્યક્તિત્વ બસ આવું જ કંઈક હોય છે.

પતિ પત્નીના સંબંધોમાં કોનું વર્સસ્વ વધારે છે ? અથવા તો કોનો હુકમનો એક્કો ચાલે છે ? તેના કરતાં કોનું એકબીજા માટેનું સમર્પણ અને એકબીજા ઉપરનો અનહદ પ્રેમ જ લગ્નજીવનને એક આગવી ઉંચાઈ ઉપર લઈ જાય છે અને આવા સંબંધો સુખી લગ્નજીવનની મિશાલ બની જાય છે અને આવા પથ્થરની લકીર જેવા મજબુત સંબંધોમાં પછી લગ્નબાહ્ય સંબંધોનું કોઈ જ સ્થાન હોતું નથી, પતિ પત્ની બંન્ને એકબીજાના પૂરક હોય છે, એકની પીડા બીજા પાત્રનું દર્દ બની જતું હોય તેવા નિર્દોષ સંબંધોમાં પછી લગ્નેતર સંબંધો માટે કોઈ જગ્યા હોતી નથી તે નિર્વિવાદ છે.

મો. ૯૮૨૫૦ ૧૪૦૬૩

SMART EXHAUST ZERO ELECTRICITY ECONOMICAL DURABLE





રસીક પટેલ (ટુંડાવવાળા)
૯૮૨૫૪ ૨૧૨૨૦

વીકી પટેલ
૯૭૨૬૩૮૪૫૬૪

Mfg. Corrugated Sheets, Plane Sheets, Decorative Sheets, Skylight dome, Parking Shade, FRP Moulded Items

Shree BALAJI
FIBRE GLASS

2, Jogeshwari Estate, Nr. Revabhai Estate, Opp. Kevdawadi, C.T.M., Amraiwadi, Ahmedabad-26.

Ph. : 079-25852018, M. : 98254 21220, 97263 84564

Web : www.balajifiberglass.com • Email : info@balajifiberglass.com













# યાત્રા સૃષ્ટિ



**પ્રા. ડૉ. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક,
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ

# મહારાષ્ટ્રના દર્શનીય સ્થળો

**ગતાંકથી ચાલુ....**

**નાસિક :** ગોદાવરી નકીના કિનારે આવેલું નાસિક દક્ષિણનું કાશી ગણાય છે. દર બાર વર્ષે અહીં કુંભમેળો ભરાય છે. ગોદવારી નદીનો રમણિય ઘાટ હરદ્વારના હર-કી-પૈડી ઘાટની યાદ અપાવી જાય છે. ગોદાવરી નદીના તટે પંચવટીનું સ્થળ આવેલ છે. એની નજીકમાં જ સીતા ગુફા આવેલ છે. ગુફામાં સીતાના આરાધ્યદેવ ભગવાન શિવનું શિવલિંગ છે. ગોદાવરી કિનારે રામકુંડ પણ આવેલ છે. ભગવાન રામ અહીં સ્નાન કરતા એટલે પવિત્ર મનાય છે. ગોદાવરી નદીના ઉપરવાસમાં કપાલેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. આ મંદિર નાસિકનું સૌથી પૂરાતન મંદિર છે. નાસિક રોડ પર આવેલ 'મુક્તિધામ' મંદિર પણ અત્યંત વિશાળ અને ભવ્ય છે. મંદિરના પરિસરમાં અનેક દેવી-દેવતાઓની આકર્ષક અને કલાત્મક મૂર્તિઓ આવેલી છે. અહીં ગોદાવરી નદીના પશ્ચિમી કિનારે સુંદર નારાયણનું ભવ્ય મંદિર પણ આવેલ છે. નાસિકથી ૮ કીમી. બૌદ્ધગુફાઓ આવેલ છે.

**ત્ર્યંબકેશ્વર - જ્યોતિર્લિંગ** : ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગોમાંનુ આ જ્યોતિર્લિંગ નાસિકથી માત્ર ૩૩ કીમી. દૂર આવેલ છે. ત્ર્યંબકેશ્વરનું મંદિર અત્યંત પુરાતન અને ભવ્ય છે. ચારેબાજુ પહાડી વિસ્તારથી ઘેરાયેલ મંદિરનો ઘુમ્મટ વિશાળ છે. મંદિરનો જીર્ણોદ્ધાર પેશ્વા બાલાજી બાજીરાવે કરાવેલ. મંદિરનો કળશ સુવર્ણનો છે. શિવલિંગ ભૂગર્ભમાં છે. અહીં બ્રહ્મગિરી પર્વતમાંથી ગોદાવરી નદીનો ઉદ્‌ગમ થાય છે. મહર્ષિ ગૌતમઋષિના કઠોર તપ દ્વારા અહીં ગંગાજી પ્રગટ થયાની ધાર્મિક કથા છે. આ જ્યોતિર્લિંગ દર્શન માટે નાશીકથી માત્ર ત્રણ ક્લાકમાં જ દર્શન કરી પરત નાસિક આવી શકાય છે. બ્રહ્મગિરિ પર્વતનું અહિં આરોહણ અત્યંત રમ્ય છે.

**શીરડી :** નાસિકથી માત્ર ૮૮ કીમી. દૂર આવેલ શીરડી સાંઈબાબાનું સુપ્રસિધ્ધ યાત્રાધામ છે. અહીં સાઈબાબાની સમાધી પર સુંદર દેવાલય બંધાયેલ છે. બારેમાસ અહીં ભક્તોની ભીડ રહે છે. સાંઈબબાનું નિવાસસ્થાન 'દ્વારિકામાઈ' પણ સ્મારક તરીકે સાચવી રાખવામાં આવ્યું છે. અહીં સાંઈબાબાના વસ્ત્રો, ચલમ, માળા, લાકડી વિગેરે સાચવીને રાખવામાં આવ્યા છે. મંદિરની બહારના પરીસરમાં પથ્થરો ગોઠવી દીવાલ બનાવી ઉપરથી કૃત્રિમ રીતે પાણી વહેવડાવવામાં આવે છે. આ દશ્ય એકદમ કુદરતી અને સુંદર લાગે છે.

**ઘુષ્મેશ્વર : ભીમાશંકર :** ઘુષ્મેશ્વર શીરડીથી ૧૬૦ કીમી. દૂર આવેલ છે. જ્યારે ભીમાશંકર પૂનાથી ૬૦ દૂર એક પર્વત પર આવેલ છે. ઘૃષ્મેશ્વરથી ઈલોરાની ગુફા માત્ર ૧ કિમી દૂર છે. વેરુલ ગામમાં ઘૃષ્મેશ્વર



જ્યોતિર્લિંગ આવેલ છે. અહીં પુરુષોએ એ મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશવા માટે ઉપરના વસ્રો કાઢી ખુલ્લી છાતીએ પ્રવેશવાનો નિયમ છે. જીર્ણોદ્ધાર મહારાણી અહલ્યાબાઈએ કરાવ્યો છે.

ભીમાશંકર જ્યોતિર્લિંગ સહ્યાદ્રીના ઉતુંગ શિખર પર આવેલ છે. ભીમકનરેશની તપશ્ચર્યાથી આ સ્થળે ભગવન શિવ પ્રસન્ન થયા હતા એટલે ભીમાશંકર નામે એ ઓળખાય છે. ત્રિપુરાસૂરના હનન પછી ભગવાન શિવે અહીં વિશ્રામ લીધો હતો. આ જ્યોતિર્લિંગ પર પહોંચવાનો માર્ગ ગાઢ જંગલમાંથી પસાર થાય છે. માર્ગ અત્યંત કઠીન છે. ભગવાન શિવના ત્રણ જ્યોતિર્લિંગ મહારાષ્ટ્ર રાજ્યમાં આવેલા છે.

**દોલતાબાદ - ઔરંગાબાદ :** ઈલોરાથી ઔરંગાબાદ જતાં આ સુપ્રસિધ્ધ દુર્ગ આવે છે. ઔરંગાબાદથી દોલતાબાદ ૧૩ કીમી. દૂર છે. આ દૂર્ગ ફરતે ૫ કિમી.ના ઘેરાવાળી મજબૂત દીવાલ છે. દૂર્ગ ૨૦૦ મી. ઊંચો છે. દૂર્ગની ટોંચ પર ૨૦ ફૂટ લાંબી અને ૭ ઈંચ પહોળી તોપ આવેલી છે. જે ગુજરાતની તોપ તરીકે ઓળખાય છે. ઉપર એક સુરંગ દ્વારા જઈ શકાય છે. આ દૂર્ગમાં ૬૦ મી. ઊંચો ચાંદ મિનાર છે. નજીકમાં જ ચીની મહેલ છે. જેમાં ગોલકોંડાના રાજાને ૧૩ વર્ષ સુધી કેદ રાખવામાં આવેલ. આ દૂર્ગમાં મંદિરમાં પરિવર્તિત કરાયેલ એક મસ્જિદ છે. આ કિલ્લો દૂર્ગકળાના ઉત્તમ નમૂના જેવો છે.

દોલતાબાદનો આ કિલ્લો ૧૧૮૭માં યાદવરાજ ભીમદેવે બંધાવ્યો હતો. અને તેનું નામ દેવગીરી રાખેલ. ૧૨૯૪ માં અલાઉદ્દીન ખલજીએ તેને જીતી લીધો હતો. ૧૪મી સદીમાં દિલ્લીના તરંગી બાદશાહ મદમદ તઘલખે પોતાની રાજધાની દિલ્લીથી અહીં બદલીએનું નામ દોલતાબાદ રાખ્યું હતું. એની પ્રજાની યાતનાઓ પછી એ સૌને દિલ્લી લઈ ગયો હતો.

ઔરંગાબાદ એક ઐતિહાસિક શહેર છે. ઔરંગઝેબના નામ પરથી આ શહેર ઔરંગાબાદ તરીકે પ્રસિદ્ધ થયું છે. ઔરંગાબાદમાં ડુપ્લીકેટ તાજમહાલ (બીબીકા મકબરા) જોવાલાયક છે. આગ્રાનો તાજમહાલ

શાહજહાંએ પોતાની બેગમ મુમતાજની યાદમાં બંધાવ્યો હતો તો તાજની પ્રતિકૃતિ જેવો બીબી-કા મકબરા ઔરંગઝેબના પુત્ર અકબરે પોતાની માતા રબીયા-ઉદ-દૌરાની સ્મૃતિમાં ૧૬૭૯ માં બંધાવ્યો હતો. આ મકબરો ૭૨ ફૂટ સમચોરસ પીઠિકા પર બંધાવામાં આવ્યો છે. તેની ચારેબાજુ ૭૨ ફૂટ ઊંચા ભવ્ય મિનારા છે. બીબીકા મકબરા જોયા બાદ તાજમહલ ન જોયાનો અફસોસ નહીં રહે.

બીબીકા મકબરાથી થોડે દૂર બૌદ્ધ ગુફાઓ આવેલી છે. વિશ્વ પ્રસિધ્ધ અજંતા અને ઈલોરાની ગુફાઓ અહીંથી નજીક આવેલી હોવા છતાં આ ગુફાઓનું મહત્વ કંઈ ઘટતું નથી. એમનું નિર્માણ છઠ્ઠી કે સાતમી સદીમાં થયેલ છે. બધી જ ગુફાઓ વિહાર સ્વરૂપની ગુફાઓ છે.

**પૂના :** મૂલા ને મૂઠા નદીના સંગમ પર આવેલ પૂનાથી મહારાષ્ટ્રના વિવિધ દર્શનીય સ્થળોએ જવાનું ખૂબ સરળ છે. અહીંનો આગાખાન પેલેસ જોવાલાયક છે. ૧૯૪૨ના રાષ્ટ્રીય આંદોલન વખતે ગાંધીજીને અહીં કારાવાસમાં રખાયા હતા. અહીંજ ગાંધીજીના પત્ની કસ્તુરબાનું અને ગાંધીજીના રહસ્યમંત્રી મહાદેવભાઈ દેસાઈનું જેલવાસ દરમ્યાન મૃત્યુ થયેલ. બંનેની સમાધી આ પેલેસમાં છે. આ ઉપરાંત શનિવારવાડા પણ જોવાલાય છે. ૧૭૩૬માં પેશ્વાઓએ આ ભવ્ય અને સુરક્ષિત મહેલનું નિર્માણ કરાવેલ. ૧૮૨૭માં અગ્નિતાંડવ સમયે મહેલનો મોટો ભાગ બળી ગયો હતો. અત્યારે અહીં સુંદર બગીચો છે. આ ઉપરાંત રજનીશ આશ્રમ પણ જોવા લાયક છે. પૂનાથી પંચગિનિ, માથેરાન, મહાબળેશ્વર, લોનાવાલા, ખંડાલા, ભીમાશંકર, બોમ્બે વિગેરે નજીકમાં આવેલા સ્થળો છે.

**વિશ્વ પ્રસિદ્ધ - અજંટા ઈલોરા ગુફાઓ**

અજંટાની ગુફાઓ ઔરંગાબાદથી ૧૦૦ કીમી અને ઈલોરાની ગુફાઓ ૩૦ કીમી દુર આવેલ છે. રંગ અને રેખાની રમ્યકલાસૃષ્ટિ એટલે અજંટાની ગુફાઓ. ઈ.સ. ૧૮૨૯માં શિકારે નિકળેલા અંગ્રેજ અફસરો વાગોરા નદી પર આવેલા ધોધનું સૌંદર્ય માણી રહ્યા હતા ત્યારે તેમને સામેની અર્ધચંદ્રાકાર પહાડીના ઢોળાવ પર શતાબ્દિઓ સુધી જમીનમાં દટાયેલી આ ૨૯ ગુફાઓ મળી આવી હતી. અહીં શિલ્પીઓ અને ચિત્રકારોએ ગુફાઓને સંસારની અનન્ય કલાસમૃદ્ધિથી ભરી દીધી છે. એમણે જાતક કથાઓના આધારે ભગાવન બુદ્ધનું જીવન રંગ અને રેખાઓમાં ભીતીચિત્રો પર વ્યક્ત કર્યું છે. પરંતુ એની પાર્શ્વભૂમિમાં સાંસારિક જીવનનાં ચિત્રો જીવનરસથી છલોછલ ભરેલા છે. કલાકારોએ ગુફાની ખરબચડી દીવાલોને માટી, છાણ અને ડાંગરના છોતરાના મિશ્રણથી સમતલ બનાવી એના પર શ્વેત અને કોમળ ચૂનાનું પડ ચડાવી તેની સુંવાળી સપાટી પર રમ્ય કલાકૃતિની રચના કરી છે. ચિત્રકારોએ ચિત્રો માટેનાં રંગો પણ સ્થાનિક ઉપાદાનોમાંથી તૈયાર કર્યા છે. આજે લગભગ બે હજાર વર્ષ પછી પણ આ ચિત્રો ટકી રહ્યા છે. રંગોની દિપ્તી અને ભાવસૃષ્ટિ લય પામી નથી.

અજંટાના ચિત્રોમાં નારી ચરિત્રોનું નિરૂપણ લાવણ્યમયી શૈલીમાં કરાયું છે. નારીના સુકુમાર અંગો. અંગો પર ઝડકતાં વસ્ત્રો, આલંકારો, કેશગુંફન એમની અંગભંગિમાઓ રમ્ય શૃંગારની સૃષ્ટિ ખડી કરે છે. અજંટાના સુશોભનોની પણ આગવી છટા છે. ગુફાની છતમાં સ્તંભ પર, દ્વારપર, દીવાલો પર જ્યાં ખાલી જગ્યા દેખાઈ ત્યાં શિલ્પીઓએ અને ચિત્રકારોએ વિવિધ સુશોભનો કંડાર્યા છે. એમાં વૃક્ષો, વલ્લરીઓ, પર્ણો, હંસ, ગરૂડ, બાજ, હરણ, વાઘ, સિંહ, સર્પ, હાથી જેવા પ્રાણીઓનું કલામય આલેખન કર્યું છે. અજંટાની ગુફાઓનો કલા વૈભવ સમગ્ર વિશ્વમાં પ્રસિધ્ધ પામ્યો છે. વિશ્વના લાખો લોકો આ કલાતીર્થની યાત્રાએ આવી ધન્યતા અનુભવે છે.

**ઔરંગાબાદથી ૩૦ કિમી. દૂર આવેલી ઈલોરાની ભવ્ય ગુફાઓ અજંટાની ગુફાઓથી પણ ભવ્ય અને દીવ્ય છે.** પ્રકૃતિની રમ્ય રંગસ્થલી વચ્ચે પરમતત્વ દેવાધિદેવ મહાદેવનું અદભુત આરાધન એટલે ઈલોરાની ગુફાઓ. ઈલોરાના અમર કલાધરોએ અહીં પૃથ્વી પર સ્વર્ગનું અવતરણ કર્યું છે. પથ્થરમાં પુરાયેલી આ પ્રાણવંત કલાએ દેશવિદેશના પ્રવાસીઓને ઘેલા કરી મૂક્યા છે. આ ભવ્ય ગુફામંદિરોમાં ભારતના ધાર્મિક, સામાજિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક પરિવર્તનો અને પુરષાર્થ અંકિત કરવામાં આવ્યા છે. અહીં બે કિમી. પહાડી પર ૩૪ ગુફાઓ કોતરવામાં આવી છે. એમાં ૧ થી ૧૨ બૌદ્ધગુફાઓ, ૧૩ થી ૨૯ હિન્દુ ગુફાઓ અને ૩૦ થી ૩૪ જૈન ગુફાઓ છે. આમ ૧૨ બૌદ્ધ ગુફાઓ, ૧૭ હિંદુ ગુફાઓ અને પાંચ જૈન ગુફાઓ છે.

ઈલોરાની હિંદુ ગુફાઓ અધિક ભવ્ય વિશાળ અને વિવિધતાપૂર્ણ છે. સુપ્રસિધ્ધ કૈલાસમંદિરની ગુફાઓની કલ્પના માત્રથી આંખો ચાર થઈ જાય છે. સમગ્ર કૈલાસ મંદિર એક મહાકાય અખંડ પહાડીમાંથી ઉપરથી નીચે કોતરવામાં આવ્યું છે. એના નિર્માણ સમયે બે લાખ ટન જેટલા શિલા ખંડોને શિલ્પીઓએ કોરીકોરીને કેવી રીતે ખસેડ્યા હશે ? શિલ્પ અને સ્થાપત્ય આ ભવ્ય પ્રક્રિયાનું આયોજન અને સુક્ષ્મનિરિક્ષમ કોણે કર્યું હશે ? આ સર્વાંગ સુંદર ભવ્ય કલાલૃતિમાં ક્યાંય ઓછપ કે અધુરપ નથી. ક્યાંય અતિરેક કે અનાવશ્યક આપૂર્તિ નથી. દેવાધિદેવ મહાદેવ, મહાકાલને સમર્પિત આ ભવ્ય કલાધામ આજે પણ કલાનો અજર અમર કીર્તિધ્વજ ફરકાવે છે. ૧૩નં. ની ગુફા સામાન્ય છે. ૧૪ નં. ગુફા ભગવાન શિવનાં ચરિતોની વિવિધ કથાઓ કંડારવામાં આવી છે. ૧૫ નં. ની ગુફા દશાવતારની ગુફા તરીકે ઓળખાય છે. ઈલોરાની સર્વશ્રેષ્ઠ ગુફાઓમાં એનો સમાવેશ થાય છે. ગુફામાં ભગવાન શિવના વાહન નંદીની સુંદર પ્રતિમા છે. શિવલિંગમાંથી પ્રગટ થતા ભગવાન શિવ તેમજ શિવ-પાર્વતીના વિવાહનું શિલ્પ અત્યંત ઉત્કૃષ્ટ છે. **મો. ૯૪૨૭૪ ૯૫૧૭૫**

યુવા સૃષ્ટિ



યુવાનોના પ્રેરણાસ્રોત
સ્વામી વિવેકાનંદ

# સફળ જીવનનું રહસ્ય

**મગજને ઉચ્ચ આદર્શથી ભરી દો**

સ્નાયુઓમાં જે થોડુંક શક્તિદર્શન થાય છે. પરંતુ વિચારનું જ અસ્તિત્વ ન હોય તો કામ ક્યાંથી થાય ? મગજને ઉન્નત વિચારોથી ભરી દો. રાત્રિદિવસ ઊંચા આદર્શો રજૂ કરતા રહો. એમાંથી મહાન કાર્ય સર્જાશે.

પ્રત્યેક આકાશ જોઈ શકે છે, પૃથ્વીને પાટલે પગલાં માંડતું નાનકડું જંતુ પણ ભૂરા આકાશને જોઈ શકે છે, પરંતુ આકાશથી એ કેટલું બધું દૂર છે ? એવી જ રીતે આપણા આદર્શોનું એ દૂર છે. એમાં શંકા નથી, પરંતુ સાથે સાથે આપણે જાણીએ છીએ કે આપણે એ સિદ્ધ કરવાના છે. ઉન્નતમાં આદર્શ આપણે સાધવો જ રહ્યો. કમનસીબે આ અવતારમાં માનવોની મોટી સંખ્યા કોઈ પણ આદર્શ વિના આજીવન અંધકારમાં આથડ્યા કરે છે. આદર્શ ધારણ કરનાર મનુષ્ય હજારો ભૂલ કરે છે તો આદર્શ વિહોણો મનુષ્ય પચાસ હજાર ભૂલ કરવાનો એની મને ખાતરી છે. માટે પ્રત્યેક માનવીને કોઈ ને કોઈ આદર્શ હોવો આવશ્યક છે. પછી એ જ આદર્શની વાતો આપણે સાંભળ્યા કરવી જોઈએ, એટલે સુધી કે આપણા લોહીના ટીપેટીપામાં તેનો આવિર્ભાવ થાય અને આપણા દેહના પ્રત્યેક છિદ્રમાં તેનું દર્શન થાય. આપણે એનું સતત ધ્યાન ધરવું જોઈએ. "હૈયું ભરેલું હોય તો જ મુખ બોલે છે." હૈયું પૂર્ણ હશે તો જ હાથ કામ કરશે!

**મોતી પકવનાર માછલી જેવા થાઓ :**
મોતી પકવનાર માછલી જેવા થાઓ. આ માટે સુંદર ભારતીય પરિકથા છે. સ્વાતિનો ઉદય થાય ત્યારે જો વર્ષા થાય અને એ સ્વાતિનું વર્ષાબિંદુ એ માછલીના મુખમાં પડે તો જ એ બિંદુમાંથી મોતી સરજાય, માછલીઓ આ વાત જાણે છે. સ્વાતિના ઉદયકાળે એ પાણીની સપાટી પર આવે છે. એ મૂલ્યવાન વર્ષાબિંદુ ઝીલવા માટે વાટ જુએ છે, વર્ષાબિંદુ પડતાં જ એ પોતાની છીપલીઓ બંધ કરી દે છે ને સમુદ્રને તળિયે જઈને બેસે છે ને એ વર્ષાબિંદુ મોતી બને એમ સેવે છે.

આપણે એ માછલી જેવા થવાનું છે. પ્રથમ શ્રવણ કરો. પછી સમજો, પછી બધા જ અંતરાયો બાજુ પર મૂકી, બાહ્ય અસરથી દિલનાં કમાડ બંધ કરી દો, અંતરાત્મામાં બેઠેલા સત્યનો વિકાસ સાધવા ક્રિયાશીલ બનો. કેવળ નવીનતા ખાતર એક વિચાર ગ્રહણ કરી બીજો નવીન વિચાર આવતાં જ એને છોડી દેવામાં તમારી શક્તિઓ વેડફાઈ જવાનો પુરો સંભવ છે માટે માત્ર એક જ વાત ઉપાડો અને પાર પાડો. એનો અંત પકડો; અંત આવતાં સુધી એને મુકી ન દો, આવા વિચારમાં જે કોઈ ગાંડો થઈ જાય એ જ પ્રકાશ પામે છે. જે આમતેમ ફાંફાં મારે છે એ ક્યારેય કશુંય પ્રાપ્ત કરી શકતા નથી, ક્ષણભર સ્નાયુઓ કસે છે, પરંતુ પછી એ અટકી જાય છે.

એક વિચાર લો. એ વિચારને તમારા જીવનમાં ઓતપ્રોત કરી દો. એનો ખ્યાલ કરો, એનાં શમણાં જૂઓ ને એજ વિચાર પર જીવો. મગજ, જ્ઞાનતંતુઓ, સ્નાયુઓ ને દેહના અંગેઅંગને એ વિચારથી ભરી દો. ને બીજી બધી વાતો રહેવા દો. આ જ સફળતાનો ધોરી માર્ગ છે. આ માર્ગે જ મહાન આધ્યાત્મિક નરપુંગવો પાક્યા છે. બીજા માત્ર બોલતાં યંત્રો જ છે.

સફળતા પ્રાપ્ત કરવા અખૂટ ખંતની જરુર છે. અડગ ઈચ્છાશક્તિ આવશ્યક છે. "હું સાગર પી જઈશ" ખંતીલો આત્મા કહે છે. "મારી ઈચ્છા આગળ મોટી મોટી ગિરિમાળાઓ તૂટી પડશે," એ જાતની શક્તિ કેળવો, એ ઈચ્છાશક્તિ પ્રાપ્ત કરો. કામે લાગે જાઓ, તમારો આદર્શ સિધ્ધ થશે.

**મહાવીર હનુમાન તમારા આદર્શ હો ! :**
મહાવીર હનુમાનના ચરિત્રને તમારા આદર્શ તરીકે રાખવું જોઈએ.જુઓ, રામચંદ્રના આદેશથી એમણે સાગર ઓળંગ્યો, જીવન મૃત્યુની એમણે પરવા કરી નહીં, ઈન્દ્રિયો પર એમનો પાક્કો કાબૂ હતો. અદભૂત રીતે એ શાણા હતા. આ પરમ આદર્શ પ્રમાણે તમારે તમારુ જીવન ઘડતર કરવાનું છે. એ દ્વારા બીજા બધા જ આદર્શો ધીમે ધીમે જીવનમાં સિદ્ધ થતા જણાશે. ગુરુની આજ્ઞાને સંપૂર્ણ રીતે આધીનતા એક પ્રશ્ન પણ પૂછવાનો નહિ - અને બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન, એ જ સફળતાની ચાવી. હનુમાન એક બાજુ સેવા પ્રતીક છે તેવી જ રીતે બીજી બાજુ પોતાની પ્રતિભાથી સમગ્ર જગતને ડારતા અખૂટ

# યુવા સૃષ્ટિ

ધૈર્યના પણ એ પ્રતીક છે. રામના કલ્યાણ માટે પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરવામાં એમને જરાય સંકોચ નથી. રામની સેવા સિવાય અન્ય સર્વ વાતો પ્રતિ બિલકુલ બે પરવાઈ. બ્રહ્મપદ કે શિવપદ પામવાની પણ એમને ખેવના નથી. રામચંદ્રજીનો પડતો બોલ ઉપાડી લેવો એ જ એમના જીવનની એક પૂરી પ્રતિજ્ઞા હતી. આવી ઊંડા દિલની ભક્તિની આવશ્યકતા છે.

**શોધો ને તમને જડશે :** એક આળસુ મુસાફર હતો. રાજમાર્ગ વચ્ચે પ્રમાદભર્યો એ જતો હતો. ત્યાં પોતાના ઘરના દ્વાર આગળ એણે વૃદ્ધજનને બેઠેલો જોયો, અમુક જગા ક્યાં આવી તેની પૂછપરછ કરવા એ ઊભો રહ્યો. 'ફલાણું ગામ કેટલું દૂર હશે ?' તેણે પૂછ્યું, પેલો વૃદ્ધ કશું જ બોલ્યો નહિં. પેલા આળસુએ અનેકવાર પોતાનો પ્રશ્ન ફરી ફરી પૂછ્યો. પરંતુ કાંઈ જ ઉત્તર મળ્યો નહિં. એ કંટાળ્યો. વટેમાર્ગુ આગળ જવા તૈયાર થયો. ત્યારે પેલો વૃદ્ધ ઊભો થયો અને બોલ્યો, "તમે પૂછતાં હતા એ ગામ અહીંથી માઈલેક દૂર હશે." શું ? પેલા મુસાફર ચોંક્યો, "તમને પૂછ્યું ત્યારે કેમ બોલ્યા નહિં" કારણ કે ત્યારે તમે આગળ વધવાના વિચારમાં નહોતા. વૃદ્ધે ઉત્તર દીધો. "હવે તમે આગળ વધવા તૈયારી કરી એટલે તમને મારે જવાબ આપવો જ જોઈએ એમ મને લાગ્યું."

अनन्याश्चितयन्तो मां ये जनाः पर्युपासते ।

तेषा नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

આ વાત યાદ રહેશે ને ! કામે લાગો. બાકીનું આવશે. અન્ય કોઈમાં જે વિશ્વાસ રાખતો નથી. પરંતુ એકમાત્ર મારામાં શ્રદ્ધા રાખે છે તે મારે આશ્રયે ઉભો છે. એને જે જોઈએ તે હું પુરુ પાડું છું.

ક્રાઈસ્ટના બોલ પણ યાદ રાખો, માગો તે મળશે. શોધો ને તમને જડશે. ઠોકોને દ્વાર ખૂલશે ! આ બોલ અક્ષરશઃ સાચા છે, ખાલી ઉપમાઓ નથી. તમારે ખરેખર જેની જરૂર હતી તે તમને મળ્યું નથી એવું બન્યું છે ? એમ બને જ નહિં. જરૂરિયાતથી જ દેહ ઘડાય છે. પ્રકાશ જ જાણે તમારા મસ્તકમાં નયનરૂપી છિદ્રો પાડી તેને અજવાળે છે. પ્રકાશનું અસ્તિત્વ ન હોત તો આંખો ન હોત. અવાજ છે તો કાન છે. જોવાની વસ્તુનું અસ્તિત્વ પડેલું હતું તેથી ઈન્દ્રિયો સરજાઈ.

**માગો ને મળશે :** અલબત્ત ! વાંછના વાંછનામાં પણ ફેર હોય છે એ તમારે સમજી લેવું જોઈએ.

એક શિષ્ય એના ગુરુ પાસે ગયો. કહેવા લાગ્યો. 'ગુરુજી ! મારે ધર્મ જોઈએ છે.' ગુરુજી યુવાન સામું જોઈ રહ્યા. કશું જ બોલ્યા નહિં. માત્ર સ્મિત કર્યું. પેલો યુવાન રોજરોજ એમની પાસે જવા લાગ્યો. રોજ એ ધર્મની માગણી કરતો. પરંતુ એ યુવાન કરતાં પેલા વૃદ્ધજનનું જ્ઞાન વધારે હતું. એક દિવસે ખૂબ ગરમી હતી. ગુરુએ પેલા યુવાનને નદી પ્રતિ દોર્યો. એને નદીમાં કૂદરકો મારવા કહ્યું. યુવાન કૂદ્યો. પેલા વૃદ્ધ પાછળ કૂદ્યા. પરાણે પેલા યુવાનને પાણીમાં ડુબાડી રાખ્યો. યુવાને થોડાંક તરફડિયાં માર્યાં. પછી એને છૂટો કર્યો. 'તું જળમાં હતો ત્યારે તારી ખાસ ઈચ્છા શી હતી ? ' થોડીક હવા શિષ્યે ઉત્તર દીધો. 'પ્રભુને તારે એ રીતે પ્રાપ્ત કરવા છે?' તારી ઈચ્છા હોય તો એક ક્ષણમાં તને મળી જશે. ગુરુ બોલ્યા. તમને તૃષા ન જાગે, એ ઈચ્છા બળવત્તર ન થાય ત્યાં સુધી તમને ધર્મ પ્રાપ્તિ પણ ન જ થાય. તમારી બુદ્ધિથી ભલે ને તમે ફાવે તેટલી મથામણ કરો. ગમે તેટલા ગ્રંથો ઉકેલો, ગમે તેટલી આકૃતિઓ પૂજો.

**બુદ્ધ જેવી ભાવના રાખો : બુદ્ધ બનશો**

તમને અન્ય માટે લાગણી છે લાગણી હશે તો તમે અદ્વૈતતા પામી રહ્યા છો. અન્ય માટે લાગણી નહિ તો તમે ગમે તેટલા બુદ્ધિશાળી જન્મ્યા હશો, છતાંય તમારો કોઈ ભાવ પૂછશો નહિં. તમારી બુદ્ધિ શુષ્ક છે ને એવી જ રહેશે.

જગતના ઈતિહાસમાંથી પયગંબરોની શક્તિ ક્યાં હતી એ તમે શોધી કાઢ્યું છે ? ક્યાં હતી ? એમની બુદ્ધિમાં ? એમાંના કોઈએ પણ કોઈ સુંદર ગ્રંથ લખ્યો છે. તત્વજ્ઞાનનો સિદ્ધાંત શોધ્યો છે ? તર્કશાસ્ત્રની કોઈ અગમ્ય ગૂંચ ઉકેલી છે ? ના. એમણે કોઈએ એવું કશું જ કર્યું નથી. એ તો માત્ર થોડાંક બોલ બોલતાં. ક્રાઈસ્ટ જેવી ભાવના રાખો, તમે ક્રાઈસ્ટ થશો. બુદ્ધ જેવી કામના કરો ને તમે બુદ્ધ થશો. ભાવના રાખવી એ જીવન છે, એ જ શક્તિ છે, એ જ સત્વ છે. એના વિના ગમે તેટલી બૌદ્ધિક પ્રવૃત્તિઓ આદરો પણ એ પ્રભુને નહિ પહોંચી શકે. બુદ્ધિ અંગોપાંગ જેવી છે. ગતિની શક્તિ વિહોણી કોઈપણ પ્રકારની ભાવના એમાં પ્રવેશ કરે એટલે તે ગતિશીલ થાય અને તેઓ ગતિમાન થઈ અન્ય પર કામ કરવા લાગી જાય. જગતમાં સર્વત્ર આવું જ છે. આ વાત તમારે હંમેશા યાદ રાખવી આવશ્યક છે.

# આરોગ્ય સૃષ્ટિ



**ડો. દર્શિની વિક્રમ શાહ**

લેખિકા ભારતના પ્રથમ પંક્તિના ઓરલ ઈમ્પ્લાન્ટોલોજિસ્ટ તથા શેલ્બી ડેન્ટલ કોસ્મેટિક્સ અને ઓરલ ઈમ્પ્લાન્ટોલોજી સેન્ટરના અધ્યક્ષા છે તથા દેશ-વિદેશના અનેક ગણમાન્ય પારિતોષિકોથી વિભૂષિત છે.

# બાળકોનું સ્મિત જ છે તેમના ભવિષ્યની તંદુરસ્તીનો આધાર

૧૪ નવેમ્બર એટલે બાળદિન. બાળકો સહુને વ્હાલા. દિવસ ગમે તેટલો વ્યસ્ત અને તણાવયુક્ત રહ્યો હોય પરંતુ, બાળકનું મલકાતું મુખ અને નિર્દોષતા જોતા જ ક્ષણભરમાં દિવસનો તમામ થાક ઉતરી જાય. બાળકોનું દાંતસ્વાસ્થ માત્ર દાંત સુધી જ મર્યાદિત નથી, પરંતુ તે તેમના સર્વાંગી આરોગ્ય અને આત્મવિશ્વાસ માટે પણ ખૂબ જરૂરી છે.

ઈમ્પ્લાન્ટ, કોસ્મેટિક ડેન્ટિસ્ટ્રી અને બાળકો માટેની દંતચિતિત્સાના ક્ષેત્રની મારી ૩૩ વર્ષની અવિરત સેવાઓ દરમ્યાન મેં સતત અનુભવ્યું છે કે બાળપણમાં જ જો દાંતની યોગ્ય કાળજી લેવામાં આવે. તો મોટા થઈને દાંતની અનેક મુશ્કેલીઓથી બચી શકાય છે.દેશ-વિદેશના અનેક બાળકોની વર્ષો સુધી સારવાર કર્યા બાદ સૌથી મહત્વનો પ્રશ્ન મને એ લાગ્યો છે કે બાળકોમાંથી ડેન્ટિસ્ટનો ડર કેવી રીતે દૂર કરી શકાય?

ઘણા માતા-પિતા બાળકોને દાંતના ડોક્ટર પાસે ત્યારે જ લઈ જાય છે જ્યારે બાળકોને દાંતમાં ભારે દુ:ખાવો થાય અથવા દાંત ખરાબ થઈ જાય. આવા સંજોગોમાં બાળકને અમારી પાસે લઈ આવવામાં આવે ત્યારે બાળકને માત્ર સારવારનો જ નહીં, પરંતુ દુ:ખાવાનો પણ ભય અનુભવાતો હોય છે.

આથી, બાળકને તેના માતા-પિતા કે દાદા-દાદી જો નાની વયમાં જ તેમની સાથે દાંતના ડોક્ટર પાસે લઈ જાય તો બાળક માટે દંતચિકિત્સક તેના એક મિત્ર સમાન બની જાય છે અને બાળકને દાંતના ડોક્ટરથી ડર લાગતો નથી. ઉપરાંત, બાળક વિશ્વાસ સાથે અને વિના સંકોચે પોતાની તકલીફ કહી શકે છે. વળી, બાળકોના નિયમિત ચેક-અપથી દાંતને લગતા નાના પ્રશ્નોને મોટી સમસ્યા બનતા અટકાવી શકાય છે.

જ્યારે બાળક પ્રથમ વખત દાંતના ડોક્ટર પાસે આવે છે ત્યારે તેનો પ્રથમ અનુભવ ખૂબ જ મહત્વનો હોય છે. જો પ્રથમ અનુભવ સકારાત્મક અને એકંદરે આનંદદાયી હશે તો આગળ પણ તેનો નિર્ભય બનીને દાંતની સારવાર કરાવશે.

ડેન્ટલ ડિપાર્ટમેન્ટમાં બાળકો માટે ખાસ કાળજી રાખવામાં આવે



છે. દાત. મિત્રતાભર્યું વાતાવરણ, બાળકોને રમૂજી રીતે સમજાવવાનો અભિગમ, દુ:ખાવા વિના આધુનિક ટેકનીકથી સારવાર વગેરે. ઉપરાંત, બાળક અને માતા-પિતાને એકસાથે સમજાવવામાં આવે છે કે દાંતની કાળજી કેવી રીતે રાખવી?

સમયસર સારવાર કેમ જરૂરી છે?

**દૂધના દાંતનું મહત્વ :** ઘણા માતા-પિતા વિચારે છે કે દૂધના દાંત પડી જવાના જ છે, તો તેમાં સારવારની જરૂર નથી. પરંતુ દૂધના દાંત જ મુખ્ય દાંતને સાચી જગ્યા મળવામાં મદદ કરે છે.

**સમયસર ફીલિંગ અને સરવાર :** નાના જંતુ અથવા કેચ વહેલી તકે સુધારવાથી દુ:ખાવો અને મોટી સર્જરી ટાળી શકાય છે.

**સ્વચ્છતા અને આત્મવિશ્વાસ :** જો દાંત સ્વચ્છ અને સુંદર હશે તો બાળકો હસવામાં, બોલવામાં અને લોકો સામે આવવામાં આત્મવિશ્વાસ અનુભવશે.

# આરોગ્ય સૃષ્ટિ

**બાળકોનાં દાંતની કાળજી રાખવાની ટિપ્સ :**

૧. બાળકોને રોજ બે વખત બ્રશ કરવાની ટેવ પાડવી.

૨. સોફ્ટ બ્રિસ્ટલ બ્રશ અને બાળકો માટે યોગ્ય ટૂથપેસ્ટ વાપરવી.

૩. વધારે ખાંડવાળો ખોરાક - જેમ કે ટોફી, ચોકલેટ, ફિઝી ડ્રીંક - મર્યાદિત પ્રમાણમાં જ આપવો. **૪.** સૂતી વખતે દૂધ કે મીઠી વસ્તુ ખાધા પછી બ્રશ કરાવવું. **૫.** દર છ મહિને એકવાર ડેન્ટિસ્ટ પાસે નિયમિત ચેકઅપ કરાવવો. **૬.** માતા-પિતા પોતે બાળકો સાથે બ્રશ કરે તો તેઓ સારી ટેવ પકડી શકે છે. **૭.** બાળકના દાંતમાં નાની સમસ્યા જણાય તો તરત જ તપાસ કરાવવી - અવગણવું નહીં.

બાળદિવસ પર મારો એક જ સંદેશ છે - બાળકોના દાંતની યોગ્ય કાળજી એટલે તેમની તંદુરસ્તીના પાયાનો પથ્થર. જો દાંત મજબૂત રહેશે તો તેમનું સ્મિત ઉજ્જવળ રહેશે અને તેઓ આત્મવિશ્વાસરપૂર્વક જીવન જીવી શકશે. એક સારા અને આરામદાયક ડેન્ટલ સેટ-અપમાં સમયસર સારવાર કરાવવી એ બાળકો માટેનું શ્રેષ્ઠ રોકાણ છે.

વ્હાલા વાચક મિત્રો, અહીં પૉઝિટીવ પેરેન્ટીંગ પણ ઘણો મોટો ભાગ ભજવે છે. પોઝીટીવ પેરેન્ટીંગ ધરાવતા માતા-પિતાના બાળકો દાંતની સારવાર દરમ્યાન સકારાત્મકતા સાથે સહકાર આપે છે. એક ડેન્ટિસ્ટ ઉપરાંત મારા મેટ્રીમોનિયલ સેવા પ્રકલ્પ- duke & duchess દરમ્યાન મારે અનેક યુવક-યુવતીઓ અને તેમના પરિવારોના સંપર્કમાં આવવાનું થયું છે. મારું માનવું છે કે જો માતા-પિતા અને બાળક વચ્ચેનો સંબંધ અને સંવાદ સુદૃઢ હોય તો બાળકોમાં ફક્ત દંત-સ્વાસ્થ્ય સંબંધી જ નહીં પરંતુ, કોઈપણ શારિરીક કે માનસિક સમસ્યા થવાની શક્યતા ઘટી જાય છે. બાળકોને આપણે અવનવા રમકડાં, ચોકલેટ્સ અને ભેટ-સોગાદો તો આપીએ જ છીએ પરંતુ, આવો આપણે બાળકોના તન-મનને ઉત્તમ સ્વાસ્થ્યની અમૂલ્ય ભેટ આપીને તેમના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરીએ.

## જિન્સમાં પાલવ ક્યાંથી લાવશો ?



**સંજયભાઈ ડી. પટેલ (પોગલુ)**
મહામંત્રી કેન્દ્રિય સામાજિક સંગઠન સમિતિ
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, અમદાવાદ

શાળામાં ગુરુજીએ કહ્યું કે માં ના પાલવ પર નિબંધ લખો...! તો લખવા વાળા વિદ્યાર્થીએ માં ના પાલવ પર શું સરસ લખ્યું પુરું વાંચશો તો હૃદય ભરાઈ જશે...

આદરણીય ગુરુજી, માં નો પાલવમાં ને ગરિમામય છબી પ્રદાન કરવા માટે હતો. માં નો પાલવ ચૂલા ઉપરથી ગરમ વાસણોને ઉતારવામાં કામ આવતો હતો. માં નો પાલવ બાળકોના પરસેવા અને આંસુ લૂછવા, ગંદા કાન, કે મોઢું સાફ કરવા માટે પણ પણ પ્રયોગમાં લેવાતો. બાળકોને જમ્યા પછી માં ના પાલવથી મોઢું લૂછવાનો અનેરો આનંદ આવતો હતો. માં નો પાલવ ક્યારેક આંખમાં કંઈ ખૂંચતું તો માં ગોળ ગૂંચણું બનાવી ફૂંક મારી ગરમ કરી આંખ પર લગાવતી ત્યારે દુ:ખાવો એની મેળે બંધ થઈ જતો.

માં ના ખોળામાં સુવા વાળા બાળકો માટે માં નો ખોળો ગાદી અને માં નો પાલવ ચાદરનું કામ કરી જતો. જ્યારે પણ કોઈ અજાણ્યું આંગતુક ઘરે આવતું ત્યારે તો બાળક માં ના પાલવની પાછળ સંતાવા તેનો ઉપયોગ કરતો તેવી જ રીતે બાળક જ્યારે જ્યારે શરમાઈ જાય ત્યારે પોતાનું મોઢું માં ના પાલવથી ઢાંકી દેતો, જ્યારે બાળકને બહાર જવું હોય ત્યારે માં નો પાલવ પકડી લેતો અને તે પાલવ જ તેનો એક માર્ગદર્શક બની જતો. જ્યાં સુધી બાળક પોતાની માં નો પાલવ પકડ્યો હોય, ત્યાં સુધી આખું બ્રહ્માંડ તેની મુઠ્ઠીમાં હોય તેવો તેને આભાસ થતો.

માં નો પાલવ જ્યારે શિયાળાની ઋતુ હોય ત્યારે માતા પોતાના બાળકને ચારે કોરથી વીંટાળી ઠંડીથી બચાવવાના પ્રયત્ન કરતી અને જ્યારે ખૂબ વરસાદ પડે તો માંનો પાલવ છત્રી બની મોઢું ઢાંકવા કામ આવતો. માં નો પાલવ નો હાથ લૂંછણીયા તરીકે પણ ઉપયોગ કરી લેવાતો માં નો પાલવ ઝાડ પરથી પડેલા જાબું અને સુગંધિત ફૂલો ને ભેગા કરવા અને લાવવા ઉપયોગમાં લેવાતો.

ક્યારેક અનાજ, દાન, પ્રસાદના સંકલન માટે માં ના પાલવ વપરાતો માં નો પાલવ ઘરમાં રાખેલ સામાન ઉપરથી ધૂળ સાફ કરવામાં પણ સહાયક થતો. ક્યારેક કોઈ વસ્તુ ખોવાય જાય તો માં ના પાલવને ગાંઠ બાંધી નિશ્ચિત થઈ જતા કે જલ્દી મળી જશે અને મળી પણ જતી. માં ના પાલવની ગાંઠ લગાવી એક હાલતી-ચાલતી બેન્ક કે તિજોરી બની જતી અને જો બાળકનું નસીબ જોર કરે તો ક્યારેક બેંકમાંથી થોડા પૈસા પણ મળી જતાં માં નો પાલવ બીજું કાંઈ નહીં, પણ એક જાદુઈ અનુભવ છે. જે આજની પેઢી તો નહીં જ સમજી શકે ! હવે જીન્સ પહેરવા વાળી મોમ પાલવ લાવશે ક્યાંથી....?

મો. ૯૪૨૮૧૮૬૮૮૦



**ડો. જિતેન્દ્ર અઢિયા (M.D.)**
માઈન્ડ ટ્રેનર એન્ડ લાઈફ કોચ
ચેરમેનશ્રી - મોટીવેશનલ કમિટી - VUF

# પોલીઓ - ટાઈફોઈડ અને આરોગ્ય



## પોલીઓ

મિત્રો,

એક ઘોડીની મદદથી ચલતા લંગડા બાળકનું દ્રશ્ય કેટલું દયનીય હોય છે અને આવા અનેક દ્રશ્યો આપણને આપણા દેશના ખુણે ખુણે જોવા મળે છે. અને આ અપંગતાનું મુખ્ય કારણ છે પોલીઓની બીમારી જેને આપણી સરળ ગુજરાતીભાષામાં બાળ લકવો કહીએ છીએ.

પોલીઓ એક ભયંકર બીમારી છે જે નાના ભુલકાઓને શિકાર બનાવી તેમને હંમેશને માટે લંગડા કરી મૂકે છે. જો આપણે આપણા દેશના આ ફૂલ જેવા કોમળ બાળકોને આ રોગથી બચાવવા હોય, તો આ રોગ વિષે થોડી પાયાની માહિતી હોવી જરૂરી છે. તો ચાલો આપણે સૌ આના વિષે થોડું જાણઈએ.

પોલીઓ એ વાયરસના નામના સુક્ષ્મ જીવાણઓથી થાય છે. આ જીવાણુઓ ગંદા પાણી અથવા દૂધ વાટે નાના બાળકોના શરીરમાં પ્રવેશે છે. અને તેમના નાના આંતરડામાં જઈ વસવાટ કરે છે. ત્યાં પહોંચ્યા પછી તેમની સંખ્યામાં ખૂબ જ વધારો થાય છે અને પછી તેઓ લોહીમાં પ્રવેશે છે. લોહી દ્વારા આ વાયરસ આપણા શરીરની કરોડરજ્જુમાં પ્રવેશે છે અને ત્યાં રહેલા ચેતાતંત્રના કોષોને નુકશાન કરે છે. જેને કારણે બાળક તેના શરીરના અમુક સ્નાયુ પરનો કંટ્રોલ ગુમાવી બેસે છે. જેથી કોઈ એક અથવા એકથી વધુ અંગ ખોટ થઈ જાય છે. ઘણી વખત બંન્ને પગ પણ ખોટા જઈ જાય છે. આ ખોટો થયેલો ભાગ ફરીથી કામ કરતો થવાના ચાન્સ ખૂબ જ ઓછા છે. ભલે તમે તમારા બાળકને સારામાં સારી હોસ્પિટલમાં સારામાં સારા ડોક્ટર પાસે લઈ જાવ. આને કારણે બાળકને આખી જીંદગી અપંગ તરીકે જ જીવન જીવવું પડે છે. ઘણી વખત તો પોલીઓના જંતુ ઉપરના મગજમાં પહોંચી બાળકોનો જીવ પણ લઈ લ્યે છે. તેથી ભલાઈ એમાં જ છે કે આપણે આપણા બાળકોને આ રોગ થતો અટકાવીએ.

ઘણી વખત એવું તમને સાંભળવામાં આવતું હશે કે ઈન્જેક્શન થાપામાં આપ્યું અને પગ ખોટો પડી ગયો અથવા પોલીઓ થઈ ગયો. આનું કારણ એ છે કે પોલીઓનો રોગચાળો જ્યારે પૂરબાહરમાં સમાજમાં ચાલતો હોય ત્યારે મોટાભાગમાં બાળકોના લોહીમાં પોલીઓની વાયરસ ફરતી હોય છે. જ્યારે ઈન્જેક્શનની સોયનો ટોચો બાળકને લાગે ત્યાર પછી તરત આ વાયરસ ચેતાતંત્ર ઉપર હુમલો કરી મૂકે છે. એટલે જ નાના બાળકોને વગર જોતા ઈન્જેક્શનો ન આપવા જોઈએ. જે માતા-પિતાઓએ ખાસ સમજવાનું છે. ઘણા મા-બાપો અમારી પાસે આવી તેમના બાળકને ઈન્જેક્શનથી જલ્દી સારું કરવા વિનંતીઓ કરતા હોય છે. ઈન્જેક્શનથી જ જલ્દી સારુ થાય તે માન્યતા ખૂબ જ ભૂલભરેલી અને ભયંકર છે.

પોલીઓ અટકાવવા બીજી સાવચેતી એ છે કે બે વર્ષ સુધી બાળકને ઉકાળેલું જ પાણી અને દુધ આપવા જોઈએ. ઉકાળવાથી પાણી અને દુધમાં રહેલા જંતુ નાશ પામે છે.

આ ઉપરાંત સૌથી ઉત્તમ રસ્તો એ છે કે આપણે આપણા બાળકને ડોક્ટરની સલાહ મુજબ પોલીઓની રસી અપાવીએ. પોલીઓની રસી મોઢેથી બે ટીપા દ્વારા આપવામાં આવે છે. અને તેની કોઈ જ આડઅસર નથી. તથા સરકારી દવાખાનાઓમાં તે મફત અપાય છે.

પોલીઓના ટીપા જન્મે કે તુરત, પછી દોઢ, અઢી અને સાડા ત્રણ મહિનાની ઉંમરે અને પછી દોઢથી બે વર્ષ વચ્ચે એમ પાંચ નિયમિત ડોઝમાં અપાતા હોય છે. આ ઉપરાંત આપણા દેશમાંથી “પોલીઓ નાબુદી અભિયાન” (જે ભારત સરકારે ૧૯૯૬માં શરૂ કરેલ છે.) તે વખતે એટલે કે ૭મી ડિસેમ્બરે અને ૧૮મી જાન્યુઆરીએ એક એક વધારાનો ડોઝ જરૂરથી અપાવવો.

આ ડોઝ તમારા ડોક્ટર પાસેથી લીધેલા પાંચ નિયમિત ડોઝ ઉપરાંત છે. તેના બદલામાં નહીં. ભારત સરકારે તેમજ ભારતની આજુબાજુના દેશોની સરકારે ૧૯૯૬ થી

# આરોગ્ય સૃષ્ટિ

૨૦૦૦ ની સાલ સુધી દર વર્ષે ડીસેમ્બર-જાન્યુઆરીમાં આ વધારાનો ડોઝ દરેક પાંચ વર્ષથી નીચેના બાળકોને અપનાવવાનું આયોજન કર્યું છે. અને જો આ અભિયાન તમારા બધાના સહકારથી સફળ થાય તો આપણે શીતળાની જેમ જ પોલીઓની બીમારીને પણ હંમેશ માટે જાકારો આપી શકીએ. અને ભવિષ્યની પેઢીને પોલીઓના શ્રાપથી મુક્ત કરી શકીએ. જરૂર છે બસ આપના સાથ અને સહકારની. આપશો ને?

તો મિત્રો, પોલીઓ વિષે આટલી વાતો યાદ રાખજો.

૧. પોલીઓ એક ચેપી રોગ છે જે વાયરસનામના જીવાણુઓથી થાય છે.

૨. પોલીઓ થયા પછી તેનો કોઈ ઈલાજ નથી પણ તે જરૂર બચી શકે છે.

૩. પોલીઓથી બચવા તમારા બાળકને

- ઉકાળેલું જ પાણી અને દુધ આપો.
- બીનજરૂરી ઈન્જેક્શનોથી બચાવો.
- પોલીઓની રસીના પાંચ ડોઝ એમના સમયે નિયમિત અપાવો. જે સરકારી દવાખાનામાં મફત આપવામાં આવે છે.

## ટાઈફોડ અને આરોગ્ય

રોગોની સારવાર કરવી તેના કરતા રોગોને ઉગતા જ ડામી દેવા. એટલે કે અટકાવી દેવા તે જીવનમાં અપનાવવા જેવું સોનેરી સૂત્ર છે. કેમ કે રોગો થયા પછી તેની સારવાર કરતા પૈસા, સમય, માનવશક્તિ જેવી ઘણી બધી વસ્તુઓ ખોટી રીતે વેડફાઈ જાય છે. પરંતુ જો આપણે આપણી આજુબાજુ સ્વચ્છતા જાળવીએ અને આપણી ખાવાપીવાની ખોટી આદતો સુધારીએ તો રોગો થતા અટકાવી શકીએ.

રોગો અટકાવવા અંગે શું તકેદારી રાખવી જોઈએ તે અંગે દરેક માણસે થોડી ઘણી માહિતી મેળવવી જરૂરી છે. તે પછી તે ખેતરે જતા ખેડૂત ભાઈઓ હોય કે પછી ઘરે રોટલો બનાવતી સ્ત્રીઓ તો ચાલો રોગો વિશે પ્રાથમિક જાણકારી મેળવીએ. રોગોને મુખ્યે બે ભાગમાં વહેંચી શકાય!

**૧. ચેપી રોગ**

**૨. બિન ચેપી રોગ**

જેમાં ચેપી રોગોનો ફેલાવો જીવજંતુ, માખી, મચ્છર, વગેરે દ્વારા થાય છે. આ ચેપી રોગોમાં ટાઈફોઈડ, મેલેરિયા, ઝાડા ઉલ્ટી, મરડો, કોલેરા વગેરેનો સમાવેશ થાય છે. આજે **આપણે ટાઈફોઈડ નામના રોગ વિષે જાણીશું.**

આ પ્રકારના રોગ ઉનાળા, ચોમાસા જેવી ઋતુઓમાં ખાસ વધારે પ્રમાણમાં જોવા મળે છે. કારણ કે ટાઈફોઈડ તે દૂષિત પાણી અથવા ખોરાક લેવાથી થાય છે. અને આવી ઋતુઓમાં ખોરાક અને પાણી જલ્દી બગડી જવાની સંભાવના, ગંદકી અને બેદરકારીને કારણે ઘણી વધી જાય છે. આથી અમુક વસ્તુનો ખાસ ખ્યાલ રાખવો જેમ કે,

- પાણી ગાળીને ૧૫ મિનિટ ઉકાળીને જ પીવું.
- બજારુ ખોરાક, ખાવાનું બને ત્યા સુધી ટાળવું અને ખાસ કરીને ઠંડી અને વાસી વસ્તુઓ તો બિલકુલ ન ખાવી.
- નખ કાપેલા રાખવા, નખમાં મેલ ન ભરાય તેનું ધ્યાન રાખવું.
- સંડાસ ગયા પછી, જમતા પહેલા, રસોઈ બનાવતા અને પીરસતા પહેલા અચૂક પાણી સાથે સાબૂ ઘસીને હાથ ધોવા.
- ઘરમાં પીવાનું પાણી લેવા માટે નળ વાળું માટલું અથવા ડોયો વાપરવો.
- ટાઈફોઈજ જેવા રોગોથી બચવા રોગ પ્રતિકારક રસીઓ મૂકાવવી.
- ખોરાક હંમેશા ઢાંકેલો રાખવો માખી બેઠી હોય તેવો ખોરાક ન ખાવો.
- શાકભાજી - ફાળો વાપરતાં પહેલા કાળજીપૂર્વક સારી રીતે ચોખ્ખા પાણીથી ૨-૩ વાર ધોવા જોઈએ.

ટાઈફોઈડનો રોગ તે સામાન્ય રીતે થોડો લાંબો સમય ચાલતો હોવાથી માણસની શારીરિક સ્થિતિ થોડી કમજોર અને નબળી થઈ જાય છે. તેના શરીરમાં જમા થયેલા શક્તિ વપરાઈ જાય છે. અને પાણી અને ખોરાકનું સંતુલન ખોરવાઈ જાય છે. ટાઈફોઈડમાં પેટ પર સૌથી વધારે ખરાબ અસર થતી હોવાથી યોગ્ય સારવાર અને તકેદારી ન લેવામાં આવે તો ઝાડા, પેટમાં ચાંદ પડતા અને અતિશય ખરાબ સ્થિતિમાં મૃત્યુ થવાનો પણ ડર રહે છે.

માટે ટાઈફોઈડમાં પાચનતંત્ર પર અસર થતી હોવાથી શરૂઆતમાં પચવામાં ભારે હોય તેવા ખોરાકનો ઉપયોગ ટાળવો જેમ કે આખા ધાન્ય, વધારે પ્રમાણમાં કઠોળ, તાવ ખૂબ જ હોય ત્યારે ન આપો તે હિતકર છે. આ વધારે પ્રમાણમાં તળેલો ખોરાક, મીઠાઈ, બજારૂ વાનગીઓ વગેરે પણ ન આપો તે હિતકર છે. કારણ કે ટાઈફોઈમાં પાચનતંત્ર એટલે કે ખોરાક પચાવવાની શક્તિ નબળી પડી ગઈ હોવાથી પેટને ભારે ખોરાક પચાવવામાં મુશ્કેલી પડે છે. અને ઝાડા અથવા ચાંદા પડવાનો ડર રહે છે પરંતુ તેને બદલે શરૂઆતમાં પ્રવાહી જેમ કે ફળોનો રસ, નાળીયેર પાણી, મગનું પાણી આપવું ત્યારબાદ ધીમે ધીમે અર્ધપ્રવાહી ખોરાક જેમ કે ગળેલી ખીચડી, ભાત, મગ વગેરે ત્યાર બાદ ધીમે ધીમે થોડા પ્રમાણમાં સામાન્ય ખોરાક આપવાની શરૂઆત કરવી જોઈએ.

મો. ૮૪૮૮૮ ૮૧૨૧૩



Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
લાંબા
સમય
સુધી ચાલે
~: Also available :~
EAU DE PARFUM
BAN SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com

# કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડીયા**
પંચવટી બાગ, માલપરા
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી
અને અનેક એવોર્ડ અને પારિતોષિકથી વિભૂષિત થયેલ છે.

# "ભૂખ લાડ" સઘળે પડાવે આડ !

મોટી ઉંમરે દીકરો થયો હોય એટલે મા-બાપે એનો-ખાટલેથી પાટલે અને પાટલેથી ખાટલે - હથેળીમાં ઉછેર કર્યો હોય. "બાળક છે ને ! કાલ સવારે મોટો થઇ જશે, એટલે બધું આપમેળે સમજતો થઇ જશે" માની તેની જાતેજાતની માગણીઓ પૂરી કરવા ખડે પગે તૈયાર રહ્યા હોય, અરે ! ક્યારેક તો અજુગતી અને અવ્યવહારુ જીદ પૂરી કરવામાં પણ પાછુ વાળી જોયું ન હોય ! કહોને પાણી માગે ત્યાં દૂધ હાજર કર્યાં હોય, અને પરિણામે એ બાળક જેમ જેમ મોટું થતું જાય, તેમ તેમ તેના માનસનું ઘડતર જ બસ એવું થતું રહ્યું હોય, કે એનું ધાર્યું જ થવું જોઇએ ! ક્યાંક-"વિવેક", ક્યાંક થોડી "સમાધાનવૃત્તિ", ક્યાંક "ચલાવી લેવું", "જતું કરવું" વગેરે વ્યવહારો વિષેની ગંભીરતા બાબતનો તેના મનમાં તણખો એ ન પડવા દીધો હોય, અજુગતો વ્યવહાર કરવામાં ક્યાંય પણ રોકયો ન હોય કે ધ્યાન સરખું યે ન દોર્યું હોય, અને એ બાળક મોટું થઇ બગડે, તો એમાં બાળકના કરતાં એનાં માવતરનો વિશેષ દોષ હોય, એવું નથી લાગતું આપને ?

બસ ! આજ નિયમનો જીણવટથી અભ્યાસ અને નિરીક્ષણ કરવામાં આવે, તો ખેતીમાં પણ ખેડુતે જેની જેની સાથે કામ પાડવાનું છે, જેના જેના કાયમી સહવાસમાં રહેવાનું છે, તે બધા પાત્રો -પછી છોડવા હોય કે ઝાડવાં, જીવડાં હોય કે જાનવરો, અરે ! મજૂર તરીકે માણસ ભલેને હોય ! તે બધાની સાથે વધારે ઉત્પાદનના શુભ આશયથી વધુ પડતી દોસ્તી, માવજત, પ્રેમ અને સ્નેહ અપાઇ ગયા ? સંભાળ લઇએ ત્યાં સુધી બરાબર ! પણ જો અતિ લાડ કરાવાઇ ગયા ? તો પછી ખલ્લાસ ! વધુ ઉત્પાદન કે તેની પાસેથી રખાતી અપેક્ષાઓ રહી જાય કોરાણે ! માવતરનો ભૂખ લાડ કરાવેલો છોકરો જેમ બગડ્યો તેમ આ બધા પણ બગડીને બેહાલ બની જઇ, ક્યારે ખફા વહોરાવી દે, એનું કાંઇ નક્કી નહીં !

**પશુ બગડી જાય** = મારા જૂના ગામ ચોસલામાં અમારા પાડોશી મોંઘીમાએ એની ભગરી પાડીને નાની હતી ત્યારથી એવી સાચવી, એવા લાડ લડાવ્યા અને એવો હેડો લગાડ્યો, કે મોંઘીમાને નજર સામે ભાળે તો જ ભગરીને શાંતિ થાય ! એમ કરતાં કરતાં ભગરી તો મોટી થઇ - 'પાડી' મટી 'ખડી' અને ખડીમાંથી થઇ ગઇ મોટી 'ભેંશ', પણ આદત એવી પાકી થઇ ગઇ કે મોંઘીમા તો બસ નજર વેગાં જ હોવાં જોઇએ ! મોંઘીમાને ભાળે નહીં, એટલે મોટા મોટા ને લાંબા રાગે ગાંગરવાનું શરુ કરી, કાળો દેકારો બોલાવે ! કોઇ મહેમાન-પરોણાનું આવન-જાવન, ગામમાં કોઇ વ્યવહારિક કામ સબબ આંટો-ફેરો મારવાનું થાય, અરે ! ક્યારેક કોઇ સારા-માઠા પ્રસંગે બહારગામ પણ જવાનું થાય, એટલે મુંઝારાનો પાર નહીં ! લીલો-સુકો ચારો નીરે, ખાણનું તગારું મોઢા આગળ મૂકે, પણ નહીં! મોંઘીમા સિવાય બીજું કાંઇ ખપે જ નહીં ભગરીને એનું કેમ કરવું ? મોંઘીમા પણ થાક્યાં ! અને ખીજાઇને નક્કી કર્યું કે "આ લોંડીને હવે ઘેર રાખવી જ નથી. લાવ, માકલા ગોવાળ સાથે ગામનાં ઢોરાંની ભેળી ધણ (ગાયો-ભેંસોને ચરવા લઇ જવા માટેનું ટોળું) માં જ ભળાવું " ! ભગરીને તો મોંઘીમાએ ધણમાં મૂકવાની કરી શિક્ષા !

પણ મોંઘીમાના આ અખતરાનો થઇ ગયો ખતરો ! જેટલી ઘડી મોંઘીમા ધણમાં હાજર રહે, એટલી ઘડી ભગરી ઘાસ ચરે ! જેવા મોંઘીમા ઘર ભણી હાલતા થયા કે વાત ગઇ ! હોં.....હોં....ગાંગરતી – રુમાડો લેતીકને હારે થઇ હાલી નીકળે મોંઘીમાની હારો હાર ઘર ભણી ! માકલો ગોવાળ વાંહામાં, બરડે, મોઢે-જ્યાં આવ્યું ત્યાં, ડંડાનો બોથરાટો બોલાવે, પણ ભગરી મીણ ભણેતો ને ? માપથી વધુ જાનવરને અપાયેલ પ્રેમ, ભૂખલાડમાં પરિણમી નુકશાની વહોરાવી ગયો ને ?

અમારી ગોરી ગાયની વાછરડીનું નામ અમે "શ્યામલી" પાડેલું. શ્યામલી હતી બહુ જીવરી, અને પરાણે વહાલી લાગે એવી દેખાવડી અને માયાળું ! પછીતો શ્યામલી વાછરડી મટી-વોંડકી બની, ફાલુ થઇ- વિંયાવા માટે સાંજ-સવાર થઇ ગઇ ! પહેલું વેતર હોઇ, જરા ધીરી રહે , એ ગણતરીએ રોજ સવાર-સાંજ વખત મળે ત્યારે તેના શરીરે,માથે, આઉ-આંચળમાં હાથ ફેરવતા રહી વધુ હેવાઇ કરી, અને માળી શ્યામલી અમને એવી કળી ગઇ કે વિંયાણાં પછી પણ –દૂધ દોહવા ટાણે ઘરવાળી હાંડો લઇ દોહવા બેસે અને મારે એને માથે, ડોકે, મોઢે, કાન પાસે અને ગળા ફરતે હાથ ફેરવ્યા કરી, બસ ખંજોળ્યા કરવાનું ! ગમે તેવી કપાણ્ય હોય તોય દોહન ટાણે તો મારે હાજર થવું જ પડે ! એક બાજુ એના તરફ અમારો પ્રેમ અને માયાળુ લાગણી ! અને બીજી તરફ એના થકી પડતી મુશ્કેલી ! સારું-નરસું બન્ને ભેગું ! પણ અમે તો થાક્યા,અને એને ખંજોળવાની પડી ગયેલી આદતના હિસાબે ગાય જેવી ગાયને અમારે વેચી નાખવી પડી બોલો ! પ્રેમ પણ અતિ અપાઇ જાય, તો પરિણામ માઠું મળ્યા વિના રહેતું નથી એનો અમારા દ્વારા જ બનેલો આ દાખલો !

**જીવડા પેધી જાય :** પંચવટીબાગમાં પાલતુ અળસિયાંની વસાહત પણ ઊભી કરી છે. શરુ શરુમાં એકલું છાણ જ અળસિયાંને ખાવા આપતાં.પણ પછી એમ થયું કે અલ્યા ! છાણ પોતે જ ઉત્તમ ખાતર છે. એ ખાઇને અળસિયાં ખાતર બનાવી દે એમાં શી નવાઇ ? આપણી વાડીમાં તો ખેત-કચરાનો પાર નથી; એ જ ખાવા દીધો હોય તો કેમ ? અમે કર્યો પ્રયોગ ! એક પાળો કર્યો એકલા છાણનો અને બીજો કર્યો બાજુમાં ભાંગીને ભૂક્કો કરેલા ખેત-કચરાનો. એમ બાજુ બાજુમાં કુલ છ પાળા બનાવી, ભેજ

# કૃષિ સૃષ્ટિ

આપી, ઠંડા કરી, છ એ છ માં સરખી સંખ્યામાં છોડ્યાં અળસિયાં ! દસેક દિવસે તપાસ કરી, તો કૂચાવાળા પાળામાં બચી હતી ગણી ગાંઠી સંખ્યા-જ્યારે છાણના પાળામાં જાણે કીડિયારું ઊભરાણું ! પાળા ભીંજવતા —નીચેની ભીની થયેલ સપાટી દ્વારા રાત્રિ દરમ્યાન કૂચાવાળામાંથી લાગ મળ્યો તે બધા સરકી સરકી છાણ બાજુ પહોંચી ગયેલાં.તમે જુઓ તો ખરા ! જેને નથી હાથ-પગ કે નથી આંખ-કાન, છતાં શું પહેલા ખવાય, અને એ મળતું હોય ત્યાં સુધી બીજું ન ખવાય એની પૂરી ખબર એને પડે છે બોલો !

અમે જોયું કે જ્યાં સુધી છાણ ખાવા દેશું ત્યાં સુધી આ બધાં કૂચો ખાવાનું પસંદ નહીં જ કરે- એટલે અમે હવે કૂચો જાજો અને છાણ થોડું- પણ અલગ અલગ પાળા નહીં, બધું એકમેક કરી—ભીંજાવી અળસિયાંને દેવાનું શરૂ કર્યું છે. અને એકલું છાણ ક્યાંય જડતું ન હોવાથી-ભૂખતો ભૂંડી છેને ભાઇ ! છાણ ન મળ્યું તો કંઈ નહીં ! કૂચાથી રોડવવા માંડ્યાં છે, અને એનું પણ સરસ ખાતર કરવાના કામે લાગી ગયાં છે.

**ઝાડવાં-છોડવાયે તકનો લાભ લેવા માંડે :** અતિ લાડથી છોકરું બગડે, જાનવર બગડે, એમ છોડવા યે બગડે અને ઝાડવાં યે બગડે એવું માની શકાય ખરું ? હા, એને પારખવાની દ્રષ્ટિ હોય, તો મારા જેવો તમને યે અનુભવ થશે.

અમે પંચવટીબાગમાં આમળાનું પ્લાંટેશન કર્યું. તે વખતે મારા નાનાભાઈ વલ્લભે સચીન - (સૂરત)માં તેના રહેણાકી મકાનના આંગણાંમાં આમળાનું એક ઝાડ લગાડેલું. પંચવટીબાગની જમીન ગણાય નબળી, જ્યારે સચીનની ભોંય તો માથું વાવ્યું હોય તો ધડ ઉગાડી દે તેવી બળિયાવર ! અને એમાં ઘર આંગણાંના બીજા લાડક્યા ફૂલછોડની હારો હર બધી જાતની મળે માવજત ને સગવડ ! આમળાનું ઝાડ તો વગર માવજતે વધે એવું વગડાઉ ઝાડ ! આમળી તો વધીને ત્રણ વરહમાં થઈ ગઈ મોટી કરાડ ! પંચવટીબાગના ઝાડવાં હતા પ્રમાણમાં નાનાં, પણ ફાલે થઈ જવા લાગ્યાં લથબથ ! જ્યારે વલ્લભની આમળી ? પાનખર ઋતુમાં પાન ખેરવી વાળે, પણ પછી ફૂલો ખિલવવાનું ટાણું ભૂલી જઈ, નર્યા પાંદડા જ કોળાવી દે ! ચાર-પાંચ વરસ વાટ જોઈ પણ ફળો ન જ લાવ્યાં, અને અંતે ઝાડવું ખોદી નાખવું પડ્યું.

વનસ્પતિનો સ્વભાવ સાધુ-સંતોના જેવો મીતહારી છે. પણ જ્યારે આપણે એના મોઢામાં લચપચતા કોળિયા દેવા માંડીએ ત્યારે એ ય શું કરે ? એને જરૂર ન હોય, છતાં મૂળના મોઢા પાસે જ પૂરતો ભેજ અને એમાં ઓગળેલ પોષક તત્વોનો ખડકલો ખડકી દઈએ - તો તે પણ આખરે છે તો જીવતો જીવ જ ને ! ખવાય તેટલું ખાઈ લેવાની તેને પણ ઈચ્છા થઈ જાય તે સહજ છે. અને પછી એનું ધ્યાન ફાલ બાજુ કેન્દ્રિત થવાને બદલે શરીર તગડું બનાવવામાં વળી જાય, તો દોષ ઝાડવાનો કેમ ગણવો કહો !

એવું જ આપણા મોસમી પાકો - પછી તે કપાસ હોય કે દીવેલા, મગફળી હોય કે મરચી-માપથી વધુ સાચવણ- એટલે ફાલ જવાય ભૂલી અને બળ બધું વહ્યું જાય છોડવે ! છોડવા છે જીવતા. અને પરિસ્થિતિ જોઈ નિર્ણય લેવાની કે બદલવાની તાકાત કુદરતે માણસ સિવાયના બાકીના જીવોને આપી જ છે. ખાવા-પીવામાં કે સલામતીમાં કંઈ વાંધો નથી, તો આપણને હવે શી ચિંતા ? બસ, વધો-વિકસો અને મોઝ કરો બાપલા ! છોડવા ફાલ પકડવાનું વિચારે જ શું કરવા ? પણ મરવાની બીક લગાડ્યા ભેળી એને વંશ-વેલો ટકાવી રાખવાની ચિંતા જાગે છે અને ઘાંઘા થઈને ફાલ પકડે છે.

**મજૂર પણ માલિકને કળી જાય :** અમારી વાડીએ એક વાઘરી કુટુંબને કામ કરવા વસાવેલું. એના ઘરના બધાં માણસો વાડીમાં કામ કરે, એની એ લોકો કહે એવી મજૂરી ચૂકવું. વાડીમાં ઘરની જેમ કામ કરતા અને વફાદારી પૂર્વક વર્તતા ભાળી મેં કેટલીક વાડીની, વાડીના કામકાજની અને અન્ય મજૂરો પર દેખરેખ રાખવાની જવાબદારી એને સોંપવા માંડી. કામકાજના આયોજનમાં એનો અભિપ્રાય લેવા માંડ્યો, એને મહત્વ આપવા માંડ્યો અને માંળું ! એના પર વધુ પડતા મુકાઈ ગયેલા વિશ્વાસનું પરિણામ ઊલટું આવીને ઊભું રહી ગયું ! એ અન્ય મજૂરોને પરેશાન કરવા માંડ્યો. અન્ય મજૂરો વાડી છોડી જવાની તૈયારી કરવા માંડ્યા. જરા ઊંડા ઊતરી તપાસ કરી, તો મેં મોવડી બનાવેલ મજૂરે અન્યોને એવું કહેલું કે "આ વાડીમાં શું કામ કરવું છે, કે કોને કોને વાડીમાં રહેવાનું છે તે બાબત હવે હીરજીભાઈને નહીં, મને પૂછવાનું છે, અને હીરજીભાઈ કહે તેમ નહીં, હું કહું તેમ કરવાનું છે." અને બે-ત્રણ દિવસ થયા, ત્યાં વાડીએથી એક ધોળિયો બળદ ચોરાયો ! કોઈ રાશ સહિત ખીલેથી છોડીને ઉપાડી ગયેલા. ચારે બાજુ તપાસર્થે મોટરસાયકલો દોડાવી, તો જૂનો માણસ મારી હારોહાર ! મારી જ ગાડી પછવાડે બેસી ઊંધી દિશામાં શોધખોળ કરાવી વખત વેડફાવે ! ત્રીજા દિવસે જાયું -ભાયુંના સારા પ્રતાપે બળદની ભાળ મળી ગઈ-બળદ આવી ગયો. પણ એ બળદ ચોરવવામાં પણ મારા એ જૂના માણસનું પાપ ખૂલ્યું અને એને વાડીમાંથી ઉચાળા ભરાવવા પડ્યા. એટલે દરેક બાબતનું માપ સારું. માપથી વધારે મૂકેલો આંધળો વિશ્વાસ, વધુ પડતો દેખાડાયેલ સ્નેહ, કે વધુ પડતા કરાવાએલા લાડનું પરિણામ માઠું જ મળે છે.

એટલે આપણે આપણા પાલતુ છોડવા હોય, ઝાડવા હોય કે હોય ભલે ગાય-ભેંશ-બળદ જેવા પાલતુ પ્રાણીઓ, અરે ! વાડીમાં કામ કરનાર મજૂર ભલેને હોય, માપે જ માવજત અને માપે જ હેત-પ્રેમ અપાય. વધુ ઉત્પાદનની લ્હાયમાં અપાયેલ વધુ પડતી માવજત ખર્ચમાં તો વધારો કરે જ, પણ ઝાડ-છોડ કે પશુ-મજૂરનો સ્વભાવ બદલાવી એની ફરજચૂક પણ કરાવે. એવું ન થવા દેવા એમના કરતા વધારે ચીવટ આપણે ખેતી વ્યવસ્થાપકોએ જ દાખવવી પડશે ભાઈ ! -મો. ૯૩૨૭૫૭૨૨૯૭

# કૃષિ સૃષ્ટિ



**મિત પટેલ**
નવોદિત યુવાલેખક, અમદાવાદ

# "જગતનો તાત માતને મારવા મથી રહ્યો છે !"

પરિચય સંક્ષિપ્તમાં: મિત પટેલ મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના ભેચડા ગામના વતની છે. તે મુખ્યત્વે બે વિષય પર કામ કરે છે :

**૧. માતૃભાષા  ૨. માતૃભૂમિ**

માતૃભાષા અંતર્ગત સાહિત્ય જગતમાં સતત કર્યશીલ છે. આ અગાઉ તેમના ત્રણ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં છે. માતૃભૂમિ અંતર્ગત અત્યારે પ્રાકૃતિક ખેતીના એક પ્રોજેક્ટમાં નેતૃત્વ કરી રહ્યાં છે. પોતે ખેડૂતપુત્ર છે. તેમને **ઉમાસૃષ્ટિ**માં આવકારતાં આપણે આનંદ અનુભવીએ છીએ.



ચાર વેદ પૈકીના અથર્વવેદમાં ભૂમિ સુક્તમાં લખ્યું છે કે " माता भूमिः पुत्रो अहं पृथिव्या : " અર્થાત ધરતી આપણી માતા છે અને આપણે તેના સંતાનો છીએ. અથર્વવેદના આ મંત્રમાં 'મા' ના મહિમા સાથે જોડીને મા ભોમની ગરિમાનું ગાન કરવામાં આવ્યું છે. પ્રકૃતિએ ધરતી પર કૃષિના રૂપમાં માનવજાત પર સૌથી મોટા આશીર્વાદ આપ્યા છે.

ક્રાંતિનો હેતુ માનવ સમાજને આસુરી તત્ત્વોની ચૂંગાલમાંથી છોડાવી દૈવી તત્ત્વો તરફ લઈ જવાનો હોય છે. હરિત ક્રાંતિથી કૃષિ સૃષ્ટિમાં નવનિર્માણનું સર્જન થઈ શક્યું ખરૂં ? હરિત ક્રાંતિ જે હેતુથી થઈ એ હેતુને ઠેકીને આપણે આગળ જતા રહ્યા. ૧૯૬૦ ના દાયકમાં ભારત અન્નની અછતમાં ઝઝૂમી રહ્યુ હતું, તેના સમાધાન રૂપે ભારત સ્વસધ્ધર થઈ શકે એ માટે રસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓને ખેતીમાં પ્રમાણસર છંટકાવ કરવાના સૂચન સાથે કૃષિ વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથનના નેતૃત્વ હેઠળ હરિત ક્રાંતિ શરૂ થયેલી. જો વિકાસમાં વિવેક ન હોય તો વિનાશ વગર આમંત્રણે આવી ચડે છે. પરિણામે રાસાયણિક ખેતીનો વ્યાપ વધતો ગયો ને એનું માઠું પરિણામ આપણે સહુ ભોગવી રહ્યા છીએ. કમોસમી વરસાદ, કેન્સર, હાર્ટ એટેક અને ટી.બી. જેવા રોગો બેફામ રીતે પોતાનું સામ્રાજ્ય વિસ્તારી રહ્યા છે. ભટિંડાથી બિકાનેર જતી એક ટ્રેન આજે કેન્સર એક્સપ્રેસના નામથી ઓળખાય છે. આજથી સો વર્ષ પહેલા જે બિમારીઓના નામ સુધ્ધા સાંભળ્યા નહોતા એ બિમારીઓ માનવજાતને ભરખી રહી છે. માણસ વિનાશની કગાર ઉપર ઉભો છે.

આજે પ્રકૃતિનું શોષણ એ સ્તરે પહોંચી ગયું કે માનવના અસ્તિત્વ પર ખતરો મંડરાઈ રહ્યો છે. જમીન, પાણી, વાયુ વગેરે પ્રાકૃતિક સ્રોતોમાં પ્રદૂષણ પેસી ગયું છે. ધરતીનું સ્વાસ્થ્ય હદ બહાર લથડી પડ્યું છે. તેમાંથી પેદા થનાર અન્ન અત્યંત ઝેરી બની ગયું છે. ઈતિહાસ સાક્ષી છે કે ધરતીનું સ્વાસ્થ્ય બગડવાથી અનેક સભ્યતાઓ નાશ પામી છે. વધુ સ્વાર્થી અને લોભી બનેલો જગતનો તાત જાણે અજાણે પોતાની માતને જ ઝેર આપીને મારવા મથી રહ્યો છે !

ચેતી જઈએ તો હજુ જરાય મોડું નથી થયું. ધરતી આપણી માતા છે, તેને ઝેર આપવાનું બંધ કરીએ અને પ્રાકૃતિક ખેતી અપનાવીએ. કેટલાક ખેડૂતમિત્રોના મનમાં એવી દ્વિધા હોય કે રાસાયણિક ખાતર અને ઝેરી દવાના છંટકાવ વગર ખેતી કેવી રીતે શક્ય છે? પાકની વૃદ્ધિ કેવી રીતે થાય? પૂરતા પ્રમાણમાં ઉત્પાદન થાય ખરુ?

મિત્રો! આ પ્રશ્નોની સાથે એવો પ્રશ્ન પણ થવો જોઈએ કે જંગલના વૃક્ષોને યુરિયા, ડી.એ.પી. કોણ આપે છે? ત્યાં છોડ પર જંતુનાશક દવાઓનો છંટકાવ કોણ કરે છે? તેમ છતાં આબોહવા અને ઋતુ અનુસાર ફળ આવવાના સમયે જંગલના વૃક્ષો ફળોથી લદાઈ જાય છે, વનરાવન ખીલી ઉઠે છે. જંગલમાં જે નિયમ કામ કરે છે તે જ નિયમ આપણા ખેતરમાં કામ કરે છે અને એનું જ નામ છે પ્રાકૃતિક ખેતી.

આપણી ભૂમિ અન્નપૂર્ણા છે. પાકોની વૃદ્ધિ માટે જે સંસાધન જોઈએ તે છોડના મૂળની પાસે જમીનમાં અને પર્ણો પાસે વાતાવરણમાં હોય જ છે. આપણા ખેતી પાકો જમીનમાંથી ફક્ત ૧.૫ થી ૨ % ખનીજ તત્ત્વો લે છે, બાકીના ૯૮ થી ૯૮.૫ % તત્ત્વો હવા, સૂર્યપ્રકાશ અને પાણી દ્વારા મેળવે છે.

મો. ૯૦૧૬૦ ૧૧૧૫૦

# બાલ સૃષ્ટિ




**સંપાદક :**

**ડૉ. ભગીરથ કે. પટેલ**

ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી,
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.


# હૂંફની કિંમત

વિઝૂડી વાંદરીની ભારે કૂદાકૂદ એક ઠેકાણે હોય જ નહીં. ક્યારેય એ ઠરીને બેસે નહીં. વળી નવી નવાઈમાં બે-ત્રણ વરસે એને બચ્ચું આવ્યું હતું. એટલે હરખમાં ને હરખમાં એ કૂદાકૂદ કર્યા કરતી. વળી સહુને કહેતી ફરતી જોયું ને ! તમે બધાંય ના કહેતા'તા ને ! મારું બચ્ચું પણ કેવું રૂડું, રૂપાળું ને મસ્ત-મસ્ત પૂંછડીવાળું છે. એમ સહુને કહેતી ફરતી. હરખમાં ને હરખમાં એ બચ્ચાને છાતીએ વળગાડી કૂદ્યા કરતી. એક દિવસ એક ઝાડથી બીજે ઝાડ કૂદતાં... મા ને બચ્ચું બંને હેઠે પડ્યાં. પડતાં-પડતાં વિઝૂડીએ તો ઝાડની ડાળી પકડી લીધી. એટલે એને વાગ્યું નહીં, પરંતુ બચ્ચું બરાબર પછડાઈ ગયું. નાનકડા બચ્ચાનો ડાબો હાથ અને ડાબો પગ ભાંગી ગયો.

વિઝૂડી હાંફળી-હાંફળી નીચે આવી. બચ્ચાને છાતી સાથે દબાવી દીધું. પછી તેના હાથ-પગ, પૂંછડી બધે જોવા લાગી. અને બચ્ચાને લઈ ચાલવા માંડી પરંતુ... આ શું ? એનું બચ્ચું ફરી પછડાયું. વિઝુડીને ખ્યાલ આવી ગયો... પરંતુ હવે.. હવે.. શું કરવું ? એની ચિંતામાં ને ચિંતામાં એ ભૂખી ને તરસી બેસી રહેતી.




**: લેખિકા :**

**ગિરા પિનાકીન ભટ્ટ**

**સુપ્રસિદ્ધ બાળ સાહિત્યકાર અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા**

**મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨**


ઝાડ નીચે એક બકરી રહેતી હતી. એનું નામ બીસુ બકરી. એ બેઠી-બેઠી આ બધું જોયા કરે. ભૂખી અને તરસી વિઝૂડીની એને દયા આવી. એટલે એ બોલી, વિઝૂડી તું સહેજે ચિંતા ન કર. ઝાડ પર આરામથી જા અને ફળ-ફૂલ ખા. તારું બચ્ચું હવે તારી એકલીનું નથી. મારું પણ છે. હું તેનું ધ્યાન રાખીશ. વિઝૂડી તો આ સાંભળી ખુશખુશ થઈ ગઈ. બચ્ચાને ના છૂટકે બીસુની પાસે મૂકી તે ઝાડ પર ચડી ગઈ. ઝાડ પર કૂદી-કૂદીને પાન-ફળ-ફૂલ ખાવા લાગી. બીસુ બકરી તો બચ્ચાને પોતાનું દૂધ પિવડાવવા લાગી. આ જોઈ વિઝૂડીની આંખમાં આનંદનાં આસું આવી ગયાં.

વિઝૂડી તો થોડી થોડી વારે બચ્ચાની કાળજી માટે નીચે જઈ આવે.. ને પાછી ઝાડ પર ચડી જાય. થોડા દિવસ પછી બચ્ચાના હાથે પગે રૂઝ આવવા લાગી. તે ધીમે ધીમે ચાલતું થયું. ડાળીને પકડતું થયું. એટલે વિઝૂડી તો બીસુને વળગી પડી. અને એનો ઉપકાર માની બચ્ચાને લઈ ઝાડ ઉપર જતી રહી.

સમય જતાં એ બાજુનાં ઝાડ-પાન સુકાયાં. ફળ-ફૂલની તો આશા જ વ્યર્થ હતી. એટલે વિઝૂડી પોતાની ટોળીની સાથે સાથે દૂર દૂર જંગલમાં જતી રહી. બચ્ચું પણ જવાન થવા લાગ્યું. એ પણ એની અલગ ટોળીમાં ભળ્યું. ને ભારે ઉત્પાતિયું, અટકચાળું ને આગેવાન બન્યું. દિ' ઊગે ત્યાંદિ દિ' આથમે ત્યાં સુધી ઘડીભેર એને ફુરસદ નહોતી મળતી.

એક દિવસ વિઝૂડીએ યાદ દેવરાવ્યું... બેટા, પહેલાં બીસુને તું બહુ યાદ કરતો ને મળવા પણ જતો.. હવે. કો'ક વાર તો મળવા જા. હું બે-ચાર વખત એ બાજુ આંટા મારી આવી, પરંતુ એ બાજુ તો બીસુ ક્યાંય ન દેખાણી.

શાણું બચ્ચું માની વાત સાંભળી નીકળી પડ્યું. ભાઈબંધો સાથે બાળપણની વાતો કરતાં કરતાં, કૂદતાં-કૂદતાં આવી ચડ્યાં. પરંતુ બીસુ તો અહીં નહોતી ત્યાં દૂર દૂર એક ઉકરડા પાસે એક બકરી ભૂખી-તરસી કણસી રહી હતી. વિઝૂડીનું બચ્ચું એને ઓળખી ગયું. બીસુ બીમાર હતી, એનામાં સહેજે તાકાત નહોતી. બચ્ચાં સમજી ગયાં. બધાં બાજુના તળાવેથી પાણી લઈ આવ્યાં. બીસુને પીવડાવ્યું. પછી ઝાડનાં કૂણાં-કૂણાં પાન તોડી ખવડાવ્યાં.

આ બાજુ, વિઝૂડી અને બીજા બચ્ચાઓની માને ચિંતા થઈ, એટલે શોધતાં-શોધતાં અહીં આવી ચડ્યાં. બધાં બચ્ચાઓએ લીધેલી સાર-સંભાળ, સ્નેહ અને હૂંફથી બીસુ બકરી સાજી થઈ ગઈ. પરંતુ વિઝૂડી આગળ બીસુ રડી પડી. હવે... હું વૃદ્ધ થઈ ગઈ છું. દૂધ દેતી નથી, એટલે માલિકે કાઢી મૂકી છે. આજે.. આ બચ્ચાં ન આવ્યાં હોત તો હું રામશરણ થઈ ગઈ હોત. તમારો ઉપકાર હું ક્યારે પણ નહીં ભૂલું. તમારાં બધાંનો ખૂબ-ખૂબ આભાર. ત્યાં જ વિઝૂડી, એનું બચ્ચું ને બીજાં બધાં બોલી ઊઠ્યાં; હવે... તમારે ચારા માટે ક્યાંય ફરવાનું નહીં. અહીં જ રહેવાનું. અમે તમારા માટે ઘાસ-ચારો ને પાણીની વ્યવસ્થા કરશું.

# પ્રવૃત્તિ અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## નવરાત્રિની આઠમ @ નવચંડી યજ્ઞ





વિશ્વ ઉમિયાધામ જાસપુર અમદાવાદ ખાતે નવરાત્રિની આઠમના પવિત્ર દિવસે નવચંડી યજ્ઞના મુખ્ય યજમાન તરીકે શ્રી વી.પી.પટેલ (ઉપપ્રમુખશ્રી USA) પ્લેટીનમ દાતાશ્રી (નારદીપુર) સહ પરિવાર સાથે જોડાઈ મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા.

## કન્યા પૂજન @ વિશ્વ ઉમિયાધામ





નવરાત્રિની નોમના દિવસે નવદૂર્ગા સ્વરૂપે કન્યા પૂજનનું વિશેષ મહત્વ હોય છે, ત્યારે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ડી.એન.ગોલ દ્વારા કન્યા પૂજન કરવામાં આવેલ. તમામ દિકરીઓ સુખ શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય અને જીવનમાં ખૂબ પ્રગતિ કરે તેવી માતાજીના ચરણોમાં પ્રાર્થના કરવામાં આવી.

## "પટેલ પરિવાર" આયોજીત સંપાદન શિબિર





"પટેલ પરિવાર" મેગેઝીનના લેખકો, કવિઓ, સાહિત્યકારો, કોલમિસ્ટસની એક દિવસીય સંપાદન શિબિર વિશ્વ ઉમિયાધામ અમદાવાદ ખાતે મળી હતી. સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ અને મેગેઝીનના તંત્રી જીગ્નેશભાઈ કાલવાડીયા તથા મેમ્બરશ્રી રમેશભાઈ ઘરસંડીયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ શિબિરનો હેતુ સહિત્ય પ્રવૃત્તિને ઉદ્દેશ્ય સામાજીક સમસ્યાઓને સાહિત્યના માધ્યમ દ્વારા વાચા આપવાનો તથા નવોદિત લેખકોને પ્રોત્સાહન આપવાનો હતો. આ શિબિરમાં પાટીદાર અગ્રણી શ્રી કિશોરભાઈ આદીપરા, ઉમાસૃષ્ટિના તંત્રી ડો.જે. એમ. પનારા, ડો. ભાવેશ જેતપરીયા (મોરબી), ખોડાભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, મૂળજીભાઈ નંદાસણા, વિનોદ ગોધાસરા અને ગિરીશભાઈ વાછાણી, નિપાબેન મણવર, ભારતીબેન ભંડેરી, પુષ્પાબેન નંદાસણા, કુમુદબેન વાછાણી અને ભારતીબેન કાલાવડીયા વગેરે લેખકોએ ઉપસ્થિત રહી પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

## સંસ્થાની તમામ પાંખની કેન્દ્રિય સંગઠન મિટીંગ




સંસ્થાના પ્રમુખશ્રી આર.પી. પટેલના અધ્યક્ષ સ્થાને સંસ્થાની તમામ પાંખની કેન્દ્રિય સંગઠનની મિટીંગ વિશ્વ ઉમિયાધામ જાસપુર ખાતે મળી હતી. જેમાં કેન્દ્રિય કમિટીના હોદ્દેદારો, સભ્યશ્રીઓ તેમજ તમામ જીલ્લાના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શરદપૂનમના દિવસે નવચંડી યજ્ઞ




આસો શરદ પૂનમના પવિત્ર દિવસે નવચંડી યજ્ઞના યજમાનશ્રી સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબના સુપુત્ર શ્રી અમિતભાઈ આર. પટેલ (સિલ્વર દાતાશ્રી), પુત્રવધુ ડો. અપેક્ષાબેન એ. પટેલ (ધરતી ગૃપ આઈ ડેન્ટીસ્ટ) તથા સહપરિવાર સાથે લાભ લઈ મા ઉમિયાના કૃપા પાત્ર બન્યા હતા.

## નવીન કાર્યાલય શુભારંભ @ વડોદરા




જગત જનની મા ઉમિયાના આશીર્વાદ અને શ્રી સત્યનારાયણ ભગવાનની કથા સાથે વડોદરામાં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના નવા કાર્યાલયનો શુભારંભ થયો. આ કાર્યાલયથી વડોદરા શહેર જીલ્લા - તાલુકા તથા છેવાડાના ગામ સુધીના પરિવારોને મદદરૂપ થવાના સંકલ્પ સાથે શુભારંભ કરવામાં આવેલ છે. સંસ્થા હંમેશા યુવાનોની ઉન્નતિ અને માતૃશક્તિના સશક્તિકરણ માટે સમર્પિત રહી છે.

# સમાચાર



**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા

## કાંઠા જિલ્લાના મોદી સમાજના અગ્રણી-સભ્યશ્રીઓની મિટીંગ





વિશ્વ ઉમિયાધામ ખાતે શ્રી કાંઠા જિલ્લા મોદી સમાજની મિટીંગનું આયોજન સંસ્થાના પ્રણેતા અને પ્રમુખ શ્રી આર.પી.પટેલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ, જેમાં મંદિર નિર્માણ તેમજ ગાંધીનગર ખાતે કાર્યરત VUF Institute Civil Service (VUFICS) માં ચાલતા શૈક્ષણિક કાર્ય વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. સદર મિટીંગમાં શ્રી કાંઠા જિલ્લા મોદી સમાજના પ્રમુખશ્રી હિતેન્દ્રભાઈ સી. મોદી, હોદ્દેદારશ્રીઓ તેમજ કારોબારી સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મોદી સમાજના પરિવારોએ મા ઉમિયા મંદિર નિર્માણમાં મારૂ ઈંટ દાન માના ચરણોમાં અર્પિત કરી ધન્યતા અનુભવિ હતી.

## માણસા તાલુકા સંગઠન મીટિંગ





સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી આર.પી.પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્થાના ઉપપ્રમુખશ્રી ડી.એન.ગોલના અધ્યક્ષસ્થાને માણસા તાલુકા સંગઠનની મીટિંગ - ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ સંકુલ - માણસા ખાતે મળી. સદર મીટિંગમાં સંસ્થાના દાતા - ટ્રસ્ટીશ્રીઓ, સમાજના આગેવાનશ્રીઓ તેમજ સંગઠનના હોદ્દેદારશ્રીઓની ઉપસ્થિતિમાં મંદિર નિર્માણ, સંસ્થામાં ચાલી રહેલ વિવિધ પ્રવૃત્તિઓ તેમજ સંગઠનની રચના અંતર્ગત ચર્ચા કરવામાં આવી.

## કેન્દ્રિય યુવા સંગઠન મિટીંગ





સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલના અધ્યક્ષસ્થાને કેન્દ્રીય યુવા સંગઠનની મિટીંગ વિશ્વ ઉમિયાધામ ખાતે મળી, સદર મિર્ટીંગમાં આગામી સમયમાં યુવા સંગઠનને વધુ મજબુત બનાવવા અને “મારી ઈંટ માના મંદિરે” અભિયાનને પુરજોશથી ચલાવવા ચર્ચા કરવામાં આવી.

## નવા વર્ષના પ્રથમ દિવસે મા ઉમિયાને અન્નકૂટ ધરાયો





નવા વર્ષના પ્રારંભે વિશ્વ ઉમિયાધામ જાસપુર ખાતે જગત જનની મા ઉમિયાને અન્નકુટ ધરાવેલ જે અન્નકુટના યજમાન શ્રી સંસ્થાના ઉપપ્રમુખશ્રી અને ગોલ્ડ ભામાશા દાતાશ્રી એવા શ્રી પ્રહલાદભાઈ એ. પટેલ (કામેશ્વર) પરિવાર અને મોટી સંખ્યામાં પધારેલ ભાવિક ભક્તોએ જગતજનની મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## વસઈ ગામ ખાતે અભિવાદન સમારોહ યોજાયો



મા ઉમિયાના આશિર્વાદથી શ્રી દિલીપભાઈ પ્રહલાદભાઈ પટેલ, ગામ - વસઈ તા. વિજાપુર જી. મહેસાણા, ૨૫ ગામ કે.પી. સમાજ કે જેઓ અગાઉ રૂ.૫૧ લાખના ગોલ્ડન દાતા બન્યા હતા જેમને એકજ વર્ષમાં પુરેપુરી રકમ જમા કરાવી અને આજે ફરી આપણા સિલ્વર દાતાશ્રી અમિતભાઈ આર. પટેલ - પુત્રશ્રી આર. પી. પટેલ, પ્રમુખશ્રી વિશ્વ ઉમિયાધામની પ્રેરણા અને પ્રયાસથી વસઈ ગામે યોજાયેલા ૨૫ ગામ સમાજની ૧૧૦૦ બહેન-દિકરીઓ અને ૬૦૦ જમાઈઓના અભિવાદન સમારોહ પ્રસંગે સંસ્થાના પ્રમુખ આર. પી. પટેલ, ઉમા પ્રસાદમ કમિટી ચેરમેનશ્રી રસિકભાઈ એ. પટેલ અને ઈનોવેશન ઈનીશીએટીવ કમિટી ચેરમેનશ્રી ભગીરથભાઈની ઉપસ્થિતિમાં રૂ. ૨ કરોડ ૫૧ લાખના ગૌરવંતા ગોલ્ડ પ્લેટિનમ દાતાશ્રી બની મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા છે. તે બદલ સંસ્થા તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## ૨૦૦થી વધુ ટ્રસ્ટી અને હોદ્દેદારશ્રીએ ઊંઝા ઉમિયા માતાજીના દર્શનાર્થે






કરોડો પાટીદારોની આસ્થાના કેન્દ્ર સમા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રણેતા અને પ્રમુખ આર. પી. પટેલ સહિત વિશ્વ ઉમિયાધામની વિવિધ કમિટિના ચેરમેનશ્રીઓ અને હોદ્દેદારશ્રીઓએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા ખાતે જગત જનની મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી. આ પ્રસંગે પ્રતિસાદ આપતા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ આર. પી. પટેલે ઊંઝા સંસ્થાના હોદ્દેદારશ્રીઓનું ભાવભર્યુ સ્વાગત કરી પોતાના આભાર પ્રવચનમાં કહ્યું કે ઉમિયા માતાજી સંસ્થાન એ આપણા સૌની માતૃ સંસ્થા છે અને દર નવા વર્ષે માતાજીના આશીર્વાદ લઈ નવા વર્ષના કામકાજનો શુભારંભ કરીએ તેવા એક સંકલ્પ સાથે આપણે સૌએ તન મન અને ધનથી સમાજના વિકાસના કાર્યોમાં સાથે મળીને સહયોગ કરવાની કટિબદ્ધતા જાહેર કરી. ઊંઝા સંસ્થાનના ટ્રસ્ટી - હોદ્દેદારશ્રી દશરથભાઈ પટેલ (બજરંગ), ખજાનચીશ્રી, અન્ય કમિટીના હોદ્દેદારશ્રીઓ તેમજ સંસ્થાના કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

विश्व उमियाधाम अमदावाद

Vishv UMIYA Foundation

# “મારી ઈંટ મા ના મંદિરે”

## ઈંટદાન અભિયાન

“વીરતા પરમો ધર્મ” અને “એકતા પરમો ધર્મ” ના મંત્રને ઉજાગર કરવાના ભાગરૂપે અમદાવાદમાં રૂા. એક હજાર કરોડના ખર્ચથી સનાતન ધર્મના પ્રતીક અને આસ્થાના કેન્દ્ર સમા જગતજનની મા ઉમિયાના વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ સંસ્થા દ્વારા થઈ રહેલ છે, જેનો પ્રાણ - પ્રતિષ્ઠા મહોત્સવ ડિસેમ્બર ૨૦૨૭ માં ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

સમગ્ર બ્રહ્માંડનું કેન્દ્રબિંદુ એટલે શિવ અને શક્તિ. શિવ એટલે દેવાધિદેવ મહાદેવ અને શક્તિ એટલે મા પાર્વતી, જેનું બીજું નામ મા ઉમિયા, કે જેના નવ સ્વરૂપો અને એકાવન શક્તિ પીઠમાંથી આપણને શક્તિ અને ઊર્જા સતત મળતી રહે છે, ત્યારે “હું સનાતની છું” ના ગૌરવ સાથે પ્રત્યેક સનાતની પરિવારનો દરેક સભ્ય જગતજનની મા ઉમિયા પ્રત્યેની આસ્થા - શ્રધ્ધા સાથે મંદિર નિર્માણના ઈંટદાન અભિયાનમાં “મારી ઈંટ મા ના મંદિરે” અંતર્ગત પોતાનું યોગદાન અર્પિત કરે તેવી લાગણીસભર અપીલ આપશ્રીને કરીએ છીએ.

મિત્રો, વિશ્વ ઉમિયાધામમાં નિર્માણાધીન મા ઉમિયાનું મંદિર પ્રત્યેક સનાતની માટે આસ્થા - એકતાનું પ્રતીક, શિક્ષણ અને આરોગ્યનું ધામ અને યુવા - મહિલા સશક્તિકરણનું કેન્દ્ર છે. જ્યાં ધર્મ - સંસ્કૃતિ અને રાષ્ટ્ર હિતની વિચારધારા કેન્દ્ર સ્થાને છે, તેવા મંદિરનું નિર્માણ હાલ પૂરજોશમાં ચાલી રહેલ છે, જેમાં સહભાગી થઈ મા ઉમિયાના કૃપાપાત્ર બનીએ.

“ધર્મો રક્ષતિ રક્ષિતઃ” મંત્રને યાદ કરીએ - સનાતની એકતા આજની આવશ્યકતા છે.

## મારું ઈંટદાન મા ના ચરણોમાં

એક ઈંટદાન રૂા. ૧૦૦૦/-

બેંક વિગત : A/c. ધી મહેસાણા અર્બન કો.ઓ.બેંક લિ., સાયન્સ સીટી શાખા, અમદાવાદ
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

VISA · mastercard · Google Pay · UPI · PhonePe

**ઓનલાઈન ઈંટદાન માટે VUF એપ્લિકેશન ડાઉનલોડ કરો**

Mob. Play store માં જઈ Vishv Umiya Foundation App Search કરી Install કરો, App ઓપન કરી મોબાઈલ નંબર એડ કરો, મોબાઈલમાં આવેલ OTP દાખલ કરી આપની સંપૂર્ણ વિગત ભરો, ત્યારબાદ મોબાઈલ એપ્લીકેશનમાં બટન પર ક્લિક કરો. ઓપન થયેલ મેનુમાં Collect Donation પર ક્લિક કરો, ત્યારબાદ ઓપન થયેલ QR Code થી પેમેન્ટ કરી શકાશે.

“વિશ્વ ઉમિયાધામ-જાસપુર”, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૭૨૧
+91 72020 80222/333 vuf.org vishvumiyafoundation


UMIYA
VUF INSTITUTE CIVIL SERVICES
અમે STI બન્યા,હવે તમારો વારો
GPSC ની નવી જાહેર થનાર રાજ્ય વેરા નિરીક્ષક 323+ જગ્યા માટે
online & offline
રાજ્ય વેરા નિરીક્ષક
State Tax Inspector, Class-3
નવી
સરદાર
બેચ
DATE: 31-OCT-2025
વિશેષતા
અનુભવી ફેકલ્ટી
ડેઈલી + ફૂલ મોક ટેસ્ટ
પર્સનલ મેન્ટરશીપ
ઓનલાઇન + ઓફલાઇન બેચ
ફેકલ્ટી PDF મટીરીયલ
લાઈબ્રેરી ની સુવિધા
સચોટ આયોજન
60 દિવસ 4 મોડ્યુલ 8 વિષય 120 ડેઈલિ ટેસ્ટ 5 ફૂલ મોક ટેસ્ટ
ANISH SIR
ENVIORMENT/CULTURE
NILESH SIR
ENGLISH
ASHIS SIR
ECONOMY
DEVANG SIR
POLITY/ETHIC/PUB.ADM
KULDIP SIR
SCIENCE&TECH/C.A.
ASHUTOSH SIR
GEOGRAPHY
RUTURAJ SIR
HISTORY/CULTURE
ASHA MA'AM
GUJARATI
UMIYA
VUF INSTITUTE CIVIL SERVICES
અધિકારી બનવાનું સપનું સાકર કરો,વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સાથે
TARGET GPSC 2026 PRELIMS + MAINS BATCH
GPSC
Class 1 & 2 Batch
BATCH STARTS FROM 15-NOV-2025
TIME: 10:00 AM TO 1:00 PM
વિશેષતા
દરેક વિષય માટે એક્સપર્ટ ફેકલ્ટી
વિષયને module અને section માં વિભાજીત કરી prelim + mains ની તૈયારી
ડેઈલિ લેક્ચર ટેસ્ટ
સમયાંતરે અધિકારીશ્રીનું માર્ગદર્શન
500થી વધુ કલાકના તાલીમ વર્ગો
લાઇબ્રેરી અને ડિસ્કશન રૂમ ની સગવડ
FOR ADMISSION
7202080202/558
C/o. Radiant School of Science, Kh-0, Sargasan Gandhinagar - 382421, Gujarat.

Registered Under "R.N.I. No. GUJGUJ/2023/84401" Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721


siban
Residential & Retail Spaces
At GIFT City
www.gujrera.gujarat.gov.in/MAA14625


સંજયભાઈ પટેલ
(વિસલપુર)

Sales executives
+91 99743 52727


THE CITADEL
COMMANDING THE CITYSCAPE
RETAIL AND OFFICE SPACES
AT ISCON AMBLI ROAD
PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229
GUJRERA.GUJARAT.GOV.IN